Prabhat-Ahmedabad * RNI No. 1815/57

# પ્રભાત

PRABHAT ★★ AHMEDABAD

તંત્રી : આશિષ કોઠારી ● Dt. : 17-2-2021 ● Wednesday ● Samvat : 2077 ● Maha Sud : 6 ● Vol : 91 ● No. : 46 ● Page : 8 ● Price : 1.50

: સમાચાર / જાહેરાત માટે સંપર્ક :
પ્રભાત દૈનિક
અમદાવાદ કાર્યાલય
૭૦૪, આદિત્ય, મીઠાખળી છ રસ્તા,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન: ૦૭૯-૨૬૪૦ ૪૯૮૮, ૪૦૦૫૧૨૪૯
ફેક્સ: ૨૬૪૦ ૮૬૩૧
e-mail : news@theprabhat.com

# ચીન ઝૂક્યું, પેન્ગોગના ઉત્તર કિનારાથી તંબૂ-બંકર ઉખાડ્યા



નવી દિલ્હી,તા.૧૬
પૂર્વ લદાખના પેન્ગોગ સો લેકના ઉત્તર અને દક્ષિણ કિનારાઓથી ભારત અને ચીનની સેનાઓની વાપસી પ્રક્રિયા યોજના મુજબ ચાલી રહી છે અને આગામી ૬થી ૭ દિવસમાં વાપસીની પ્રક્રિયા પૂરી થવાની આશા છે. આ જાણકારી રક્ષા સૂત્રોએ આપી છે. સૂત્રોએ કહ્યું કે ચીનની પીપલ્સ લિબરેશન આર્મીએ અનેક બંકર, અસ્થાયી ચોકીઓ અને અન્ય માળખાને ઉત્તર કિનારા વિસ્તારમાંથી હટાવી દીધા છે અને ક્ષેત્રમાં પોતાના સૈનિકોની સંખ્યા ધીમે-ધીમે ઓછી કરી રહી છે. તેઓએ જણાવ્યું કે બંને પક્ષોના ફિલ્ડ કમાન્ડર લગભગ રોજ બેઠક કરે છે જેથી વાપસીની પ્રક્રિયાને આગળ વધારી શકાય, જેને નવ ચરણની ઉચ્ચ સ્તરીય સૈન્ય મંત્રણા બાદ ગત સપ્તાહે અંતિમ રૂપ આપવામાં આવ્યું હતું. રક્ષા મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું કે, પેન્ગોગ લેકના ઉત્તર અને દક્ષિણ કિનારાઓથી વાપસીની પ્રક્રિયાને પૂરી થવામાં લગભગ એક સપ્તાહનો સમય લાગશે અને બંને પક્ષ સૈનિકો અને ઉપકરણોની વાપસી પ્રક્રિયાનું સત્યાપન કરી રહ્યા છે. નવ મહિનાના ગતિરોધ બાદ બંને દેશની

## સૈનિકોની સંખ્યા ધીમે-ધીમે ઓછી કરતો પાડોશી દેશ

સેનાઓ પેન્ગોગ લેકના ઉત્તર અને દક્ષિણ કિનારાથી વાપસી પર સહમત થયા જે મુજબ બંને પક્ષોને ચરણબદ્ધ, સમન્વિત અને સત્યાપિત રીતે સેનાઓને અગ્રિમ મોરચાથી હટાવવાની છે. વાપસીની પ્રક્રિયા ગત બુધવારથી શરૂ થઈ હતી. રક્ષા મંત્રી રાજનાથ સિંહએ ગત ગુરુવારે સંસદમાં વાપસી સમજૂતી પર વિસ્તૃત નિવેદન આપ્યું હતું. રાજનાથ સિંહે એલાન કર્યું કે ભારત-ચીનની વચ્ચે પેન્ગોગ લેકની પાસે વિવાદ પર સમજૂતી થઈ ગઈ છે અને બંને દેશની સેનાઓ પોતાના સૈનિકોને પાછળ હટાવશે. રક્ષા મંત્રીએ એલાન કર્યું હતું કે ભારત અને ચીન બંનેએ નક્કી કર્યું છે કે એપ્રિલ ૨૦૨૦ પહેલાની સ્થિતિને લાગુ કરવામાં આવશે, જે નિર્માણ અત્યાર સુધીમાં કરવામાં

(અનુસંધાન ૭માં પાને)

## ઉત્તર-દક્ષિણ કિનારાઓથી વાપસીની પ્રક્રિયાને પૂરી થવામાં સપ્તાહનો સમય લાગશે અને બંને પક્ષ ઉપકરણોની વાપસી પ્રક્રિયાનું સત્યાપન કરી રહ્યા છે



નવી દિલ્હીમાં ૬૨ કેન્ટોનમેન્ટ બોર્ડના રહેવાસીઓને ઓનલાઇન નાગરિક સેવાઓ પ્રદાન કરનારી ઇ-છાવણી પોર્ટલ અને મોબાઇલ એપ્લિકેશનના લોકાર્પણ સમયે સીડીએસ જનરલ બિપિન રાવત અને સંરક્ષણ સચિવ અજય કુમાર સાથે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ

## નવા કૃષિ કાયદા દ્વારા નાના ખેડૂતોને લાભ થશે:પીએમ

(જી.એન.એસ.)
લખનઉ,તા.૧૬
વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે ઉત્તરપ્રદેશના બહરાઇચમાં મહારાજા સુહેલદેવ મેમોરિયલનો શિલાન્યાસ કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંબોધન કરતાં કહ્યું હતું કે આજે વસંતપંચમીનો શુભ દિવસ છે, આવી સ્થિતિમાં મારી પ્રાર્થના છે કે દરેક દેશવાસીઓને માતા સરસ્વતીના આશીર્વાદ મળે. મહારાજા સુહેલદેવના નામે જે મેડિકલ કોલેજ બની છે એનાથી લોકોને લાભ થશે. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે ભારતનો ઈતિહાસ એ નથી જેણે દેશને ગુલામ બનાવ્યો અને ગુલામીની માનસિકતા સાથે લખનારાઓએ લખ્યું, ભારતનો ઈતિહાસ એ પણ છે જે દેશના સામાન્ય માણસે લખ્યું છે.

ભારતના ઘણા નાયકો અને નાયિકાઓને ઈતિહાસમાં ક્યારેય સ્થાન આપવામાં આવ્યું નથી, જેમને ક્યારેય તેમનું સન્માન આપવામાં આવ્યું ન હતું, એને આજનું ભારત સુધારી રહ્યું છે. વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું હતું કે નેતાજી સુભાષચંદ્ર બોઝ આઝાદ હિન્દ ભારતના પ્રથમ વડાપ્રધાન હતા, આઝાદ હિન્દ ફૌજને ક્યારેય પણ એટલું સન્માન આપવામાં આવ્યું નહીં. દેશનાં ૫૦૦થી વધુ રજવાડાંને એક કરનાર સરદાર વલ્લભભાઇ પટેલ સાથે શું થયું, એ બધા જ જાણે છે. અમારી સરકારે સરદાર પટેલની સૌથી ઊંચી પ્રતિમા બનાવી.

વડાપ્રધાન મોદીએ સંબોધન કરતાં જણાવ્યું હતું કે નવા કૃષિ કાયદા દ્વારા નાના ખેડૂતોને લાભ થશે, સાથે સાથે ખેડૂતોને લાભ થવાની શરૂઆત પણ થઈ ગઈ છે. કૃષિ કાયદાઓને લઈને ઘણા પ્રકારનો પ્રચાર કરવામાં આવ્યો, જેમણે વિદેશી કંપનીઓ માટે માર્ગ ખોલ્યો, તેઓ સ્થાનિક કંપનીઓને ડરાવી રહ્યા છે.

### જામના કારણે બસને અન્ય રૂટ પર ડાઈવર્ટ કરવામાં આવી હતી

## મધ્યપ્રદેશમાં ૫૪ મુસાફરો ભરેલી બસ કેનાલમાં ખાબકતા ૪૨ના મોત નિપજયા



ભોપાલ, તા. ૧૬
મધ્યપ્રદેશના સીધીમાં મોટી દુર્ઘટના બની છે. અકસ્માતમાં ૩૮ લોકોના શબ મળ્યા છે. મૃતકોની સંખ્યામાં વધારો થવાની આશંકા. શિવરાજસિંહ ચૌહાણે અકસ્માતની ઘટના બાદ પોતાના તમામ કાર્યક્રમ રદ કરી દીધા છે. મૃતકોના પરિવારજનોને પાંચ લાખ રુપિયા વળતર આપવાની જાહેરાત પણ કરવામાં આવી છે. આ બસમાં મોટાભાગના વિદ્યાર્થીઓ સવાર હતા અને તેઓ પરીક્ષા આપવા માટે જઈ રહ્યા હતા. દુર્ઘટનાની તપાસના આદેશ અપાયા છે.

બસમાં સવાર મોટાભાગના મુસાફરો નર્સિંગના વિદ્યાર્થી હતા. તમામ લોકો સીધીથી સતના પરીક્ષા આપવા માટે જઈ રહ્યા હતા. પરંતુ બસ અકસ્માતમાં મોટાભાગના વિદ્યાર્થીઓએ જીવ ગુમાવ્યો છે. રીવા ઝોનના અધિકારીઓ અને પોલીસની ટીમ ઘટના સ્થળ પર પહોંચી છે. સ્થાનિક વહીવટી તંત્ર પાસે એવી કોઈ માહિતી નથી કે બસમાં કેટલા લોકો સવાર હતા. સ્થાનિકોનો એવો પણ આક્ષેપ છે કે રેસ્ક્યુ ઓપરેશન શરુ કરવામાં મોડું થયું છે.

પરિવહન મંત્રી ગોવિંદે કહ્યું છે કે, બસની પરમિટ રદ કરી દેવાઈ હતી. બસમાં સવાર મોટાભાગના વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા માટે

(અનુસંધાન ૭માં પાને)

## મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર ત્રણ ગાડી ટકરાતાં ૫નાં મોત

મુંબઈ,તા.૧૬
મહારાષ્ટ્રમાં મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર અનેક વાહનોની વચ્ચે ટક્કર થતાં પાંચ લોકોનાં મોત થયા છે અને ઓછામાં ઓછા પાંચ લોકો ઘાયલ થયા છે. ઘાયલોને હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. મળતી જાણકારી મુજબ, મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર મંગળવારે પરોડે ત્રણ ગાડીઓ પરસ્પર ટકરાઈ ગઈ. ગાડીઓ એકબીજા સાથે ટકરાઈ તેનું પાછળનું કારણ હજુ સામે નથી આવ્યું. રિપોર્ટ મુજબ એક ઓવરસ્પીડ ટ્રક ચાલક દ્વારા પોતાના વાહન પર નિયંત્રણ ગુમાવ્યા બાદ આ ભીષણ દુર્ઘટના સર્જાઈ હતી. મળતી માહિતી મુજબ, સૌથી પહેલા વાહને ટેમ્પોને ટક્કર મારી જે પલટી ગઈ અને બંને વાહન લેનની વચ્ચે ખોદવામાં આવેલા એક ખાડામાં ફસાઈ ગયા. બાદમાં ટ્રકે બે અન્ય કારોને ટક્કર મારી. દુર્ઘટનાનો ભોગ બનેલા બે અલગ-અલગ વાહનોમાં સવાર ત્રણ મહિલાઓ અને ટ્રકચાલકનું પણ મોત થયું છે. અકસ્માતની ઘટના બાદ તરત જ એમ્બ્યૂલન્સ, હાઈવેની ટીમ અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ. મૃતકોને ખોપોલી ગ્રામ્ય હૉસ્પિટલ લઈ જવામાં આવ્યા છે અને ઘાયલોને મુંબઈ લઈ જવામાં આવ્યા છે. દુર્ઘટનામાં વાહનો ક્ષતિગ્રસ્ત થઈ ગયા છે. પોલીસ અને રાહત-બચાવ કર્મીઓએ આ દરમિયાન વાહન હટાવવા અને ટ્રાફિકને ફરી ચાલુ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, સોમવારે મહારાષ્ટ્રના જલગાંવમાં એક દર્દનાક માર્ગ અકસ્માતમાં ૧૫ શ્રમિકોનાં મોત થયા હતા. જલગાંવના યાવલની પાસે પપૈયાથી ભરેલી ટ્રક પલટી ગઈ, જેના કારણે આ કરૂણ ઘટના બની

(અનુસંધાન ૭માં પાને)

## વર્કપ્લેસ માટે નવી ગાઈડલાઈન્સ જાહેર

(જી.એન.એસ.)
નવી દિલ્હી, તા.૧૬
યુનિયન હેલ્થ મિનિસ્ટ્રીએ ઓફિસ અથવા વર્કપ્લેસ વિશે નવી એસઓપી જાહેર કરી છે. એમાં જણાવ્યા પ્રમાણે, જો કોઈ ઓફિસમાં કોરોનાના કેસ મળે છે તો એ એરિયાને ડિસઈન્ફેક્ટેડ કર્યા પછી ફરી કામ શરૂ કરી શકાય છે. એના માટે આખા બિલ્ડિંગને બંધ કે સીલ કરવાની જરૂર નહીં પડે. મિનિસ્ટ્રીના જણાવ્યા પ્રમાણે, કોઈ ઓફિસમાં ૧ કે ૨ કેસ મળે છે તો ડિસઈન્ફેક્શનની પ્રોસેસ માત્ર એ જગ્યાએ હશે, જ્યાં દર્દી છેલ્લા ૪૮ કલાકમાં હાજર રહ્યો હોય. ત્યાર પછી પ્રોટોકોલના હિસાબથી કામ ફરીથી શરૂ કરી શકાય છે. જો વર્કપ્લેસ પર મોટી સંખ્યામાં કોરોનાના કેસ સામે આવે છે, તો આખા બ્લોક અથવા બિલ્ડિંગને ડિસઈન્ફેક્ટેડ કરવું જોઈએ.

ગાઈડલાઈન્સમાં કહેવામાં આવ્યું છે કે કન્ટેન્ટમેન્ટ ઝોનમાં મેડિકલ અને જરૂર સર્વિસને બાદ કરતાં તમામ ઓફિસ બંધ રહેશે. માત્ર કન્ટેન્મેન્ટ ઝોનથી બહાર ઓફિસ ખોલવાની મંજૂરી હશે. જ્યાં સુધી શક્ય હોય, તમામ મીટિંગ્સ વીડિયો-કોન્ફરન્સ દ્વારા જ કરવી જોઈએ. વધુ લોકોના એકસાથે ભેગા થવા પર પ્રતિબંધ યથાવત્ રહેશે. કન્ટેન્મેન્ટ ઝોનમાં રહેતા અધિકારી અને સ્ટાફે તેમના મેનેજરને આ અંગેની જાણ

(અનુસંધાન ૭માં પાને)

## જમ્મુ-કાશ્મીરનો ૨૭ વર્ષ બાદ રાજ્યસભામાં સભ્ય નથી

નવી દિલ્હી, તા. ૧૬
સંસદના ઉપલા ગૃહ રાજ્યસભામાં ૨૭ વર્ષ બાદ ફરીથી કોઈ પણ સભ્યો જમ્મુ કાશ્મીરમાંથી નથી. આવું પહેલીવાર નથી થયું અગાઉ ત્રણ વખત આવી સ્થિતિ આવી છે. હાલમાં જ જમ્મુ કાશ્મીરના ચાર સભ્યોનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ આ સ્થિતિ સર્જાઈ છે. રાજ્યસભામાં આ પ્રકારની સ્થિતિ અન્ય રાજ્યો સાથે પણ થઈ ચુકી છે.

રાજ્યસભામાં જે ચાર સભ્યોનો કાર્યકાળ હાલમાં પૂર્ણ થયો છે તેમાં પીડીપી પાર્ટીના મીર મહમ્મદ ફયાઝ અને નિયાઝ અહમદ, કોંગ્રેસના ગુલામ નબી આઝાદ અને ભાજપના શમશેર સિંહ સામેલ છે. જોકે આ પહેલા વર્ષ ૧૯૯૪ અને ૧૯૯૬માં પણ રાજ્યસભામાં જમ્મુ કાશ્મીરના કોઈ પ્રતિનિધિ નહોતા.

ઉલ્લેખનિય છે કે, ૨૧ નવેમ્બર ૨૦૧૮ના જમ્મુ કાશ્મીરની એસેમ્બલીને ગવર્નરે ભંગ કરી દીધી હતી. તે બાદ ત્યાં ૬ મહિનાની અંદર વિધાનસભાની ચૂંટણી યોજવાની હતી પરંતુ કેટલાંક કારણોના લીધે એવું થઈ શક્યું નહી. તેનું એક મોટું કારણ વિધાનસભાના ક્ષેત્રોમાં થયેલા ફેરફાર છે. ડિલિમિટેશન થયા બાદ ત્યાં ચૂંટણી યોજવી શક્ય છે. જ્યારે લદ્દાખ એક નવો કેન્દ્રશાસિત પ્રદેશ છે તો ત્યાં પર પણ નવી વિધાનસભાનું ગઠન કરવાનું છે. હાલ બંન્ને જ જગ્યાઓ પર એસેમ્બલીની ગેરહાજરીના કારણ ત્યાં રાજ્યસભાના સભ્યો ચૂંટવા માટે પુરતો આધાર નથી. તેથી કેટલાંક સમય માટે દેશની સંસદનું ઉપલાગૃહ આ બંન્ને રાજ્યોના પ્રતિનિધિઓથી વંચિત રહેશે.

## કિશોરી પર દુષ્કર્મ કરી સગર્ભા કરનાર આચાર્યને ફાંસીની સજા

પટણા, તા. ૧૬
એક ખાનગી સ્કૂલના પ્રિન્સિપાલને ૧૧ વર્ષની છોકરી પર વારંવાર દુષ્કર્મ ગુજારી તેને પ્રેગનેન્ટ કરી દેવાના આરોપમાં કસૂરવાર ઠેરવી કોર્ટે ફાંસીની સજા ફટકારી છે. ભોગ બનનારી બાળકીના પિતા મજૂરીનું કામ કરે છે, અને તેની કપરી આર્થિક સ્થિતિને જોતાં કોર્ટે પિડિતાને ૧૫ લાખ રુપિયા વળતર આપવાનો પણ હુકમ કર્યો છે.

આ કેસમાં પટણા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ અવધેશ કુમારની સ્પેશિયલ કોર્ટે ગુનેગાર ઠરેલા પ્રિન્સિપાલ અરવિંદ કુમાર ઉર્ફે રાજ સિંઘાનિયા (ઉ. ૩૧ વર્ષ)ને એક લાખ રુપિયા દંડ પણ ફટકાર્યો છે. કોર્ટે મુખ્ય આરોપીને મદદ કરનારા શિક્ષક અભિષેક કુમાર (ઉ. ૨૯ વર્ષ)ને પણ આજીવન કેદની સજા ફટકારી તેને ૫૦ હજારનો દંડ પણ કર્યો છે. દંડની રકમ પિડિતાને આપવા માટે કોર્ટે જણાવ્યું છે.

પ્રિન્સિપાલ અરવિંદ પોતે જ પટણામાં આવેલી ખાનગી સ્કૂલનો માલિક હતો. તેણે જુલાઈથી ઓગષ્ટ ૨૦૧૮ દરમિયાન તેની જ સ્કૂલમાં ભણતી ૧૧ વર્ષની છોકરીને પોતાની હવસનો શિકાર બનાવી હતી. તેણે આચરેલા કૃત્યની ગંભીરતા જોતાં કોર્ટે જણાવ્યું હતું કે આરોપીને આ મામલે ફાંસીથી ઓછી કોઈ સજા ના થઈ શકે.

સરકારી વકીલ સુરેશ ચંદ્ર પ્રસાદના જણાવ્યા અનુસાર, અવારનવાર રેપ થયા બાદ એકવાર પિડિતાની તબિયત બગડી હતી. તેને અચાનક ઉલ્ટીઓ થવા લાગતા તેના માતા-પિતા તેને ડૉક્ટર પાસે લઈ ગયા હતા, જ્યાં તે પ્રેગનેન્ટ હોવાનું ખૂલ્યું હતું. ૧૧ વર્ષની છોકરી પ્રેગનેન્ટ છે તે જાણી તેના મા-બાપના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. આખરે છોકરીએ આ અંગે બધી વાત કરતાં તેમણે પ્રિન્સિપાલ અને એક શિક્ષક વિરુદ્ધ ફરિયાદ કરતા સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ બંનેની ધરપકડ કરાઈ હતી.કોર્ટમાં રજૂ કરવામાં

(અનુસંધાન ૭માં પાને)

## દુનિયાભરના લોકોને લાગશે ભારતની રસી, WHOએ આપી ઈમરજન્સી મંજૂરી

(જી.એન.એસ.)
જીનીવા,તા.૧૬
ભારતમાં સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા બનાવવામાં આવેલી કોરોના રસી કોવિશિલ્ડનો ઉપયોગ હવે વિશ્વભરમાં કરવામાં આવશે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનએ ઓક્સફર્ડ અને એસ્ટ્રાઝેનેકા દ્વારા વિકસિત કરેલી બે કોવીડ-૧૯ રસીના ઈમરજન્સી ઉપયોગને મંજૂરી આપી છે. તેમા સીરમ સંસ્થાની રસી ઉપરાંત, દક્ષિણ કોરિયાની એસ્ટ્રાઝેનેકા-એસકેબાયોની રસી સામેલ છે. ડબ્લ્યુએચઓએ જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યું છે કે, ઓક્સફોર્ડ-એસ્ટ્રેજેનેકાની વેક્સીનને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી દેવામાં આવી છે જેથી વિશ્વભરમાં રસીકરણને આગળ વધારી શકાય. તેની સાથે હુંના પ્રમુખે એમ પણ કહ્યું કે, કોરોના રસીના ઉત્પાદનમાં ગતી આવવી જોઈએ. રસીને મંજુરી આપ્યાના એક દિવસ પહેલા યુ.એન.ની આરોગ્ય એજન્સીની એક પેનલે રસી વિશે વચગાળાની ભલામણ કરી હતી, જેમાં જણાવ્યું હતું કે, તમામ પુખ્ત વયના લોકોએ રસીના બે ડોઝ ૮-૧૨ અઠવાડિયાના ગાળામાં આપી દેવા જોઈએ. ગયા વર્ષે ડિસેમ્બરમાં ડબ્લ્યુએચઓએ કટોકટીના ઉપયોગ માટે ફાઇઝરની કોરોના રસીને મંજૂરી આપી હતી. તમને જણાવી દઈએ કે, ઓક્સફર્ડ-એસ્ટ્રાઝેનેકાની કોરોના રસી ફાઇઝરની રસી કરતા ઘણી સસ્તી છે.

ડબ્લ્યુએચઓએ તેના નિવેદનમાં કહ્યું છે કે, ઓક્સફર્ડ-

(અનુસંધાન ૭માં પાને)

## ચીનના વુહાનથી જ કોરોના વાઈરસ ફેલાયો હોવાનો WHOના રિપોર્ટમાં દાવો

(જી.એન.એસ.)
જીનીવા,તા.૧૬
કોરોનાનો વાઈરસ ક્યાંથી ફેલાયો તેની તપાસ કરવા ગયેલી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની સમિતિને કોરોનાનો જીવલેણ વાઈરસ ચીનનાં વુહાનથી જ ફેલાયો હોવાનાં નક્કર પૂરાવા મળ્યા છે. હુંનાં રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ડિસેમ્બર ૨૦૧૯માં આખી દુનિયામાં ફેલાયેલો કોરોના વાઈરસ ચીનનાં વુહાનથી જ ફેલાયો હતો. ચીને અત્યાર સુધી જેની તપાસ જ કરવા નથી દીધી તેવા હજારો બ્લડ સેમ્પલ્સ તત્કાળ ઉપલબ્ધ કરાવવા ચીનનાં સત્તાવાળાઓને તાકીદ કરાઈ છે. હુંટીમનાં મુખ્ય તપાસકર્તા પીટર બેન એમ્બાર્કે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, અમને વુહાનથી જ મોટાપાયે વાઈરસ ફેલાયો હોવાના પૂરાવા અને સંકેતો મળ્યા છે. વુહાનમાં કોરોનાનાં સૌથી વધુ વાઈરસ હતા અને ધારણા કરતા કોરોનાનો કહેર ૫૦૦ ટકા વધારે હતો. ડિસેમ્બર ૨૦૧૯માં વુહાનમાં પહેલેથી જ કોરોનાનાં અનેક સ્ટ્રેન અસ્તિત્વમાં હતા. તપાસ ટીમનાં સભ્ય પીટર બેન ઈમબરેકે કહ્યું હતું કે, વુહાનમાં કોરોના વાઈરસે ધારણા કરતા ૫૦૦ ટકા વધુ કહેર મચાવ્યો હતો.

વુહાનમાં ડિસેમ્બરમાં જ વાઈરસ ફેલાવાનું શરૂ થઈ ગયું હતું. ડિસેમ્બરમાં વુહાનમાં કોરોનાનાં ૧૭૪ કેસ હતા. કોરોના વાઈરસનાં ૧૩ અલગ અલગ જિનેટિક સિકવન્સ જોવા મળ્યા હતા. WHOની ટીમ દ્વારા ટૂંક સમયમાં જ તેનો પ્રારંભિક રિપોર્ટ રજૂ

(અનુસંધાન ૭માં પાને)

## મહારાષ્ટ્રમાં કોરોના કેસ વધતા મેયરે આપી લોકડાઉનની ચીમકી

(જી.એન.એસ.)
મુંબઈ,તા.૧૬
મહારાષ્ટ્રમાં ૪૨ દિવસ બાદ ફરી એક વખત કોરોના વાઈરસના કેસની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. અત્યારે મહારાષ્ટ્રમાં કોરોનાના ૩થી ૪ હજાર કેસ સામે આવવા લાગ્યા છે. મુંબઈમાં પણ સ્થિતિ બગડી રહી છે. આ સંજોગોમાં બીએમસીના મેયર કિશોરી પેડનેકરે જણાવ્યું છે કે જો લોગો કોવિડ-૧૯ને લગતા નિયમોનું પાલન નહીં કરે તો મુંબઈમાં ફરી વખત લોકડાઉન લાગૂ કરવામાંઆવી શકે છે. તેમણે કહ્યું કે ટ્રેનમાં મુસાફરી કરી રહેલા લોકો માસ્ક પહેરતા નથી, જે એક ચિંતાની બાબત છે. લોકો કોરોનાને લગતી સાવચેતી દાખવે અન્યથા શહેરમાં ફરી વખત લોકડાઉન લાગૂ કરવામાં આવી શકે છે.

મહારાષ્ટ્રમાં રવિવારે કોરોના વાઈરસના ૪,૦૯૨ નવા કેસ આવ્યા હતા. જયારે ૪૦ સંક્રમિતોના મૃત્યુ થયા હતા. સ્વાસ્થ્ય વિભાગે જણાવ્યું કે રાજયમાં સંક્રમણના કુલ કેસ ૨૦,૬૪,૨૭૮ થઈ ગયા છે, જ્યારે મૃત્યુઆંક ૫૧,૫૨૯ થયો છે. દેશમાં કોવિડ-૧૯ વૈશ્વિક મહામારીની સ્થિતિને લઈ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય અને આઈસીએમઆરએ એક પત્રકાર પરિષદનું આયોજન કર્યું હતું. અહીં જાણકારી આપવામાં આવી છે કે દેશમાં કોરોનાના UK સ્ટ્રેનથી સંક્રમિત ૧૮૭ કેસ છે અને ૨૪

(અનુસંધાન ૭માં પાને)



# કોટનના વાયદાના ભાવમાં રૂ.૫૦નો સુધારોઃ ઓપન ઈન્ટરેસ્ટ ૨,૩૫,૫૦૦ ગાંસડીના સ્તરે

## સોના-ચાંદીના વાયદાના ભાવમાં સીમિત રેન્જમાં વૃદ્ધિઃ ક્રૂડ તેલ ઢીલુંઃ કપાસ, રબરના વાયદા વધ્યાઃ મેન્થા તેલ ઘટ્યુંઃ પ્રથમ સત્રમાં રૂ.૧૧૦૦૬ કરોડનું ટર્નઓવર

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૭૦૧૦૭ સોદામાં રૂ.૧૧૦૦૬.૨૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સીમિત રેન્જમાં વૃદ્ધિ હતી. એલ્યુમિનિયમ સિવાયની તમામ બિનલોહ ધાતુઓ ઘટી આવી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ ઢીલું હતું, જ્યારે નેચરલ ગેસ વધીને ટ્રેડ થઈ રહ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન)ના વાયદાના ભાવમાં ગાંસડીદીઠ રૂ.૫૦ના સુધારા સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૨,૩૫,૫૦૦ ગાંસડીના સ્તરે પહોંચ્યો હતો. કપાસ અને રબરના વાયદા વધવા સામે મેન્થા તેલ ઘટ્યું હતું. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૯૬૦૨૧ સોદાઓમાં રૂ.૫૧૬૫.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭૪૦૯ ખૂલી, ઊપરમાં રૂ.૪૭૪૮૦ અને નીચામાં રૂ.૪૭૩૪૧ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૫૬ વધીને રૂ.૪૭૩૯૭ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૯ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૭૯૬૯ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૮ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૭૧૧ થયા હતા, જ્યારે સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૪ વધીને બંધમાં રૂ.૪૭૨૬૨ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૭૦૫૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૦૮૬૪ અને નીચામાં રૂ.૭૦૦૬૫ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૭૯ વધીને રૂ.૭૦૩૦૮ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૧૯૬ વધીને રૂ.૭૦૨૫૪ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૨૦૦ વધીને રૂ.૭૦૨૨૨ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૩૮૯૩ સોદાઓમાં રૂ.૨૭૬૬.૦૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૩૭૧ ખૂલી, ઊપરમાં રૂ.૪૩૮૭ અને નીચામાં રૂ.૪૩૩૩ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૯ ઘટીને રૂ.૪૩૫૦ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૫૯૫ સોદાઓમાં કુલ રૂ.૩૬૫.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ફેબ્રુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૫૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૫૯૦ અને નીચામાં રૂ.૨૧૪૮૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૦ વધીને રૂ.૨૧૪૯૦ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧૦૩૨.૨ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૨.૭ વધીને બંધમાં રૂ.૧૦૩૩ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૬૬ ખૂલી, ઊપરમાં રૂ.૯૬૬ અને નીચામાં રૂ.૯૪૨.૫ રહી, અંતે રૂ.૯૫૨.૫ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૪૧ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૪૨ અને નીચામાં રૂ.૧૨૩૯ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૬ વધીને રૂ.૧૨૪૦.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૫૪૨૫ સોદાઓમાં કુલ રૂ.૨૦૪૪.૯૯ કરોડ ની કીમતનાં ૪૩૧૫.૩૮૭ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૮૦૫૯૬ સોદાઓમાં કુલ રૂ.૩૧૨૦.૧૨ કરોડ ની કીમતનાં ૪૪૨.૭૬૩ ટન, ક્રૂડ તેલમાં ૧૦૬૮૦ સોદાઓમાં રૂ.૭૩૨.૫૩ કરોડનાં ૧૬૮૦૧૦૦ બેરલ્સ, કોટનમાં ૮૧૧ સોદાઓમાં રૂ.૯૯.૩૩ કરોડનાં ૪૫૮૫૦ ગાંસડી, સીપીઓમાં ૧૬૭૭ સોદાઓમાં રૂ.૨૫૯.૭૬ કરોડનાં ૨૫૩૪૦ ટન, મેન્થા તેલમાં ૪૩ સોદાઓમાં રૂ.૪.૭૭ કરોડનાં ૪૯.૬૮ ટન, કપાસમાં ૮ સોદાઓમાં રૂ.૨૪.૮૧ લાખનાં ૪૦ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૭૧૦૧.૬૨૫ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૮૬.૩૬૧ ટન, ક્રૂડ તેલમાં ૪૪૬૨ બેરલ્સ, કોટનમાં ૨૩૫૫૦૦ ગાંસડી, સીપીઓમાં ૧૨૭૯૨૦ ટન, મેન્થા તેલમાં ૯૩.૯૬ ટન અને કપાસમાં ૨૫૬ ટનના સ્તરે રહ્યો હતો. સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો માર્ચ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૮ ખૂલી, ઊપરમાં રૂ.૧૭૦ અને નીચામાં રૂ.૧૬૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૬૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૭૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો માર્ચ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૮૦.૫ ખૂલી, ઊપરમાં રૂ.૬૯૯.૫ અને નીચામાં રૂ.૬૨૩.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૫૦ બંધ રહ્યો હતો. ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૭૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૩૬૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૩૦ અને નીચામાં રૂ.૨૬૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૮૮.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૬૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૮૦૦ અને નીચામાં રૂ.૫૯૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૨૫.૫ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૪૪૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૮ અને નીચામાં રૂ.૨૫.૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૦.૨ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૩૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૨૫.૮ ખૂલી, ઊપરમાં રૂ.૩૫ અને નીચામાં રૂ.૨૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૮.૬ બંધ રહ્યો હતો.

# દિલ્હી મેટ્રો સંપૂર્ણપણે કેશલેસ અને ટચ ફ્રી થશે

નવી દિલ્હી,તા.૧૬

દિલ્હી મેટ્રોમાં યાત્રા કરતા મુસાફરોને જલ્દી જ એક મોટી ગિફ્ટ મળવા જઈ રહી છે. ડીએમઆરસી ટૂંક સમયમાં જ કેશલેસ બનશે, એટલે કે મુસાફરો ટચલેસ ક્યૂ આર કોડ દ્વારા મુસાફરી કરશે. મુસાફરોના ભાડા ચુકવણીની સુવિધા માટે દિલ્હી મેટ્રોના તમામ સ્ટેશનો પર ઓટોમેટિક ફેયર કલેક્શન ગેટને અપગ્રેડ કરવામાં આવી રહ્યો છે, ત્યારબાદ મેટ્રોના મુસાફરોને કેશલેસ મુસાફરીની સુવિધા મળવાનું શરૂ થઈ જશે. દેશભરમાં ફેલાયેલા રોગચાળા વચ્ચે ડીએમઆરસીએ આ સુવિધા શરૂ કરવાની યોજના બનાવી હતી. આ સિવાય ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા માટે ક્વિક રિસ્પોન્સ કોડની સુવિધા લાવવામાં આવી છે. તમને જણાવી દઈએ કે ઊઇ કોડમાંથી પેમેન્ટનો ઉપયોગ ફક્ત દિલ્હી એરપોર્ટ એક્સપ્રેસ લાઇન પર થઈ રહ્યો છે. આ લાઇન પર મુસાફરી કરનારા મુસાફરો ટિકિટના પૈસાના પેમેન્ટ માટે કોઈપણ એપ્લિકેશનમાંથી ક્યૂઆર કોડ સ્કેન કરી શકે છે. આ સિવાય આ લાઇન પર મેટ્રો નેશનલ કોમન મોબિલીટી કાર્ડનો ઉપયોગ કરવાની સુવિધા પણ આપવામાં આવી છે. અહેવાલ મુજબ, તમને જણાવી દઈએ કે ક્યુઆર કોડ સિસ્ટમ દિલ્હી મેટ્રોના નવ કોરિડોર પર ઉપલબ્ધ થશે, જે ૩૧૪ કિલોમીટર અને ૨૪૫ સ્ટેશનોમાં ફેલાયેલ છે. ડીએમઆરસીની સરેરાશ દૈનિક મુસાફરોની સંખ્યા ૨.૮૬ મિલિયન છે અને તેણે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૦૦ કરોડ રાઈડર્સ સેવા આપી છે.

ડીએમઆરસીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અનુજ દયાલના જણાવ્યા અનુસાર, ડીએમઆરસીએ ક્યુઆર કોડ લાગુ કરવા, ઈએમવી અપગ્રેડ કરવા અને રૂપિયા આધારિત ટિકિટિંગ માટે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટને નિમંત્રીત કર્યું છે.

ડીએમઆરસી અનુસાર, એએફસી સિસ્ટમ વિકસિત થઈ છે, તેને અપગ્રેડ કરવાની જરૂરીયાત છે. અધિકારીઓનું કહેવું છે કે મુસાફરો ૨૩ બેંકો દ્વારા જારી કરાયેલા રૂપે કાર્ડનો ઉપયોગ કરી શકશે. ક્યુઆર કોડ સિસ્ટમનો ઉપયોગ કરવા માટે મુસાફરોએ તેમના મોબાઈલમાં એપ્લિકેશન ડાઉનલોડ કરવી પડશે અને તેમાં રજીસ્ટર કરવું પડશે. અહીં તમારે તમારું મેઈલ આઈડી દાખલ કરવું પડશે.

## ગુગલ ફ્રાન્સને ૧૨૧ ન્યુઝપેરોને ૫૫૧ કરોડ રૂપિયા ચૂકવવા પડશે

મુંબઈ,તા.૧૬

પોતાના પ્લેટફોર્મ પર ન્યુઝ પેપર તેમજ સમાચાર વેબસાઈટ્સની ખબર સાથે વિજ્ઞાપન બતાવી લાખોની કમાણી કરી રહેલા ગુગલ હવે ફ્રાન્સને ૧૨૧ ન્યુઝપેરોને ૫૫૧ કરોડ રૂપિયા ચૂકવવા પડશે. ફ્રાન્સના નવા કાયદા મુજબ ગયા મહિને ફ્રાન્સના ન્યુઝ પેપર સંગઠને એપીઆઈજી એલાયન્સ સાથે ત્રણ વર્ષ માટે આનો કરાર કર્યો હતો, પરંતુ કેટલી કિંમત ચુકવશે એ હજુ સામે આવ્યું નથી. ખાસ વાતએ છે કે આ પૈસે એને સમાચારના નાના સ્વરૂપને પોતાના પ્લેટફોર્મ પર બતાવવા માટે ચૂકવવા પડશે. શરૂઆતમાં ગુગલ એના માટે તૈયાર ન હતું. પરંતુ ૨૦૧૪માં સ્પેન સમાચાર સંગઠનોને પણ આ પ્રકારની રકમ ચૂકવવા માટે કાયદો બનાવવામાં આવ્યો હતો. એના પર ગુગલે સ્પેનમાં પોતાનું ‘ગુગલ ન્યુઝ’ સેક્સન બંધ કરી દીધું જેથી કમાણીનો હિસ્સો ન આપવો પડે. આના પર ગુગલ સર્ચ પરિણામોમાં ફ્રાન્સિસ સમાચાર સંસ્થાઓના કન્ટેન્ટ હટાવવાની તૈયારી કરી લીધી હતી. એના પર ફ્રાન્સના પ્રતિસ્પર્ધા આયોગે ચેતવણી આપી. સરકારના કડક રૂખ સામે ગુગલે નમવું પડ્યું. કરાર સાથે સમાચાર સંસ્થાઓથી મળેલ કન્ટેન્ટ અનુસાર એમની ભાગીદારી નક્કી થશે. ઉદાહરણ તરીકે પ્રમુખ દૈનિક અખબાર લા મોડને લગભગ ૯.૫ કરોડ રૂપિયા ને સાપ્તાહિક અખબાર લા વોક્સને ૧૦ લાખ ચૂકવવા માટે આવશે. વિશેષજ્ઞો અનુસાર, કરારથી ડિજિટલ કોપીરાઈટની ચુકવણી માટે નવા રેસ્ટ ખુલશે. ફ્રાન્સ વિશ્વ મોડલ બની શકે છે. ઓસ્ટ્રેલિયાઈ સરકાર પણ આ પ્રકારના કાયદા બનાવની રાહ પર છે. ગુગલ એનો કડક વિરોધ કરી રહ્યો છે, રોજ ધમકી આપી રહ્યું છે. આવનારા બે-ત્રણ વર્ષોમાં ડઝન નવા યુરોપીય દેશ પણ ફ્રાન્સ જેવા કાયદા બનાવી લેશે. ૨૦૨૦ની ત્રીજી ત્રિમાહીમાં ગુગલના ૩.૩૪ લાખ કરોડ રૂપિયાનો કારોબાર કર્યો હતો, જેમાં ૨.૭૦ લાખ કરોડ રૂપિયાના વિજ્ઞાપન કમાયા છે. વિશેષજ્ઞો અનુસાર આ લિહાજથી ગુગલ માટે આ રકમ બોજો નથી. પરંતુ વધુ સ્વતંત્ર રૂપમાં શેર કરી તે પોતાનો કારોબાર વધારી શકે છે.

| સેન્સેક્સ | | નિફ્ટી | |
|---|---|---|---|
| આજનો બંધ | ૫૨૧૦૪.૧૭ | આજનો બંધ | ૧૫૩૧૩.૪૫ |
| છેલ્લો બંધ | ૫૨૧૫૪.૧૩ | છેલ્લો બંધ | ૧૫૩૧૪.૭૦ |
| વધઘટ | -૪૯.૯૬ | વધઘટ | -૧.૨૫ |

# એનસીડેક્સ ખાતે એગ્રિડેક્સમાં સુધારોઃ હળદરના વાયદામાં નીચલી સર્કિટ

મુંબઈ, તા.૧૬

તેલિબીયાની તેજીના ટેકે આજે સતત બીજા દિવસે વાયદામાં થોડો ચમકારો જોવા મળ્યો હતો. જ્યારે અન્ય ક?ષિ કોમોડિટીમાં નરમાઇ જોવા મળી હતી. એનસીડેક્સ ખાતે ઈન્ડેક્ષ વધ્યા મથાળે બંધ રહ્યો હતો. એગ્રિડેક્સ આજે સવારે ૧૧૯૮.૫૫ અંક સાથે ખુલ્યો હતો અને સાંજે ૧૨૦૯.૭૫ અંક પર બંધ રહ્યો હતો. આ ઉપરાંત ઈન્ડેક્સનાં વાયદાનાં ભાવ સવારે ૧૨૦૨.૦૦ અંક ખુલી ઉંચામાં ૧૨૧૦.૦૦ જયારે નીચામાં ૧૨૦૧.૫૦ થઇ સાંજે ૧૨૧૦.૦૦ અંક પર બંધ રહ્યા હતા. આજે એગ્રિડેક્સ વાયદામાં કુલ ૧૦ સોદા સાથે ૧ કરોડ રૂપિયાનાં કારોબાર થયા હતા. આજે ઉભા ઓળિયા ૪ રહ્યા હતા.

એનસીડેક્સ ખાતે આજે સોયા કોમ્પ્લેક્ષ વધ્યા મથાળે બંધ રહ્યા હતા. જ્યારે ગુવાર કોમ્પ્લેક્ષ ઘટ્યા મથાળે બંધ રહ્યા હતા. આજે હળદરનાં અમુક વાયદામાં બે થી ચાર ટકાની નીચલી સર્કિટ લાગી હતી. સોયાતેલના વાયદા ૩૩૩ કરોડ રૂપિયાનાં વેપાર સાથે જ્યારે સોયાબીનનાં વાયદા ૨૮૦ કરોડ રૂપિયાનાં વેપાર સાથે ટોચ પર રહ્યા હતા.

એનસીડેક્સ ખાતે આજે, ધાણા, ગુવાર ગમ, ગુવાર સીડ તથા હળદરનાં ભાવ ઘટ્યા મથાળે બંધ રહ્યા હતા. જ્યારે એરંડા, ચણા , કપાસિયા ખોળ, જીરૂ, કપાસ, સરસવ, સ્ટીલ, સોયાતેલ તથા સોયાબીનનાં વાયદાના ભાવ વધ્યા મથાળે બંધ રહ્યા હતા. આજે એરંડાનાં ભાવ ૪૩૮૮ રૂપિયા ખુલી ૪૪૧૮ રૂપિયા, ચણા ૪૬૧૮ રૂપિયા ખુલી ૪૭૨૩ રૂપિયા, કપાસિયા ખોળનાં ભાવ ૨૨૬૦ રૂપિયા ખુલી ૨૨૭૨ રૂપિયા, ધાણા ૬૬૬૬ રૂપિયા ખુલી ૬૫૫૦ રૂપિયા ગુવાર સીડનાં ભાવ ૩૮૯૬ રૂપિયા ખુલી ૩૮૯૦ રૂપિયા બંધ રહ્યા હતા. આજ -માણે ગુવાર ગમ ૬૨૦૦ રૂપિયા ખુલી ૬૧૮૦ રૂપિયા, જીરાનાં ભાવ ૧૩૬૧૦ રૂપિયા ખુલી ૧૩૭૭૫ રૂપિયા, કપાસનાં ભાવ ૧૨૪૨.૦ રૂપિયા ખુલી ૧૨૪૨.૦ રૂપિયા, સરસવ ૬૩૦૮ રૂપિયા ખુલી, ૬૪૨૩ રૂપિયા, સ્ટીલના ભાવ ૩૯૦૩૦ ખુલી ૩૯૦૯૦ રૂપિયા, સોયાબીનનાં ભાવ ૪૮૭૦ રૂપિયા ખુલી ૪૯૦૧ રૂપિયા, સોયાતેલ ૧૧૪૭ રૂપિયા ખુલી ૧૧૪૮.૧૦ રૂપિયા અને હળદરનાં ભાવ ૭૭૦૨ રૂપિયા ખુલી ૭૪૪૪ રૂપિયા બંધ રહ્યા હતા. એનસીડેક્સ ખાતે આજે એરંડાનાં વાયદામાં કુલ ૨૯૩૦ ટન, ચણામાં ૩૧૧૦૦ ટન, ધાણામાં ૯૮૫ ટન, કપાસિયા ખોળમાં ૩૫૩૧૦ ટન, ગુવાર ગમમાં ૭૭૩૫ ટન, ગુવાર સીડમાં ૮૧૭૫ ટન, જીરામાં ૧૨૩૩ ટન, કપાસનાં વાયદામાં ૭૧૩ ગાડી, સરસવમાં ૨૦૮૦૦ ટન, સ્ટીલમાં ૭૯૦ ટન, સોયાબીનમાં ૫૭૮૧૫ ટન, સોયાતેલમાં ૨૯૧૨૫ ટન તથા હળદરનાં વાયદામાં ૫૪૩૫ ટનનાં કારોબાર થયા હતા.

આજે એનસીડેક્સ ખાતે એરંડામાં ૧૩ કરોડ, ચણામાં ૧૪૬ કરોડ, કપાસિયા ખોળમાં ૮૧ કરોડ, ધાણામાં ૭ કરોડ, ગુવાર ગમમાં ૪૯ કરોડ ગુવાર સીડમાં ૩૨ કરોડ, જીરામાં ૧૭ કરોડ, કપાસમાં ૧૮ કરોડ, સરસવમાં ૧૧૩ કરોડ, સ્ટીલમાં ૩ કરોડ, સોયાબીનમાં ૨૮૦ કરોડ, સોયાતેલમાં ૩૩૩ કરોડ તથા હળદરનાં વાયદામાં ૪૧ કરોડ રૂપિયાનાં કારોબાર થયા હતા. એનસીડેક્સ ખાતે આજે -થમ સત્રનાં કારોબારને અંતે કુલ ૧૮૯૯૪ સોદામાં કુલ ૧૧૩૩ કરોડ રૂપિયાનાં વેપાર થયા હતા.

## મુંબઇ શેરબજારની ટૂંકી વધઘટ..

| કંપનીનું નામ | બંધ ભાવ | વધ-ઘટ(રૂા)લો | સપાટી | હાઇ સપાટી |
|---|---|---|---|---|
| બજાજ ઓટો | ૪૧૩૨.૨૫ | ૯.૭૫ | ૪૧૨૦.૦૦ | ૪૧૭૫.૦૦ |
| ભેલ | ૩૮.૯૫ | ૦.૧૫ | ૩૮.૬૦ | ૩૯.૪૫ |
| ભારતી એરટેલ | ૫૯૪.૦૦ | ૦.૨૦ | ૫૯૩.૦૦ | ૬૦૧.૫૦ |
| સીપલા | ૮૪૪.૪૫ | -૪.૮૫ | ૮૪૨.૫૦ | ૮૫૬.૨૫ |
| ડીએલએફ | ૩૧૭.૨૫ | ૫.૬૦ | ૩૧૨.૦૦ | ૩૨૫.૭૦ |
| એચડીએફસી | ૧૬૨૬.૬૦ | ૧૦.૨૫ | ૧૬૦૮.૧૦ | ૧૬૪૧.૩૦ |
| હિરોહોન્ડા મોટર્સ | ૩૪૬૬.૮૫ | -૪૯.૨૦ | ૩૪૫૨.૧૦ | ૩૫૭૫.૭૫ |
| કોલ ઈન્ડિયા | ૧૩૨.૩૦ | -૧.૫૫ | ૧૩૨.૦૦ | ૧૩૪.૮૫ |
| હિન્ડાલ્કો ઈન્ડ. | ૨૯૧.૬૦ | ૦.૯૦ | ૨૮૯.૧૦ | ૨૯૭.૩૦ |
| આઈસીઆઈસીઆઇ | ૬૫૮૫૦ | -૧૫.૫૦ | ૬૪૯.૩૦ | ૬૭૯.૩૦ |
| ઈન્ફોસિસ ટેકનો. | ૧૨૯૦.૧૦ | -૧૯.૬૦ | ૧૨૮૬.૦૦ | ૧૩૧૯.૯૦ |
| આઈટીસી | ૨૧૮.૨૫ | -૦.૪૦ | ૨૧૭.૩૦ | ૨૨૧.૮૦ |
| લાર્સન | ૧૫૪૯.૦૦ | ૧૧.૧૦ | ૧૫૩૬.૦૦ | ૧૫૭૩.૬૫ |
| મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા | ૯૧૨.૨૫ | -૦.૬૦ | ૯૦૨.૩૦ | ૯૨૨.૦૦ |
| મારૂતિ ઉધોગ | ૭૬૯૧.૮૫ | ૯૫.૬૦ | ૭૬૨૧.૬૫ | ૭૭૯૭.૦૦ |
| એનટીપીસી | ૯૮.૦૫ | ૨.૮૦ | ૯૫.૩૫ | ૯૯.૧૫ |
| ઓએનજીસી | ૧૦૩.૭૫ | ૫.૩૫ | ૯૯.૦૦ | ૧૦૪.૮૦ |
| રિલાયન્સ ઈન્ડ. | ૨૦૫૯.૬૫ | ૨૭.૦૫ | ૨૦૩૭.૫૦ | ૨૦૭૯.૦૦ |
| સ્ટેટ બેંક | ૪૦૨.૩૦ | -૪.૭૫ | ૪૦૦.૩૫ | ૪૧૫.૮૦ |
| ટાટા મોટર્સ | ૩૩૩.૩૦ | ૮.૦૫ | ૩૨૪.૦૫ | ૩૩૫.૬૦ |
| ટાટા પાવર | ૮૬.૬૫ | -૦.૬૫ | ૮૬.૩૫ | ૮૮.૯૦ |
| ટાટા સ્ટીલ | ૬૭૧.૮૫ | -૮.૬૦ | ૬૬૯.૫૫ | ૬૮૭.૯૫ |
| ટીસીએસ | ૩૧૦૯.૩૦ | -૩૦.૬૫ | ૩૧૦૦.૨૫ | ૩૧૬૬.૨૫ |
| વિપ્રો | ૪૩૯.૭૦ | -૨.૨૫ | ૪૩૬.૯૫ | ૪૪૫.૦૦ |

## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાકા દેશી | ૧૦૦ | ૧૮૦ |
| બટાકા ડીસા | ૧૨૦ | ૨૦૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૩૦૦ | ૬૪૦ |
| રીંગણ | ૧૦૦ | ૨૬૦ |
| રવૈયા | ૨૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૪૦ | ૧૦૦ |
| ફુલાવર | ૧૬૦ | ૩૦૦ |
| વાલોર | ૨૦૦ | ૪૦૦ |
| ટામેટા પાકા | ૧૨૦ | ૨૮૦ |
| દૂધી | ૧૦૦ | ૩૦૦ |
| તુવેર | ૫૦૦ | ૮૦૦ |
| વટાણા | ૩૬૦ | ૪૪૦ |
| ભીંડા | ૪૦૦ | ૯૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| ગવાર | ૭૦૦ | ૧૪૦૦ |
| ચોળી | ૮૦૦ | ૧૬૦૦ |
| ગીલોડા | ૨૪૦ | ૬૪૦ |
| તુરિયા | ૪૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૭૦૦ |
| મરચા દેશી | ૪૦૦ | ૬૦૦ |
| મરચા ગોલાર | ૪૦૦ | ૫૨૦ |
| લીંબુ | ૯૦૦ | ૧૨૦૦ |
| આદુ | ૩૮૦ | ૪૪૦ |
| ગાજર | ૧૬૦ | ૨૨૦ |
| કોથમીર | ૧૪૦ | ૩૬૦ |
| લીલા ચણા | ૩૪૦ | ૫૪૦ |

## ઉ.ગુજરાતના ગંજ બજારો

પાટણ
જીરૂ ---- ૨૨૦૦ . ૨૩૮૫
વરીયાળી ૧૦૨૬ . ૧૦૫૨
સવા ------ ૮૦૦ .. ૯૩૧
રાયડો ---- ૮૬૦ . ૧૧૭૦
એરંડા ---- ૮૫૬ .. ૮૮૦
તલ ---- ૧૩૦૦ . ૧૫૫૧
અજમો - ૧૫૦૦ .... -
ઘઉં ------ ૩૩૫ .. ૩૫૪
બાજરી---- ૨૪૦ .. ૨૬૬
બંટી ------ ૬૦૯ .. ૬૨૧
કુરી ------ ૯૫૨ .... -
મગ ---- ૧૨૫૦ .... -
અડદ --- ૧૦૫૧ . ૧૪૮૦
ગવાર----- ૬૧૧ .. ૭૪૫
કપાસ -- ૧૦૩૦ . ૧૨૬૫
-------- ખેડબ્રહ્મા
ઘઉં લોકવન૩૪૦ .. ૩૪૫
ઘઉં ૪૯૬ - ૩૫૦ .. ૩૫૫
મકાઈ ---- ૨૬૦ .. ૨૭૦
એરંડા ---- ૮૭૦ .. ૮૭૬
તુવેર સફેદ૧૨૫૦ . ૧૨૫૪
તુવેર લાલ ૧૧૦૧ . ૧૧૩૦
કપાસ -- ૧૧૦૦ . ૧૧૩૦
રાયડો -- ૧૦૦૦ . ૧૦૧૫
-------- ધનસુરા
એરંડા ---- ૮૬૦ .. ૮૭૫
બાજરી---- ૨૨૫ .. ૨૪૫
મકાઈ ---- ૨૫૦ .. ૨૯૦
ઘઉં ------ ૩૩૦ .. ૩૬૦
તુવેર --- ૧૧૫૦ . ૧૩૦૭
ગવાર----- ૭૦૦ .. ૭૩૦
કપાસ ---- ૧૦૦ . ૧૧૩૦
--------- મોડાસા
એરંડા ---- ૮૫૦ .. ૮૭૧
સોયાબીન - ૮૫૦ .. ૯૧૫
ઘઉં ------ ૩૨૫ .. ૩૬૪
મકાઈ ---- ૨૬૦ .. ૨૯૦
બાજરી---- ૨૨૫ .. ૨૩૬
કપાસ -- ૧૦૪૦ . ૧૦૮૫
ગવાર----- ૭૦૦ .. ૭૩૩
તુવેર --- ૧૧૦૦ . ૧૨૩૫
રાયડો ---- ૭૦૦ .. ૯૫૦
--------- ટીંટોઈ
કપાસ -- ૧૦૪૦ . ૧૧૪૦
બાજરી---- ૨૧૫ .. ૨૩૦
મકાઈ ---- ૨૭૦ .. ૩૦૦
ઘઉં ------ ૩૩૦ .. ૩૪૫
તુવેર --- ૧૧૬૦ . ૧૨૫૧
અડદ --- ૧૨૫૦ . ૧૫૦૦
ગવાર----- ૭૦૧ .. ૭૨૦
------- હિંમતનગર
મગફળી -- ૯૦૦ . ૧૨૫૦
એરંડા ---- ૮૦૦ .. ૮૭૭
ઘઉં ------ ૩૨૫ .. ૩૫૮
બાજરી---- ૨૦૦ .. ૨૫૦
મકાઈ ---- ૨૨૫ .. ૨૯૦
તુવેર ----- ૯૦૦ . ૧૧૫૦
કપાસ -- ૧૦૬૦ . ૧૨૩૮
---------- ઇડર
ઘઉં ------ ૩૪૫ .. ૩૬૪

મકાઈ ---- ૨૭૦ .. ૩૦૦
અડદ --- ૧૨૫૦ . ૧૩૫૬
એરંડા ---- ૮૬૦ .. ૮૭૭
રાયડો ---- ૮૫૦ .. ૯૦૬
તુવેર --- ૧૦૮૦ . ૧૩૪૦
ગવાર----- ૬૭૨ .. ૭૧૮
સોયાબીન - ૮૪૦ .. ૯૧૮
લાલ તુવેર ૧૦૫૦ . ૧૧૩૭
-------- પાલનપુર
ઘઉં ------ ૩૪૪ .. ૩૫૬
જુવાર----- ૮૬૦ . ૧૦૦૫
બાજરી---- ૨૨૭ .. ૨૫૦
ગવાર----- ૭૨૦ .. ૭૫૧
એરંડા ---- ૮૬૧ .. ૮૭૨
રાયડો ---- ૯૫૧ . ૧૧૫૦
રાજગરો -- ૮૪૫ .. ૯૫૧
-------- સિધ્ધપુર
રાયડો ---- ૮૪૫ . ૧૧૩૪
એરંડા ---- ૮૪૬ .. ૮૮૦
ગવાર----- ૭૧૧ .. ૭૪૨
ઘઉં ------ ૩૩૫ .. ૩૭૩
બાજરી---- ૨૨૩ .. ૨૫૩
જુવાર----- ૮૧૦ . ૧૦૨૦
કપાસ -- ૧૦૫૦ . ૧૨૯૦
--------- સાણંદ
ગુજરી ---- ૨૬૬ .. ૩૧૦
ગુ.૧૩ ---- ૨૪૦ .. ૩૦૩
સેન્ટેડ ---- ૨૭૨ .. ૩૧૦
કમોદ ---- ૪૩૮ .... -
ઘઉં ------ ૩૨૯ .. ૪૦૮
તુવેર --- ૧૨૩૮ . ૧૨૪૩
જીરૂ ---- ૨૦૭૫ .... -
--------- બાવળા
ખારી બાસમતી૭૩૧ .. -
ગુ.૧૭ ---- ૨૭૫ .. ૩૦૦
ગુજરી ---- ૨૯૨ .. ૩૫૨
ટુકડા ઘઉં ૩૪૭ .. ૩૫૬
ટુકડા દેશી ૩૫૭ .. ૩૮૫
ચણા ----- ૮૬૧ .... -
એરંડા ---- ૮૫૭ .. ૮૬૪
રાઈ ------ ૯૯૧ .... -
------ મહેસાણા ....
ઘઉં ------ ૩૩૭ .. ૩૭૦
બાજરી---- ૨૦૫ .. ૩૩૦
એરંડા ---- ૮૫૦ .. ૮૭૬
રાયડો ---- ૬૮૫ . ૧૧૫૫
ગવાર----- ૬૯૫ .. ૭૩૯
અજમો - ૨૩૩૦ . ૨૩૩૦
----- આંબલીયાસણ
ઘઉં ------ ૩૨૬ .. ૩૪૭
બાજરી---- ૨૦૦ .. ૨૩૩
એરંડા ---- ૮૬૬ .. ૮૭૨
રાયડો ---- ૮૯૧ .. ૯૪૫
ગવાર----- ૭૨૪ .. ૭૩૦
કપાસ -- ૧૦૭૦ . ૧૧૪૧
--------- જોટાણા
એરંડા ---- ૮૬૦ .. ૮૭૨
રાયડો ---- ૮૯૦ .. ૯૮૫
ગવાર----- ૭૨૫ .. ૭૩૦
લાલ મરચા ૭૨૫ .. ૭૮૬
કપાસ -- ૧૦૧૧ .... -

## અમદાવાદ વિવિધ બજારો

અમદાવાદ તેલ બજાર
નામ .......... ઓછોભાવ વધુભાવ
સીંગતેલ જૂના .... ૨૩૦૦ .. -
સીંગતેલ નવા..... ૨૪૬૦ ૨૫૦૦
કપાસિયા જુના ... ૧૮૬૦ .. -
કપાસિયા નવા.... ૧૮૭૦ ૧૯૮૦
સોયાબીન નવા ... ૧૯૫૦ ૨૦૨૦
દીવેલ ............. ૧૫૪૦ .. -
પામોલિન જુના .... ૧૭૮૦ ૧૮૧૦
કોપરેલ ........... ૩૨૮૦ .. -
વનસ્પતિ ઘી ...... ૧૫૦૦ ૧૯૦૦
સરસીયુ મોળુ ..... ૨૦૮૦ .. -
સરસીયુ તીખુ..... ૨૧૫૦ .. -
સનફ્લાવર ....... ૨૧૫૦ ૨૨૦૦
મકાઈ તેલ ........ ૧૮૫૦ .. -
તિરૂપતિ ૫ લીટર... ૬૦૦ ૬૨૦
સિંગતેલ ૫ લીટર .. ૭૭૦ .. -

અમદાવાદ ખાંડ બજાર
નામ .......... ઓછોભાવ વધુભાવ
અમદાવાદ મધ્યમ .. ૩૫૨૦ ૩૬૦૦
અમદાવાદ ઝીણી .. ૩૪૦૦ ૩૪૫૦
ગુજરાત મધ્યમ .... ૩૧૫૦ ૩૨૩૦
ગુજરાત ઝીણી .... ૩૧૩૦ ૩૨૦૦
કોલ્હા. મધ્યમ .... ૩૧૪૦ ૩૨૦૦
કોલ્હા. ઝીણી ..... ૩૧૦૦ ૩૧૫૦
બેલારપુર મધ્યમ ... ૩૧૪૦ . ૩૨૦૦
બેલારપુર ઝીણી ... ૩૧૦૦ ૩૧૫૦

અ’વાદ સોના-ચાંદી બજાર
નામ .......... ઓછોભાવ વધુભાવ
ચાંદી ચોરસા .... ૬૮૫૦૦ ૭૦૫૦૦
રૂપુ ............. ૬૮૩૦૦ ૭૦૩૦૦
સિક્કાજૂના(નંગ) .. ૫૭૫ ૭૭૫
સોનું (૯૯.૯) .. ૪૮૬૦૦ ૪૯૧૦૦
સોનું (૯૯.૫) .. ૪૮૪૦૦ ૪૮૯૦૦
હોલમાર્ક ........ ૪૮૧૧૮ .. -

અમદાવાદ ફૂલ બજાર
નામ .......... ઓછોભાવ વધુભાવ
ગુલાબ (૧ કિ.) ..... ૭૦ . ૮૦
ટગર............... ૬૦૦ ૭૦૦
ડમરો ................ ૧૫ . ૨૦
પારસ.............. ૩૦૦ ૪૦૦
લીલી .................. ૭ . ૧૦
હજારીગલ.......... ૨૪૦ ૩૦૦
ડેઝી ............... ૨૬૦ ૩૦૦

## કેળવણીના સાંપ્રત પ્રવાહો

# સતત યોજાતી ચૂંટણીઓ કેળવણી અને રાષ્ટ્રના વિકાસ માટે હાનીકારક

મારા શિક્ષણના વ્યવસાયના ૪૦ વર્ષના કાર્યકાળ દરમ્યાન મેં અનુભવ્યું છે કે સામાન્ય રીતે સરાસરી દર અઢાર માસે લોક્સભાની,



ડો.કિરીટ જોષી

વિધાનસભાની, જીલ્લા-તાલુકા પંચાયત કે સ્થાનિક સંસ્થાઓની પંચાયતોની ચુંટણીઓમાંથી કોઈ એક ચૂંટણી આવી જાય છે ચુંટણી આવવાની હોય તે પહેલાના અમુક માસ દરમ્યાન મતદાર નોંધણી તેમજ સુધારણાની કામગીરીમાં શિક્ષકોને ફરજીયાતપણે જોડવામાં આવે છે. શિક્ષકો સ્વભાવથી વિનયી, વિવેકી અને ફરજનિષ્ટ હોવાથી તેનો અસ્વીકાર કરતા નથી કે વિરોધ કરતા નથી જેનો ગેરલાભ જવાબદાર અધિકારીઓ ઉઠાવે છે સરકારી કામગીરી છે, કલેકટરે આદેશ કર્યા છે જેથી આ કાર્ય ફરજીયાત કરવું પડશે કહી પોતાનું કામ સરળતાથી પૂર્ણ થાય તેમ શિક્ષણ અધિકારીઓને આદેશો કરી હાથવગી શાળાઓના હાથવગા શિક્ષકોને જોડી દે છે. આ કામગીરી આખો દિવસ કરવાની હોય છે જેથી શિક્ષકોના વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે, ક્યારેક તો શિક્ષકોને શાળામાં પણ જવાનું અને શાળા સમય પછી કે રજાઓમાં આ કામગીરી કરવાની થતી હોવાથી તેઓ પોતાના પરિવાર પ્રત્યેની તેમજ સામાજિક વહેવારિક જવાબદારી નિભાવવાની ફરજમાં ન્યાય આપી શકતા નથી જેથી શિક્ષકો માનસિક તણાવ અનુભવે છે. તે જ રીતે ચુંટણીના સમયગાળા દરમ્યાન આચાર સંહિતાના પાલવ નીચે સરકારી કામગીરી, વહીવટી કામો ઠપ થઈ જાય છે, વિકાસના કામો, શિક્ષણ કાર્યની ગતિ મંદ પડી જાય છે. શિક્ષણને ગુણવત્તાસભર બનાવવા માટે અનિવાર્ય તેવી શિક્ષકોની ભરતી પ્રક્રિયા અટકી જાય છે

છાશવારે યોજાતી ચુંટણીઓની હાનીકારક અસરો અટકાવવા માટેના ઉપાયો પૈકીનો એક ઉપાય છે 'એક રાષ્ટ્ર એક ચુંટણી'.નો અમલ કરવામાં આવે. આપણે જાણીએ છીએ અને અનુભવીએ છીએ કે ચુંટણી પ્રક્રિયામાં હજારો કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે. જે છાશ વારે યોજાતી એટલે કે લગભગ દર અઢાર માસે આવતી વિવિધ ચુંટણીઓને એક સાથે યોજવામાં આવે તો રાષ્ટ્રના હજારો કરોડ રૂપિયાનો વ્યય થતો અટકશે અને બચેલી રકમનો શિક્ષણ વિકાસ કે અન્ય સામાજિક વિકાસમાં ઉપયોગ કરી શકાશે. આપણા સનદી અધિકારીઓ, સરકારી અધિકારીઓ, શિક્ષકો તેમજ સલામતી અધિકારીઓના કુલ સેવાકાળનો લગભગ છ ટકા સમય ચુંટણી પ્રક્રિયા ખાઈ જાય છે વિવિધ ચુંટણીઓને એક સાથે યોજવામાં આવે તો સમયની બચત થતા બચેલા સમય માટે તે અધિકારીઓ, કર્મચારીઓની ક્ષમતાનો રાષ્ટ્રના વિકાસ માટે વધુ લાભ મળશે.

૧૯૫૨ થી ૧૯૬૭ સુધી તો લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ સાથે જ યોજાતી હતી. પરંતુ ત્યાર પછી વિવિધ રાજ્યોમાં વિવિધ કારણોથી લોકસભા કે વિધાનસભાનું વહેલું વિસર્જન કરીને અથવા વિધાનસભાનો કાર્યકાળ લંબાવી દેવાથી રાષ્ટ્રમાં એક સાથે યોજાતી લોકસભા અને વિધાનસભાની ચૂંટણી અલગ અલગ થવા લાગી. જો કે 'એક રાષ્ટ્ર એક ચુંટણી'નું કામ એટલું સહેલું નથી જેટલું આપણે માનીએ છીએ પરંતુ તે એટલું અઘરું પણ નથી. રાષ્ટ્રનું કાયદા પંચ અને નીતિ આયોગ પણ આ વિચાર સાથે સહમત છે ત્યારે રાષ્ટ્રહિત ઈચ્છતા તમામ રાજકીય પક્ષો આ વિચારને રાજકીય રીતે ન મુલવતા સર્વસંમતિથી આગળ વધે તો આ કામ અશક્ય પણ નથી .અને 'એક રાષ્ટ્ર એક ચુંટણી'.નો અમલ કરવાથી સમય, શક્તિ અને નાણા ની બચત થશે.

'એક રાષ્ટ્ર એક ચુંટણી' ના અમલનો અર્થ એવો ન થવો જોઈએ કે અવિશ્વાસની દરખાસ્ત લાવવાનો કે ગૃહને મુદત પહેલાં વિખેરી નાખવાનો માર્ગ બંધ કરી દેવો. કોઈ રાજ્યની કે રાષ્ટ્રની સરકાર ગૃહનો વિશ્વાસ ગુમાવી બેસે તો તે સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત જરૂરથી લાવી શકાય તેમજ સરકાર ઈચ્છે તો વિધાનસભા કે સંસદને વિખેરી નાંખી શકે તે જોગવાઈ ચાલુ રાખવા સાથે લોકસભા અને રાજ્યોની વિધાનસભાની મુદત પાંચ વર્ષ માટે નિ?િત કરી દેવાની જરૂર છે.

આપણા બંધારણમાં રહેલી જોગવાઈઓનો લાભ લઈ કોઈ પણ સંસદ અથવા રાજ્યની વિધાનસભાઓ પૈકી કોઈ પણ ગૃહની પાંચ વર્ષની મુદત પૂર્ણ થતા પહેલા તેનો ભંગ કરી નાખવામાં આવે કે સરકાર વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત પસાર થઇ જવાથી ચુંટણીનો ક્રમ બદલાઈ જતો હોવાથી બંધારણમાં સુધારો કરીને આવી વિધાનસભાઓમાં મુદત પૂરી થાય ત્યાં સુધી રાષ્ટ્રપતિ શાસન રાખવું જોઈએ. પરંતુ ચુંટણીઓ તો સંસદ કે વિધાનસભાનો નિર્ધારિત કરેલ પાંચ વર્ષનો સમય પૂર્ણ થાય પછી જ યોજાવી જોઈએ અને એક સાથે જ યોજાવી જોઈએ. આજનો સત્તાધારી પક્ષ આવતી કાલનો વિપક્ષ પણ હોઈ શકે જેથી રાષ્ટ્રહિતને ધ્યાનમાં લઇ બધા જ રાજકીય પક્ષોની એ જવાબદારી બને છે કે સરકાર સત્તાનો દુરુપયોગ ના કરી શકે એવા નિયમો સર્વસંમતિ સાથે બનાવે. આપણો વિશાળ દેશ ધાર્મિક, સાંસ્કૃતિક, ભૌગોલિક દ્રષ્ટિએ વિવિધતા ધરાવે છે ત્યારે યોજાનાર ચૂંટણીમાં વિવિધ ઋતુઓ અને યોજાતા તહેવારોથી અવરોધ ઉભો ન થાય તે પ્રકારે ચુંટણી નો સમય નક્કી કરવો જોઈએ. 'એક રાષ્ટ્ર એક ચુંટણી' ના અમલને પક્ષીય કે રાજકીય દ્રષ્ટિએ ફાયદા કે ગેરફાયદાઓથી જોવાને બદલે સતત વિચાર મંથન કરતા રહી મળતા નવનીતનો સર્વ સંમતિથી અમલ કરવો જોઈએ

'રાજ્યોમાં યોજાતી ચુંટણીઓમાં વડાપ્રધાન, મુખ્યમંત્રી, પ્રધાનો તેમજ વરિષ્ટ રાજકીય નેતાઓ પર પણ પક્ષીય જવાબદારીના ભાગરૂપે ચુંટણી પ્રચારનું દબાણ હોવાથી આ ચૂંટાયેલી પાંખ ચુંટણીના સમયગાળા દરમ્યાન પોતાની વહીવટી જવાબદારીઓને એકાગ્રતાથી, ગંભીરતાથી ન્યાય આપી શકતા નથી, જેથી સરકારી કામોમાં અવરોધ ઉભો થાયછે, વિકાસના કામોમાં વિલંબ થાય છે. સરકારના નીતિ નિર્ધારણ કાર્યમાં અવરોધ આવે છે. જેથી રાષ્ટ્રમાં યોજાતી લોકસભા અને વિધાનસભાની જ નહિ પરંતુ તમામ પ્રકારની ચુંટણીઓ એક સાથે જ યોજાવી જોઈએ.

## રાજસ્થાન સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા

# પિપાવાવ પોર્ટ સુધીની પ્રથમ નિકાસ કન્ટેઈનર ટ્રેનનો શુભારંભ

રાજસ્થાન સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ (RAJSICO)એ વિવિધ દેશોમાં નિકાસ માટે જોધપુરથી એપીએમ ટર્મિનલ્સ પિપાવાવ સુધીની પ્રથમ કન્ટેઈનર ટ્રેનનો શુભારંભ કર્યો હતો. આ ટ્રેનને લીલી ઝંડી RAJSICOના ડિવિઝન કમિશનર અને મેનેજિંગ ડાયરેક્ટર ડો. રાજેશ શર્માએ ૭ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ આપી હતી. આ જોધપુર (આઈસીડી બાસની) અને એપીએમ ટર્મિનલ્સ પિપાવાવ વચ્ચેની પ્રથમ સીધી ટ્રેન છે.

ઈનલેન્ડ કન્ટેઈર ડેપોટ (ICDÓs)માંથી ટર્મિનલ સુધીનું આ સીધું જોડાણ પ્રદેશમાંથી દુનિયાના વિવિધ દેશોમાં હસ્તકળા અને ગુઆર ગમ જેવી ચીજવસ્તુઓની નિકાસ વધારવામાં મદદરૂપ થશે, જેના પરિણામે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય વેપારમાં ઝડપી ટર્નએરાઉન્ડની ક્ષમતા અને સક્ષમતા વધશે.

એપીએમ ટર્મિનલ્સ પિપાવાવના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી જેકોબ ફ્રિસ સોરેન્સેને કહ્યું હતું કે, “આ ટ્રેન મારફતે નિકાસ માટે કાર્ગોની સલામત અને ઝડપી અવરજવરમાં મહત્ત્વપૂર્ણ પગલું છે.

નિકાસ ટ્રેનની સેવા અમારી ક્ષમતામાં વધારો કરશે અને અમારા ક્લાયન્ટને સર્વિસની શ્રેષ્ઠ ડિલિવરી આપશે. અમે RAJSICOના અને તમામ પક્ષોના સાથસહકાર બદલ આભારી છીએ તથા અમને તેમની સાથે આયાત અને નિકાસમાં વધારો કરવા પર ગર્વ છે.

# ક્રોમ્પ્ટને એલઈડી લેમ્પ માટે એમેઝોન ઈન્ડિયા સાથે ભાગીદારી કરી

નવીનતાને વધુ એક કદમ આગળ લઈ જતા નિષ્ણાત લાઈટીંગ ઉકેલોની રેન્જ સાથે ૭૫ વર્ષથી વધુની ભારતની વારસાગત બ્રાન્ડ ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઈલેક્ટ્રીકલ્સ લિમીટેડે વાઈ-ફાઈ અને બ્લ્યૂટૂથ સક્ષમ એલઈડી લેમ્પ ઈમ્મેન્સા લોન્ચ કરવા માટે અગ્રણી ઈ-કોમર્સ પ્લેટફોર્મ એમેઝોન સાથે ભાગીદારી કરી છે. આ શ્રેણીમાં સૌપ્રથમ અને અનેક કૂલેસ્ટ સ્માર્ટ લાઈટીંગ પ્રોડક્ટ્સમાંની એક કે જે ક્રોમ્પ્ટોન દ્વારા લોન્ચ કરવામાં આવનાર છે તેવા એલઈડી લેમ્પ પુષ્કળ તકોની શ્રેણી ઓફર કરીને સ્ટાઈલના સ્પર્શ સાથે આ એલઈડી લેમ્પ ચપળતા (સ્માર્ટનેસ) પણ લાવે છે જે ગમે ત્યાં અને ગમે તે સમયે આરામ અને સુગમતા પૂરી પાડે છે. હવે જ્યારે લોકો વધુને વધુ સમય ઘરમાં ગાળી રહ્યા છે ત્યારે સ્માર્ટ લાઈટીંગ ઉકેલો આરામ અને સરળતા વધુ સારા વિસ્તારમાં ગ્રાહકોને ઘરનો અનુભવ પૂરો પાડવાની તકો ખોલીને પ્રત્યેક ગ્રાહકની જરૂરિયાત સંતોષવાની શક્યતાઓ ખોલી છે. તેથી આ બાબતને દિમાગમાં રાખતા ક્રોમ્પ્ટને દરેક અને પ્રત્યેક ગ્રાહકોની લાઈટીંગને લગતી જરૂરિયાતો સંતોષવા માટે અદ્યતન શોધ કરી છે જેમાં તે તેના અદ્યતન વાઈફાઈ- અને બ્લ્યૂટૂથ સક્ષમ એલઈડી લેમ્પ - ઈમ્મેન્સા ઓફર કરશે. પુષ્કળ અનુભવો ઓફર કરતા એલઈડી લેમ્પ તેની એપ મારફતે લાઈટીંગનું સંચાલન કરવાની સરળતાની ખાતરી રાખે છે ત્યારે તેના વોઈસ કંટ્રોલ દ્વારા ગમે ત્યાં ગમે ત્યારે સંચાલન કરવાની પણ સુગમતા આપે છે. તેથી ફક્ત એક બટનના ક્લિક દ્વારા ઘરે જ યોગ્ય વાતાવરણનું સર્જન કરવા ઘરનો ગર્વ ધરાવતા ગ્રાહકોને સહાય કરે છે.

એમેઝોન ઈન્ડિયના કેટેગરી મેનેજમેન્ટના ડિરેક્ટર શાલીની પુચલાપલ્લીએ જણાવ્યું હતુ કે,“અમે એમેઝોન પર ગ્રાહકો માટે નવા ક્રોમ્પ્ટન ઈમ્મેન્સાને લાવતા ખુશી અનુભવીએ છીએ. ક્રોમ્પ્ટન એ ઘરગથ્થુ નામ છે અને દેશમાં લાઈટીંગ ઉકેલોની વાત આવે એટલે ગ્રાહકોની પસંદગીની બ્રાન્ડ છે. આ લોન્ચ સાથે ગ્રાહકોને વિશાળ પસંદગી, અતુલનીય મૂલ્ય, ઝડપી અને વિશ્વસનીય ડિલીવરી અને સુંદર ખરીદી અનુભવ પૂરો પાડતા લાઈટીંગ કેટેગરીમાં મજબૂત પોર્ટફોલિયો બનાવવાનું ચાલુ રાખીશું”.

ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝયમુર ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડના લાઈટીંગના વાઈસ પ્રેસિડન્ટ વિશાલ કૌલે વધુમાં ઉમેર્યું હતુ કે, “અમારા સ્માર્ટ લાઈટીંગ પોર્ટફોલિયોના યોગદાનમાં વધારો કરતું હોવાથી અમે એમેઝોન સાથેના સહયોગથી ભારે ખુશ છીએ અને અમને એવા ગ્રાહકોના વર્ગને સેવા પૂરી પાડવામાં સહાય કરી છે જેઓ ડિજીટલ તરફ ઢળેલા છે, સ્માર્ટ ડિવાઈસીસનો ઉપયોગ કરે છે અને પોતાના જીવનમાં સુધારો કરવા માટે સાનુકૂળ ઉકેલોની શોધમાં છે. સ્માર્ટ સોલ્યુશન્સ હવે ભવિષ્ય બની ગયા છે અને આજની સ્થિતિએ લોકોને તેમના ઘરોમાં ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં અગાઉ કરતા ઘણી સહાય કરી છે તેમાં ફક્ત આરામ માટે જ નહી પરંતુ આગવાપણામાં વધારો કરવાનો પણ સમાવેશ થાય છે જેથી ઘરમાં એકંદરે સરળતાનો અનુભવ કરી શકાય.

ક્રોમ્પ્ટન ખાતે અમે ગ્રાહકોની આશાઓને પરિપૂર્ણ કરવા માટે સતત શોધ અને વિકાસ કરતા રહીએ છીએ અને તે અમને ઘરનો ગર્વ કરતા ગ્રાહકોની મહત્વાકાંક્ષીય જરૂરિયાતોને પૂરી કરવામાં સહાય કરશે અને વધુમાં લાઈટીંગ/સ્માર્ટ સોલ્યુશન્સ સેગમેન્ટમાં અમારી આગવી સ્થિતિમાં વધારો કરશે.

# હોન્ડાએ ભારતમાં CBના સમૃદ્ધ વારસામાં નવું પ્રકરણ ઉમેર્યું

મિડ-સાઈઝ ૩૫૦થી ૫૦૦ સીસીના મોટરસાયકલ સેગમેન્ટમાં નવું જોશ ઉમેરીને હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડે આજે સંપૂર્ણપણે નવા CB350RSના આંતરરાષ્ટ્રીય પ્રીમિયરની જાહેરાત કરી હતી. અદ્યતન સ્ટાઈલ અને શ્રેષ્ઠ વલણના સમન્વય સમાન CB350RS એ CB ફેમિલીની બીજી નવી પ્રસ્તુતિ છે, જે 'દુનિયા માટે ભારતમાં બનેલું' છે.

CB બ્રાન્ડના સમૃદ્ધ વારસા પર હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર, પ્રેસિડન્ટ અને સીઈઓ શ્રી આત્સુશી ઓગાતાએ કહ્યું હતું કે, બ્રાન્ડ CB મોટરસાયકલ પ્રેમીઓના સ્વપ્નોને સાકાર કરે છે. ૧૯૫૯માં CB92 લોંચ કર્યા પછી કંપનીએ ટેકનોલોજીમાં નવા માપદંડો સ્થાપિત કર્યા છે. આ પર્ફોર્મન્સ, સ્ટાઈલ, ટેકનોલોજી અને વિશ્વસનિયતાનો શ્રેષ્ઠ સમન્વય ધરાવે છે. ગયા વર્ષે ભારતીય રાઈડરોને 'મેડ ઈન ઈન્ડિયા' CB બ્રાન્ડનો અનુભવ મેળવવાની તક સાંપડી હતી, જેની સાથે તેમણે રોમાંચક રાઈડિંગનો ગર્વ સાથે આનંદ લીધો હતો. આજે અમને ખુશી છે કે, અમે CB સીરિઝમાં એક નવા પ્રકરણની શરૂઆત કરી છે. છ બ્રાન્ડના સમૃદ્ધ વારસાનું પ્રદર્શન કરવા માટે CB350RS પોતાની શાનદાર સ્ટાઈલ અને શ્રેષ્ઠ લૂક સાથે ભારતીય ઉપભોક્તાઓને અજોડ અનુભવ પ્રદાન કરશે અને રોમાંચક બાઈકિંગને નવી દિશા આપશે.

CB350RS વિશે હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના સેલ્સ એન્ડ માર્કેટિંગના ડાયરેક્ટર શ્રી યાદવિન્દર સિંહ ગુલેરિયાએ કહ્યું હતું કે, “છ બ્રાન્ડના વારસાને આગળ વધારતું નવું CB350RS રોડ સેઈલિંગ ધારણા - ૫” પર આધારિત છે. આ માર્ગ પર બાઈકના સ્મૂધ પર્ફોર્મન્સની સાથે રાઈડરને સેઈલિંગ જેવો અનુભવ અને આરામ આપે છે.

CB350RS પોતાની રિફાઈન અર્બન સ્ટાઈલ અને પાવરફૂલ એડવાન્સ્ડ ૩૫૦ સીસીના એન્જિન સાથે રાઈડરની જીવનશૈલીને અનુકૂળ છે.

આ તમામ રાઈડરોને આગળ વધવા અને 'જીવનને નવેસરથી જીવંત કરવા' પ્રોત્સાહન આપે છે.

# વીના યુઝર્સ આખી રાત ઈન્ટરનેટ અને OTT પર મનોરંજન માણી શકે છે

જ્યારે અત્યારે લોકો પોતાના ઘરમાં સલામતી અને અનુકૂળતા સાથે રિમોટ વર્કિંગ કરી રહ્યાં છે અને કન્ટેન્ટનો વપરાશ કરવામાં વધારે સમય પસાર કરી રહ્યાં છે, ત્યારે ઈન્ટરનેટ અને OTT પર રાતે મનોરંજન સહિત વિવિધ કાર્યક્રમો જોવાનું પ્રમાણ વધતું જાય છે. વીએ આ જરૂરિયાત પૂર્ણ કરવા રૂ. ૨૪૯ અને એનાથી વધારે મૂલ્યના તમામ વી અનલિમિટેડ રિચાર્જીસ પર રાતના ૧૨ઃ૦૦થી સવારના ૬ઃ૦૦ સુધી એના પ્રીપેઈડ ગ્રાહકો માટે કોઈ પણ પ્રકારના નિયંત્રણો વિના, કોઈ પણ પ્રકારના વધારાના ખર્ચ વિના અનલિમિટેડ હાઈ સ્પીડ નાઈટ-ટાઈમ ડેટાની સુવિધા આપવાની જાહેરાત કરી છે.

પ્રીપેઈડ ગ્રાહકો લાંબા દિવસ પછી હવે અનલિમિટેડ ઈન્ફોટેઈન્મેન્ટની મજા માણી શકે છે, લાંબા વીડિયો કોલ્સ પર પ્રિયજનો સાથે જોડાઈ શકે છે અથવા તેમના ડેઈલી ડેટા કોટાનો વપરાશ થયાની ચિંતા કર્યા વિના ડાઉનલોડ કરી શકે છે.

વીના ગ્રાહકો રૂ. ૨૪૯ અને એનાથી વધારેના હાલના તમામ અનલિમિટેડ ડેઈલી ડેટા કોટા પેક્સ પર વીકેન્ડ ડેટા રોલઓવર બેનિફિટ પણ મેળવશે, જે યુઝર્સને મોડી રાત સુધી ઈન્ટરનેટની મજા માણવાની સુવિધા આપવાની સાથે અઠવાડિયા દરમિયાન તેમના ડેઈલા કોટામાંથી વપરાશ ન થયેલા ડેટાને કેરી ફોરવર્ડ કરવાની અને વીકેન્ડ દરમિયાન એનો વપરાશ કરવાની સુવિધા આપશે.

યુવા પેઢી જેવા કન્ઝ્યુમર સેગમેન્ટની વપરાશની પેટર્ન્સ રાતમાં ડેટાના ઊંચા વપરાશને સંકેત આપે છે.

વીના ગ્રાહકો અનલિમિટેડ હાઈ સ્પીડ નાઈટ-ટાઈમ ડેટાનો ઉપયોગ વિવિધ OTT એપ્લિકેશનમાંથી વિવિધ કન્ટેન્ટ બ્રાઉઝ અને ડાઉનલોડ કરવા તેમજ વી મૂવીઝ અને લાઈવ ટીવી શૉ, લેટેસ્ટ મૂવીઝ અને ઓરિજિનલ કન્ટેન્ટની મજા માણવા વન-સ્ટોપ એન્ટરટેઈન્મેન્ટ ડેસ્ટિનેશન ટીવી એપ માટે કરી શકશે. વીના સબસ્ક્રાઈબરો દ્વારા ૧૦ મિલિયનથી વધારે ડાઉનલોડિંગ સાથે આ ૧૩ જુદી જુદી ભાષાઓમાં ૯૫૦૦થી વધારે ફિલ્મો, ૪૦૦થી વધારે લાઈવ ટીવી ચેનલ્સની સાથે તમામ પ્રકારની ઓરિજિનલ વેબ સીરિઝ અને ઈન્ટરનેશનલ ટીવી શૉ જોવાની સુવિધા આપે છે.

તાજેતરમાં ઓકલાના એક રિપોર્ટ મુજબ, વી ગિગાનેટ ઓક્ટોબરથી ડિસેમ્બર, ૨૦૨૦માં ભારતમાં સૌથી ઝડપી ૪જી નેટવર્ક હતું.

# ઈન્દિરા આઈવીએફએ ૭૫,૦૦૦ સફળ આઈવીએફ પ્રેગનન્સિનો આંકડો પાર કર્યો

ભારતમાં વંધ્યત્વ સારવાર ક્લિનિક્સની અગ્રણી શ્રૃંખલા ઈન્દિરા આઈવીએફએ તબીબી કુશળતા અને તકનીકી ક્ષમતા દ્વારા ૭૫,૦૦૦ સફળ આઈવીએફ પ્રેગનેન્સિનું સીમાચિહ્ન હાંસલ કર્યું છે.

ઈન્દિરા આઈવીએફ એક ઉદ્દેશ્ય સાથે સ્વાસ્થ્ય સેવા સંગઠન સ્વરૂપે ભારતમાં અંતરિયાળ વિસ્તારો સુધી વંધ્યત્વની સારવાર ઉપલબ્ધ કરાવવા ઉપર ગૌરવ અનુભવે છે. વર્ષ ૨૦૧૧માં પોતાની સ્થાપના અને સંપૂર્ણ ભારતમાં ૯૪ કેન્દ્રોની સાથે એક લાખ સાઈકલ્સ હાથ ધરીને આજે ઈન્દિરા આઈવીએફ દેશની સૌથી મોટી અને સૌથી વિશ્વસનીય ફર્ટિલિટિ હોસ્પિટલ શ્રૃંખલા છે.

ઈન્દિરા આઈવીએફના સ્થાપક અને ચેરમેન ડો. અજય મુર્ડિયાએ કહ્યું હતું કે, “અમને એવાં પરિવારો અંગે વિચાર કરતાં સંતોષ મળે છે કે જેમને અમે અમારા કામથી પ્રભાવિત કર્યાં છે. અમે સમાજમાં વંધ્યત્વ પ્રત્યેના દ્રષ્ટિકોણને બદલવાની શરૂઆત કરી હતી અને અમને ખુશી છે કે અમે સફળ થયાં છીએ તેમજ આ સમસ્યાઓનો ઉકેલ માટે લોકો તબીબી વિજ્ઞાન તરફ વળી રહ્યાં છે.”

ઈન્દિરા આઈવીએફના સહ-સ્થાપક અને સીઈઓ ડો. ક્ષિતિજ મુર્ડિયાએ કહ્યું હતું કે, “આ તમામ સાફલ્યગાથાઓ સફળ ક્લિનિકલ પરિણામો ઉપર અમારા સામૂહિક રીતે અપાયેલા ધ્યાનનું પરિણામ છે. અમે સુનિ?િત કર્યું છે કે અમારી વિશ્વસ્તરીય ટેક્નોલોજી અમારા લક્ષ્યોને હાંસલ કરવાના મુખ્ય સ્રોત બને. આ ઉપરાંત અમે નવીન હેલ્થકેર ટેક્નોલોજીને સામેલ કરીને થોડાં સમય પહેલાં અમારી સંગઠનાત્મક નિપૂંણતામાં પરિવર્તન કર્યું છે. ગત વર્ષે અમે અમારા પ્રગતિ અને લક્ષ્યોને ઝડપથી પૂર્ણ કરવા માટે એક મજબૂત ટીમની રચના કરી હતી. અમારા કાર્યોનું નેતૃત્વ કરવા માટે વિવિધ ડોમેનના નિષ્ણાંતોને ઈન્દિરા આઈવીએફમાં લાવવા ઉપર અમે ધ્યાન કેન્દ્રિત કર્યું છે.”

ઈન્દિરા આઈવીએફના સહ-સ્થાપક અને ડાયરેક્ટર નિતિઝ મુર્ડિયાએ કહ્યું હતું કે, “પાછલા કેટલાંક વર્ષોમાં આઈવીએફ સારવારની સફળતાના દરમાં ઘણો સુધારો થયો છે કારણકે મોટાભાગના દંપત્તિ પહેલીવારમાં જ ગર્ભધારણ કરવામાં સક્ષમ બન્યાં છે. વંધ્યત્વ અને આઈવીએફ સારવાર સંબંધિત કલંક અને ગેરમાન્યતાઓ ઘટાડવાની દિશામાં પ્રભાવી કામ કરવા ઉપર અમને ગર્વ છે. અમે અમારા કામથી દેશના અંતરિયાળ વિસ્તારોમાં પણ સકારાત્મક પરિણામ લાવવાનું ચાલુ રાખીશું.

# એનસીડેક્સ ૧૭મી ફેબ્રુઆરીથી હાઈ-પ્રો સોયાખોળનાં વાયદા શરૂ કરશે

ભારતના અગ્રણી કોમોડિટી એક્સચેન્જ નેશનલ કોમોડિટી એન્ડ ડેરિવેટિઝ એક્સચેન્જ (એનસીડેક્સ) ખાતે ૧૭મી ફેબ્રુઆરીથી હાઈ-પ્રો સોયાખોળનાં વાયદાનો પ્રારંભ થશે.

આ વાયદાનું મુખ્ય ડિલીવરી સેન્ટર મધ્યપ્રદેશનું ઈન્દોર તથા વધારાનું ડિલીવરી સેન્ટર મહારાષ્ટ્રનું લાતુર રાખવામાં આવ્યું છે . એનસીડેક્સ દ્વારા ઓફર થઈ રહેલા સોયાબીન તથા સોયાતેલનાં વાયદાના ગ્રુપમાં હવે સોયાખોળનો પણ ઉમેરો થશે. વાયદાની રેન્જમાં વધુ એક કોમોડિટીનો ઉમેરો થતાં શ્રંખલા પુરી થશે. હાલમાં માર્ચ-૨૧ થી સપ્ટેમ્બર-૨૧ સુધીનાં સોયાખોળનાં વાયદા ટ્રેડિંગ માટે ઉપલબ્ધ થશે.

આ પ્રસંગે એનસીડેક્સનાં MD અને CEO વિજયકુમારે જણાવ્યું હતુંકે, હાઈ-પ્રો સોયાખોળનાં વાયદા શરૂ કરીને એનસીડેક્સનાં એક જ પ્લેટફોર્મ ઉપર અમે સોયા કોમ્પ્લેક્ષનાં ટ્રેડ થતાં તમામ મુખ્ય ઉત્પાદનોના વાયદાની શ્રૃંખલા ઓફર કરવાનું કિર્તીમાન હાંસલ કર્યુ છે. એનસીડેક્સ ઉપર ચાલતા સોયાબીન તથા સોયાતેલનાં વાયદાની જેમ જ સોયાનાં વાયદા પણ સફળ થશે

તાજેતરમાં ભારતના સોયાખોળની નિકાસમાં જોવા મળેલો ઉછાળો સંકેત આપે છે કે એશિયા તથા યુરોપના બજારોની સોયાખોળની ગુણવત્તા માટેની ચોક્કસાઈ અંગે ભારત કેટલું જાગ?ત છે અને તેથી જ ભારતે આ બજારોમાં પોતાનો પગદંડો જમાવ્યો છે. આવા સંજોગોમાં સ્થાનિક પ્રોડ્યુસરો તથા નિકાસકારોને સ્થાનિક કરન્સીની અને ભાવની મોટી વધઘટ સામે જોખમ પ્રબંધન સ્થાનિક કરન્સીમાં કરવા માટે હેજીંગ ટૂલ જરૂરી હતું. હવે સોયાખોળનો એનસીડેક્સનો વાયદો આ કારોબાર સાથે સંકળાયેલા સૌની જોખમ પ્રબંધનની જરૂરીયાતને પુરી કરશે એવો વિશ્વાસ વિજયકુમાર વ્યક્ત કર્યો હતો.

ઓદ્યોગિક સંગઠન સોપાના અંદાજ પ્રમાણે જાન્યુઆરી-૨૧માં ભારતની સોયાખોળની નિકાસમાં છ ગણો વધારો જોવા મળ્યોછે. જાન્યુઆરી-૨૦ માં ૫૮૦૦૦ ટનની નિકાસ થઈ હતી જે જાન્યુઆરી-૨૧માં ૩૩૬૦૦૦ ટનની થઈ છે. ઈન્ડનિશિયા, ફ્રાન્સ તથા જર્મની એ ભારતનાં નોન-જી.એમ.ઓ ખોળની મોટા પાયે આયાત કરી છે. હાઈ-પ્રો સોયાખોળ તેના નામ પ્રમાણે ૫૦ ટકા કે તેનાથી વધારે પ્રોટિન ધરાવતું પશુ આહાર છે. સામાન્ય સોયાખોળમાં ૪૬ ટકા જેટલું પ્રોટિન હોય છે. એનસીડેક્સનાં સોયાખોળનાં વાયદામાં ડિલીવરી ૧૦ ટનની રહેશે.

આ પ્રસંગે NCDEXના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ અને હેડ-પ્રોડક્ટસ તથા બિઝનેસ ડેવલપમેન્ટ, કપિલ દેવે કહ્યું, કે ફૂડ તથા ફીડના વૈશ્વિક બજારમાં ભારતનું મહત્વ વધતું જાય છે. હાઈ-પ્રો સોયાબીન ખોળના વાયદા એવા સમયે શરૂ થયા છે જ્યારે ભારતની સોયા ખોળની નિકાસમાં જોરદાર ઉછાળો આવ્યો છે. તેથી આ વાયદો સોયાબીન પ્રોસેસરો માટે ભાવના જોખમનું પ્રબંધન કરવા માટેનું સૌથી કિફાયત અને આસાન ટૂલ સાબિત થશે.

ભારતમાં ૩૦૦ લાખ ટન તેલિબીયાનાં ઉત્પાદનમાં સોયાબીન ૩૫ ટકા જેટલો હિસ્સો ધરાવે છે. મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, અને રાજસ્થાનમાં સોયાબીનનું વિશેષ ઉત્પાદન થાય છે. સોયાબીનના ક્રશિંગમાંથી ૮૦ થી ૮૨ ટકા જેટલો ખોળ નીકળેછે. અને બાકીનું તેલ નીકળે છે. ભારતીય સોયાબીનનું વૈશ્વિક બજારમાં ટન દિઠ ૨૫ થી ૫૦ ડોલર પ્રિમિયમ ચાલતું હોય છે. કારણ કે ભારતમાં નોન-જી. ઍમ તિલિબીયાં વપરાયછે.

## એજુટેક સ્ટાર્ટઅપ બડા બિઝનેસે કોવિડ પછી ઈકોનોમીમાં લગભગ ૩૦૦% વર્કફોર્સનો વિસ્તાર કર્યો

કોવિડના કારણે ડિજિટલ લર્નિંગને પ્રોત્સાહન મળવાથી એજુટેક સ્ટાર્ટઅપ બડા બિઝનેસે આ નાણાંકીય વર્ષમાં તેના વર્કફોર્સ (કાર્ય ક્ષમતા) માં લગભગ ૩૦૦ વૃદ્ધિ કરી છે. સ્ટાર્ટઅપે દેશભરમાં ૩૦૦ નવા કર્મચારીઓને કામ પર રાખ્યાં છે.

આ એજુટેક પ્લેટફોર્મ નાનાં એન્ટ્રેપ્રેન્યોર અને વાન્ટ્રેપ્રેન્યોર માટે કેટલાંક ઓનલાઈન બિઝનેસ ટ્રેનિંગ અને સ્કિલિંગ પ્રોગ્રામ પ્રદાન કરે છે. આ એજુટેક પ્લેટફોર્મની સ્થાપના પ્રખ્યાત મોટિવેશનલ સ્પીકર અને બિઝનેસ ટ્રેનર ડો.વિવેક બિન્દ્રા દ્વારા ૨૦૧૯માં કરવામાં આવી હતી. બડા બિઝનેસ બુટસ્ટ્રેપ્ડ સ્ટાર્ટઅપનો મોટો વ્યવસાય દુર્લભ કેસ છે કારણ કે તેણે તેની શરૂઆતના પ્રથમ બે વર્ષમાં ૧૦૦ કરોડની આવક મેળવી છે.

# પરીએ તેના અભિયાન પ્યાર કા પીરિયડની સાથે પ્રેમ કરવા માટે નવા પરિમાણો આપ્યાં

સેલિબ્રિટી કપલ પ્રિન્સ અને યુવિકાની સાથે અનોખા અભિયાન પ્યાર કા પીરિયડની શરુઆત કરી છે. આ અભિયાન એક પુરુષ દ્વારા તેનાં ભાગીદારોની જરૂરિયાતોને સમજવાના મહત્વને દર્શાવે છે, ખાસ કરીને ત્યારે જ્યારે મહિલાને પીરિયડ્સ આવે છે. રોચક અભિયાન “પરી પ્યાર કા પિરિયડ” એ અનોખો પ્રયત્ન છે જે પુરુષોને તેની મહિલા સાથીના સાથે પીરિયડ વિશે ખુલ પીરિયડ ચાલી રહ્યાં હોય.

બ્રાન્ડના પ્રવક્તા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે,“વેલેન્ટાઈન ડેની ઉજવણીનો લોકપ્રિય વિચાર એ છે કે તમે તમારાં બેસ્ટ ડ્રેસ પહેરો અને રોમેન્ટિક ડેટ્સ પર જાવ. પોપ સંસ્કૃતિએ સૂચવ્યું છે કે પ્રેમનો બેંચમાર્ક મહત્વપૂર્ણ દિવસ જેમકે જન્મદિવસ, વર્ષગાંઠ વગેરેને જાણે છે, જોકે આ કલ્પનામાં એક કડી ખૂટે છે. પ્રેમ રોજિંદાની ચીજોમાં છે જેમ કે તમારા જીવનસાથીની અવધિની તારીખ જાણવી અને તે દરમિયાન તેની સંભાળ કરવી. આ દિવસો ઉપરાંત, રોજિંદા વાસ્તવિકતા આવેલું છે. બ્રાન્ડ તરીકે અમે માનીએ છીએ કે પ્રેમી બંધન માટે તમારા જીવનસાથીની અવધિ હોય ત્યારે તેને જાણવું અને તેની સંભાળ રાખવી તે સમાન છે.

# સેમસંગ દ્વારા ગેલેક્સી એફ૬૨ લોન્ચ કરાયો

ભારતની સૌથી વિશ્વસનીય સ્માર્ટફોન બ્રાન્ડ સેમસંગે આજે યુવા જન ઝેડ અને નવી પેઢીના ગ્રાહકો માટે વિદ્યુત ઝડપી કામગીરી અને પાવર કાર્યક્ષમતા પૂરી પાડવા માટે ફ્લેગશિપ ૭એનએમ એક્ઝિનોસ ૯૮૨૫ સાથે ગેલેક્સી એફ૬૨ના લોન્ચની આજે ઘોષણા કરી હતી. ગેલેક્સી એફ૬૨ ફ્લેગશિપ કામગીરી પ્રદાન કરવા સાથે સેગમેન્ટમાં ઉત્તમ ૭૦૦૦એમએએચ બેટરી અને આકર્ષક ૬૪એમપી ક્વોડ કેમેરા સાથે આવે છે, જે તેને રૂ.૨૫,૦૦૦થી નીચે સેમસંગ તરફથી સૌથી શક્તિશાળી સ્માર્ટફોન ઓફર બનાવે છે.

“જન ઝેડ અને નવી પેઢીના ગ્રાહકો પાવર યુઝર્સ છે અને તેમની જીવનશૈલી સાથે ખભેખભા મિલાવી રાખવા માટે પૂરતી ગતિ ધરાવે તેવા સ્માર્ટફોનની તેમને જરૂર છે.

ગેલેક્સી એફ૬૨ સાથે અમારા યુવા ગ્રાહકો માટે સ્પીડ અને પરફોર્મન્સનો નવો દાખલો બેસાડીને અગાઉ ક્યારેય નહીં તેવું અમે કર્યું છે. પહેલી જ વાર અમે ફ્લેગશિપ એક્ઝિનોસ ૯૮૨૫ પ્રોસેસરને ઉદ્યોગ અવ્વલ ૭૦૦૦એમએએચ બેટરી સાથે જોડ્યું છે. અમે માનીએ છીએ કે આ બંને બાજુ લાભદાયી રહેશે અને ગેલેક્સી એફ૬૨ આ સેગમેન્ટમાં સ્પીડ માટે બેન્ચમાર્ક બની રહેશે, જે અમારા ગ્રાહકોને અવરોધો દૂર કરવા અને જીવન પરિપૂર્ણ જીવવા માટે અભિમુખ બનાવશે! એમ સેમસંગ ઈન્ડિયાના મોબાઈલ બિઝનેસના ડાયરેક્ટર આદિત્ય બબ્બર જણાવ્યું હતું.

“સેમસંગ અને ફ્લિપકાર્ટ મજબૂત ભાગીદારી ધરાવે છે, જે નવીનતા અને ગ્રાહક પ્રથમ વિચારધારા દ્વારા પ્રેરિત છે. ગેલેક્સી એફ૬૨ના આજે લોન્ચ સાથે સેમસંગ ઉત્તમ ડિવાઈસમાં એક્ઝિનોસ ૯૮૨૫ પ્રોસેસર અને ૭૦૦૦એમએએચ બેટરી જેવી બહુપ્રતિક્ષિત ફ્લેગશિપ વિશિષ્ટતાઓ લાવી છે. ગ્રાહકો ગેલેક્સી ફોરેવર દ્વારા પાવર્ડ ફ્લિપકાર્ટ સ્માર્ટ અપગ્રેડ પ્લાન થકી ગેલેક્સી એફ૬૨ અપગ્રેડ કરી શકે છે, જેમાં તેમણે ફોનના ખર્ચના ફક્ત ૭૦ ટકા ચૂકવવાની જરૂર રહે છે. ૧ વર્ષ પછી તેઓ નવા મોડેલ માટે ડિવાઈસ એક્સચેન્જ કરવાનું પસંદ કરી શકે છે અથવા મૂળ કિંમતના બાકી ૩૦ ટકા ચૂકવીને તે જ ડિવાઈસ રાખવાનું પસંદ કરી શકે છે. આ ગ્રાહકો માટે તેમના સ્માર્ટફોન્સ અપગ્રેડ કરવાની આ સ્માર્ટ અને કિફાયતી રીત છે, જેથી કિંમતો તેમની આકાંક્ષાઓ પરિપૂર્ણ કરવામાં અવરોધ નહીં બનશે” એમ ફ્લિપકાર્ટના સ્માર્ટફોન્સના સિનિયર ડાયરેક્ટર આદિત્ય સોનીએ જણાવ્યું હતું.

## સિડબીનો ચોખ્ખો નફો ૩૮.૪ ટકા વધ્યો

ભારતના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમકદના એકમો (એમએસએમઇ) માટે એકીકૃત ધિરાણ અને સપોર્ટ ઈકોસિસ્ટમના વિકાસ માટે કાર્યરત સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા (સિડબી)ના ડેપ્યુટી મેનેજિંગ ડાયરેક્ટર શ્રી વિ. સત્ય વેંકટ રાવે જણાવ્યું હતું કે, “કોવિડ-૧૯ મહામારીની અસર વચ્ચે પણ એમએસએમઇ સેક્ટર માટે ધિરાણ વૃદ્ધિ મજબૂત રહી છે અને તેનાથી અમને પ્રોત્સાહક નાણાકીય પ્રદર્શન હાંસલ કરવામાં મદદ મળી છે.

# રિલાયન્સ સિક્યોરિટીઝ દ્વારા આરકે ફોર્જિંગના સ્ટોકની ભલામણ કરવામાં આવી

રિલાયન્સ સિક્યોરિટીઝ ના રિસર્ચ ના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી મિતુલ શાહ એ જણાવ્યું કે આર.વી.ફોર્જિંગ્સ (આરએમકેએફ) એ કોવિડ૧૯ ની આગેવાની હેઠળના દેશવ્યાપી લોકડાઉન અને વૈશ્વિક વિક્ષેપને કારણે ઉત્પાદનમાં ઘટાડો હોવાને કારણે મહેસૂલી મોરચે નાણાકીય વર્ષ૨૧ના ક્વાર્ટર ૧ માં પરાજિત કામગીરી રજૂ કરી. અમે રૂ .૩૭૦ ના ૨-વર્ષના લક્ષ્યાંક ભાવ સાથે આરએમકેએફ પર ખરીદી કરીએ છીએ.અમે અપેક્ષા રાખીએ છીએ કે કેટલાક દેશો દ્વારા જાહેર કરાયેલા ઉત્તેજના પેકેજો વૈશ્વિક સીવી ઉદ્યોગને વેગ આપશે. આગળ, અમે એનએમાં વર્ગ ૮ ટ્રકનું વેચાણ નાણાકીય વર્ષ ૨૨ માં મજબૂત ફરી વળતરની અપેક્ષા રાખીએ છીએ.

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**સુધારો**

**ઈ-ટેન્ડર નોટિસ નં. સિનિ. ડીઈઈ / એડીઆઈ / 39 (20-21) તા. 01.02.2021 ના નીચે મુજબના ટેન્ડર માટે સુધારો. ટેન્ડર નં. EL-50-1-ADI-T-58-2020-21; ફેરફાર આ મુજબ નોંધવો: સંલગ્ન ટેન્ડર ડોક્યુમેન્ટમાં કેટલાક સુધારા થયેલ છે અને સુધારાવધારા થયેલ સંલગ્ન ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઈટ www.ireps.gov.in પર સામેલ કરવામાં આવેલ છે.** 226

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**સુધારો**

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/2020-2021/12 તા.02-02-2021 નો સુધારો. કામનું નામઃ વિન્ડ મીલ સ્ટેશનઃ ગુડ્ઝ શેડનું ડેવલપમેન્ટ કરવાના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કાર્ય. (i) ટેન્ડરની કુલ કિંમત ₹ 30,78,434/- ને બદલે ₹ 30,78,358/- (ii) ટેન્ડર ખુલવાની તારીખ 04.03.2021 ને બદલે તા.05.03.2021. એનઆઈટી અને ટેન્ડર નં. ડીઆરએમ/આરજેટી/2020-2021/12 તા. 02.02.2021 માં ઉલ્લેખીત અન્ય બધી શરતો અને નિયમો અપરિવર્તનીય રહેશે. RJT-110

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**10 કેવીએ ઑક્સીલીયરી ટ્રાન્ફોર્મરની જોગવાઈ**

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ટીઆરડી/2020-2021/08 (ઈએલ) તા.10-02-2021. ટેન્ડર નં. ડીઆરએમ-આરજેટી-ઈએલ-ટીઆરડી-2020-21-08 (1) કામનું નામઃ રાજકોટ ડિવિઝનઃ 2 નંગ લેવલ ક્રોસિંગ (એલસી) ગેટ્સ ના ઈન્ટરલોકિંગ માટે 10 કેવીએ ઑક્સીલીયરી ટ્રાન્ફોર્મરની જોગવાઈ. (2) કામની અંદાજીત કિંમતઃ ₹ 17,45,930/- (3) ઈએમડીઃ નિઃશુલ્ક (4) ઓન લાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ તા.10-03-2021 ના 15:00 કલાક સુધી. ઓફીસનું સરનામુઃ ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રીકલ/ટીઆરડી), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360 001. વેબસાઈટ વિગતઃ www.ireps.gov.in RJT-112

અમને લાઈક કરો: facebook.com/WesternRly

શેઠિયાના બંગલામાં વૈભવ ભોગવે છે?
એમનો રસોઈયો અને નોકરો !

— દાદા ભગવાન

પ્રભાત

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગીની બેહાલી માટે કોણ જવાબદાર?

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં જેમા ખાસ કરીને મહાનગરપાલિકાઓમાં ઉમેદવારો,ટેકેદારો અને કાર્યકરો ચૂંટણીના પડઘમ જોરશોરથી વગાડી રહ્યા છે પરંતુ આમ પ્રજામાં આજની તારીખે જે પ્રકારનો ઉમળકો હોવો જોઈએ તેનો સદંતર અભાવ દેખાઈ રહ્યો છે. અને તેનું કારણ છે મુખ્ય રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસમા આંતરિક ખેચા તાણી અને ઉમેદવાર પસંદગી બાબતે વિરોધ કે અસંતોષ જો કે આ બંને પક્ષમાં કોંગ્રેસ ઉમેદવાર પસંદગી બાબતમાં યાદવાસ્થળી જામી છે જેમાં કોંગ્રેસ પ્રથમ ક્રમે મેદાન મારી જાય છે.....! અને હવે તેના કાર્યકરો આંતરિક ચર્ચામાં કહેતા થઈ ગયા છે કે કેટલાક નેતાઓએ કોંગ્રેસ ખતમ કરવા સોદાબાજી કરી લાગે છે નહીં તો પાયાના અને કાયમી પક્ષની સાથે જોડાયેલા પક્ષને વફાદાર અને પક્ષના દરેક કાર્યક્રમમાં ભાગ લેનારા કાર્યકરોની ટિકિટ કાપવામાં આવી ન હોત, કે મારા-તારા ,વહાલા દવલાની નીતિ અપનાવી ન હોત.... અને હવે તો આવતા રવિવારે મતદાન છે છતા ઉમેદવારો સામેનો વિરોધ કે હોબાળો શમતો નથી. તો ખુદ ઉમેદવાર પસંદગીકાર જાહેર સભામાં સ્થાનિક નેતાનું અપમાન કરી સ્ટેજ પરથી નીચે ઉતારી દે આ કેવી ગાંધીજીની કોંગ્રેસ...? મહાનગર પાલિકા ચૂંટણીમાં ઉમેદવાર પસંદગી બાબતે કોંગ્રેસ અને ભાજપમા રાજીનામાં આપવાની રમઝટ ચાલી તેમાં પણ કોંગ્રેસ પ્રથમ ક્રમે છે....તેમાં પણ જામનગર કોંગ્રેસે રેકોર્ડ કર્યો છે..... જ્યા રાજીનામા આપનાર કાર્યાલય પર ગયા પરંતુ અગાઉથી ચેતી ગયેલ નેતાગણ ઓફિસથી દૂર રહ્યા અને ઓફિસે તાળા લટકાવી દીધેલા... પરંતુ રાજીનામાં આપનારાઓએ પોતાના રાજીનામા પત્રો ઓફિસના પ્રવેશ દરવાજે લટકાવી દીધા. જોકે મનપા જેવી સ્થિતિ જિલ્લા પંચાયત,નગરપાલિકા વિસ્તારોમાં પણ સર્જાઈ છે....! ભાજપે આ બ:બતમા હરખાવાની જરૂર નથી કારણ કે રાજકોટમાં તો ઉમેદવારને મહિલાઓએ માર મારતો વિડીયો સોશિયલ મીડિયામાં ફરી વળ્યો છે તો અનેક કાર્યકરોએ રાજીનામાં આપી દીધા છે. તેમાંના કેટલાક કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયા છે. ત્યારે હવે કોંગ્રેસ મોવડી મંડળે ગુજરાતમાં વિશેષ ધ્યાન આપવું પડશે નહીં તો સફાયો ચોક્કસ થઈ શકે.....!!!

વડાપ્રધાન શ્રી મોદીજી કેન્દ્રના આરોગ્ય મંત્રાલય અને રાજ્યના મુખ્યમંત્રી સહિતના મંત્રીશ્રીએ આમ આમ પ્રજાને કોરોના થી બચવા માસ્ક બાંધવા માટે અને હાથ ધોવા માટે સતત સલાહ અને ખેતીની આપતા રહ્યા પરંતુ ચૂંટણીમાં તેઓનું સાંભળે કોણ ઉમેદવારી નોંધાવવા થી લઈને મતદારોનો સંપર્ક જાહેર સભા અને રેલી નીકળી પરંતુ ઉમેદવાર તેના ટેકેદારો સાથે ના નેતાઓ અને કાર્યકરો ના મોઢે બાંધેલા જોવા મળતા ન હતા મતલબ કરો પરિણામ એ આવ્યું કે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને સાંસદ ચાવડા ભીખુભાઈ દલસાણીયા તેમજ મુખ્ય મંત્રીના અંગત સચિવ પેટમાં આવી ગયા ત્યારે તેમના સંપર્કમાં આવેલા નું શું પરિણામ આવશે.....? મહારાષ્ટ્ર રાજ્યમાં છેલ્લા ૪૨ દિવસ બાદ એક સાથે ૩૩૬૫ કેસ નોંધાતા કેરળને પાછળ મુકી દીધું છે તેવી સ્થિતિ ચુંટણીઓ પૂરી થતા પેદા તો નહીં થાય ને....? તેવી શંકાઓ વ્યક્ત કરતા સવાલો સાથે જાગ્રત લોકોમાં ચર્ચાઓ થઈ રહી છે.....!?!

# સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) દ્વારા શુભારંભ કાર્યક્રમનુ આયોજન



તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ બાકરોલ ખાતે સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ તેમજ સરદાર પટેલ કોલેજ ઓફ કોમર્સ દ્વારા તા. ૧૫/૦૨/૨૦ ના રોજ ક્ક્ષુભારંભક્ક્ષ કાર્યક્રમ નુ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પ્રથમ વર્ષમાં જે વિદ્યાર્થીઓએ એડમીશન મેળવેલ છે તેઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનો માં સંસ્થા ના સેક્રેટરી શ્રી શીતલ પટેલ સાહેબ , સંસ્થાના ચેરમેન શ્રી ગિરીશભાઈ પટેલ સાહેબ, શ્રી.ડો.નીરવ ત્રિવેદી સાહેબ (ડાયરેક્ટર લ્ભ્દ્ખ્પ/લ્ભ્દ્દ), તેમજ કોલેજના વિવિધ વિભાગના એચઓડી શ્રીઓ તેમજ કોલેજના તમામ ફેકલ્ટી મેમ્બરો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ ની શરૂઆત દીપ પ્રાગટ્ય તેમજ પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી.

જેમાં આમંત્રિત મહેમાનોનો શાબ્દિક પરિચય કોમર્સ કોલેજ ના એચઓડી ડૉ. ઈના રાવલ એ આપ્યો હતો. આ ઉપરાંત સમસ્ત સંસ્થા નો સંપૂણ ચિતાર કોલેજના ડાયરેક્ટર ડૉ. નિરવ ત્રિવેદી સાહેબ દ્વારા આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ તેમજ સરદાર પટેલ કોલેજ ઓફ કોમર્સ કોલેજોની સિદ્ધિઓ વિષે અધ્યાપક ડો. જૈમીન ત્રિવેદી સાહેબ દ્વારા સંપૂર્ણ ચિતાર આપ્યો હતો. તેમજ વિદ્યાર્થીઓને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

તદુપરાંત કાર્યક્રમના અતિથિ વિશેષ શ્રી ગિરીશભાઈ પટેલ સાહેબ તેમજ શીતલભાઈ પટેલ સાહેબ દ્વારા કાર્યક્રમ ના અંતર્ગત પોતાના આશીર્વચનો દ્વારા વિદ્યાર્થીઓ પ્રોત્સાહન તેમજ યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

અંતમાં આભારવિધિ કોલેજના બીબીએઆઈએસએમ વિભાગના એચઓડી ગીતા સાહી મેડમ દ્વારા કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમ નું માર્ગદર્શન કોલેજના ડાયરેક્ટર શ્રી ડો. નિરવ ત્રિવેદી સાહેબ અને સંચાલન અધ્યાપિકા પ્રતિમા ચૌધરી મેડમ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા બદલ સંસ્થાના ચેરમેન શ્રી ગીરીશ પટેલ , સેક્રેટરી શ્રી શીતલ પટેલ, તેમજ ટ્રસ્ટીશ્રીઓ જૈમિન પટેલ સર, ધર્મેશ પટેલ સર, વિકાસ પટેલ સર, બ્રિજેશ પટેલ સર અને ભાવિન પટેલ સર દ્વારા ડાયરેક્ટર શ્રી ડો. નિરવ ત્રિવેદી સાહેબે અભિનંદન પાઠવ્યા હતા.

## ભરતી નહિ તો વોટ નહિ

# સુરતમાં શિક્ષિત બેરોજગારોના મુદ્દા લઈને ઘણા વિસ્તારોમાં બેનર લગાવાયા

સુરત,તા.૧૬

મહાનગરપાલિકાની ચૂંટણીમાં દરેક વિસ્તારમાં પોતાની માંગણીઓ સાથે બેનર લાગી રહ્યા છે. સુરતમાં શિક્ષિત બેરોજગારોના મુદ્દા લઈને અલગ-અલગ વિસ્તારોમાં ભરતી નહીં તો વોટ પણ નહીંના બેનર લગાવવામાં આવ્યા છે બેનરમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે રાજ્યના લાખોની સંખ્યામાં શિક્ષિત બેરાજ બેરોજગારો માટે જવાબદાર કોણ છે? રાજ્ય સરકાર ઉપર સીધા આક્ષેપ કરતાં બેનરો લગાડવામાં આવ્યા છે. બેનરમાં રાજ્યમાં ખાલી પડેલી જગ્યાઓ પર તાત્કાલિક અસરથી વિદ્યાર્થીઓને શિક્ષિત બેરોજગારોને લેવા માટે પરીક્ષાની તારીખો જાહેર કરવાની વાત કરવામાં આવી છે.

જે પરીક્ષાઓ લેવાઇ ગઇ છે અને ઉમેદવારે તમામ પ્રક્રિયા પૂર્ણ કરી છે તેમણે ઝડપથી નોકરીનો ઓર્ડર આપવામાં આવે એ પ્રકારની માગ કરવામાં આવી છે. સરકારે કેટલીક એવી જગ્યાઓ કે જેમાં ઉમેદવારે પરીક્ષા પાસ કરીને તમામ પ્રકારની પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે છતાં પણ તેમને હજી સુધી નોકરી પર હાજર થવા માટે સરકારે હુકમ કર્યો નથી. તેને લઈને પણ ખૂબ જ રોષ જોવા મળી રહ્યો છે. યુવા શિક્ષિત બેરોજગારો દ્વારા ભરતી નહીં તો મત નહીંના બેનર શહેરના વિવિધ વિસ્તારોમાં લગાડીને પોતાનો રોષ વ્યક્ત કર્યો છે.

રાજ્યભરમાં છેલ્લા કેટલાક સમયથી શિક્ષિત બેરોજગાર યુવાનો દ્વારા આંદોલન શરૂ કરવામાં આવ્યા હતા.

# સુરત ભાજપ ધારાસભ્ય સામે કાર્યકરોમાં રોષ, ધારાસભ્ય પુર્ણેશ મોદીનો ભરબજારે ઉધડો

સુરત,તા.૧૬

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીઓ પૂર્ણ થઇ ચુકી છે. તમામ બેઠકો માટે ફોર્મ ભરાઈ ચુક્યા છે. અને ઉમેદવારો સહીત તમામ પાર્ટીઓ પુરા જોશ સાથે પ્રચાર પ્રસારમાં લાગી ગઈ છે. ત્યારે નાગરિકો અને કાર્યકર્તા હવે જાગૃત બન્યા છે. સુરતમાં સત્તાધારી પાર્ટી ભાજપના ધારાસભ્યનો કાર્યકર્તાઓએ ઉધડો લીધો હતો. કાર્યકરોએ ધારાસભ્ય પુર્ણેશ મોદીનો ભરબજારે ઉધડો લઇ નાખ્યો હતો.

જુના કાર્યકર્તાઓને ટીકીટ ન મળતા કાર્યકરો નારાજ થયા હતા. સુરત પશ્ચિમના ધારાસભ્ય પુર્ણેશ મોદી રાંદેરની મોટીફળીમાં પ્રચાર અર્થે ગયા ત્યારે લોકોએ ઉમેદવાર પસંદગી બાબતે વિરોધ કરી ૪૦થી ૫૦ લોકોએ પૂર્ણેશ મોદીનો ઘેરો ઘાલ્યો હતો અને ઉમેદવારોની પસંદગી સિદ્ધાંત મુજબ કરાઈ ન હોવાનો બળાપો કાઢયો હતો.લોકોનો આક્રોશ જોઈ પૂર્ણેશ મોદી કશું બોલી શક્યા ન હતા. વધુમાં આ સમગ્ર ઘટનાનો વિડિઓ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

# શ્વાનને દોરડા સાથે બાંધીને ચાલુ ગાડીએ ઘસડીને લઈ જતો વિડીયો વાયરલ

સુરત,તા.૧૬

ટેકનોલોજીના જમાનામાં લાગણીઓ ભૂલાઈ છે. માનવી ધીરે ધીરે પત્થર દિલનો બની રહ્યો છે. એમ કહો કે, લાગણીહિન માનવ ક્રુરતાની હદ વટાવી રહ્યો છે. માણસો મૂંગા પશુઓને પણ છોડતો નથી. મૂંગા પશુ સાથે પિશાચી કૃત્ય કરતા પણ જરા વિચારતા નથી. ત્યારે સુરતમાંથી એવો વીડિયો સામે આવ્યો છે જે તમારું કાળજુ કંપાવી દેશે. સોશિયલ મીડિયા પર સુરતનો એક વીડિયો વાયરલ થયો છે. જેમાં એક શ્વાનને દોરડાથી બાંધીને ગાડી સાથે ખેંચવામાં આવ્યો છે.

આ સાંભળવું પણ ન ગમે, ત્યારે કેટલાક લોકો દ્વારા આ કૃત્ય કરવામાં આવ્યું છે.

# રામનું નામ ભજતાં મૂળીના મુસ્લિમ યુવાને હનુમાનજીની ૩૫ હજારથી વધુ મૂર્તિ ભેટ આપી

મૂળી,તા.૧૬

મૂળીનાં ભીંડીપા વિસ્તારમાં રહેતા અને અનાજ દળવાની ધંટી ચલાવતા મુસ્લિમ યુવાન કોમી એકતાનું અનોખુ ઉદાહરણ પુરૂ પાડી રહ્યો છે. મોરારિ બાપુની કથા સાંભળ્યા બાદ તેમાંથી પ્રેણા મળતાં આ યુવાને છેલ્લા ૫ વર્ષમાં ૩૫ હજારથી વધુ હનુમાનજીની મુર્તિ, સ્ટીકર લોકોને નિઃશુલ્ક ભેટ આપી છે. આ માટે ફેબ્રુઆરી મહિનામાં સુરત ખાતે યોજાયેલા ગુજરાત બુક ઓફ રેકોર્ડસ દ્વારા પ્રમાણપત્ર અને શિલ્ડ સાથે સન્માનિત કરવામાં આવ્યો હતો. હાલનાં સમયમાં કોમ કોમ વચ્ચે ઝધડાનાં બનાવો ખુબજ વધી રહ્યા છે. ત્યારે મૂળીનો મુસ્લિમ યુવાન ‘એક બનો નેક બનો’નાં નારો સાથે હળમળીને રહેવા પ્રોત્સાહન આપી રહ્યો છે.

ભીંડીપા વિસ્તારમાં રહેતા ઈમરાનભાઈ ઉર્ફે રાજુભાઈ કગથરા મુસ્લિમ હોવા છતાં કોઈપણ જાતનાં સ્વાર્થ વગર રામ નામ ભજતા ભજતા ૫ વર્ષમાં ૩૫ હજારથી વધુ હનુમાનજીની મુર્તિ લોકોને ભેટ આપી ચુક્યા છે. આ મુસ્લીમ રાજુભાઈનાં પ્રેમ ભર્યા આદરથી પ્રખ્યાત કથાકાર મોરારી બાપુ પણ તેમનાં ઘરની મુલાકાત લઈ વિસામો કરી ચુકયા છે. યુવાનની કામગીરીને બિરદાવવા સુરતમાં દર વર્ષે યોજાતા ગુજરાત બુક ઓફ રેકોર્ડસમાં તેમને સ્થાન આપી સન્માનિત કરાતા મૂળી સહિત સમગ્ર વિસ્તારનુ નામ રોશન કર્યુ છે.

આ અંગે ઈમરાનભાઈ કગથરા એ જણાવ્યું હતુ કે, હું તેમજ મારા સાથી મિત્ર હાર્દિકભાઈ વસવેલીયાનાં સહકારથી આ કાર્ય સિદ્ધ કર્યુ છે. પરિવારનો સહકાર પણ પુરે પુરો મળે છે પરંતુ સામાજીક પ્રસંગોમાં કાયરેક કોઈનાં મેંણા ટોંણા પણ સાંભળવા પડે છે.પરંતુ સારા કાર્યો કરવાની ધાર્યુ હોવાથી તે સામાન્ય લાગે છે.આ ઉપરાંત લોકોડાઉન ચાલતુ હતુ ત્યારે રોજગારી બંધ હોવાથી અનેક પરિવારની દયનિય સ્થિત બની ગઈ હતી. ત્યારે રાજુભાઈ દ્વારા ૧૦૦થી વધુ પરિવારો, સંતોને કિટ આપી અનોખી સેવા બજાવી હતી.

# ભાન ભુલી સગીરા લગ્ન કરવા માટે બોયફ્રેન્ડને ઘરે પહોંચી, ૧૮૧ની મદદ મંગાઈ

ભાવનગર,તા.૧૬

વેલેન્ટાઇન ડે એટલે ખાસ કરીને યુવાધન માટે આ દિવસ ખુબજ મહત્વનો મનાય છે. ત્યારે વેલેન્ટાઇન ડેના આગલે દિવસે ભાવનગર નજીકના એક નાના એવા ગામની તરૂણી તેના પ્રેમી યુવક સાથે લગ્ન કરવા માટે તેના ઘરે ભાગી ગઇ હતી. અને આ અંગેની જાણ તેના માતા-પિતાને થતા તેઓએ તેને સમજાવવાની કોશીષ કરતા તે માની ન હતી. અને તરૂણીએ જાતે ફોન કરી ૧૮૧ મહિલા હેલ્પ લાઇનની મદદ માગી હતી. જેથી ૧૮૧ ની ટીમની સમજાવટ બાદ મામલો થાળે પડયો હતો. અને તરૂણી તેના મા-બાપ સાથે જવા તૈયાર થઇ હતી. ભાવનગર પાસેના એક નાના એવા ગામમા રહેતી તરુણીને તેના જ ગામના એક યુવક સાથે પ્રેમ સંબંધ હતો. અને તેણી તેના વિના રહી શકે તેમ ન હોય લગ્ન કરવા માટે તેણી વેલેન્ટાઇનના આગલા દિવસે વહેલી સવારે પોતાના માતા-પિતાનુ ઘર છોડી યુવકના ઘરે ચાલી ગઇ હતી.

જે અંગેની તેના માતા-પિતાને જાણ થતા વહેલી સવારે આશરે ૫-૦૦ વાગ્યાની આસપાસ તેણીને લેવા માટે યુવકના ઘરે ગયા હતા. પરંતુ ત્યાં બન્ને પક્ષે સામાસામી બોલાચાલી થયેલ. જેથી સગીરા તેના મમ્મી-પપ્પાના સાથે જવા માટે તૈયાર ન હતી. બાદમા તરૂણીના બોયફ્રેન્ડ અને તેના માતા-પિતાને ભાવનગર ૧૮૧ ના કાઉન્સેલર કોમલ પરમાર તેમજ મહિલા પો.કો. કાજલબેન મકવાણા અને પાયલોટ નિતીનભાઇ રહેવરે તેમના ઘરે પહોંચી યુવક તથા સગીરાને સમજાવ્યા હતા. અને કાયદાકીય પ્રાથમીક જાણકારી આપી હતી. તરુણીના પિતા સાથે પણ ટેલીફોનીક વાતચીત કરી હતી.

અને સગીરા તથા યુવકના એમ બન્નેના માતા-પિતાને તેમજ યુવક અને તરુણી એમ તમામનુ કોમલબેન પરમારે કાઉન્સેલીંગ કરી તરૂણી તથા યુવકને કાયદાકીય રીતે લગ્ન કરી શકે તેવી ઉંમર ન હોય તે અંગેનુ જ્ઞાન આપેલ. અને તરૂણીના માતા-પિતા તેમની દિકરીને મેણા-ટોણા ન મારે અને કોઇ પણ પ્રકારના અપશબ્દો ન બોલે કે મારકુટ ન કરે તેની ખાત્રી અપાવી ઘરમા પ્રેમથી રાખે તેમ જણાવેલ. અંતે બન્ને પક્ષે માની જતા તરુણી કે જે તેના માતા-પિતા સાથે જવા તૈયાર ન હતી. તેને તેના મા-બાપને સોંપી હતી.

# ઘોઘા દહેજ વચ્ચે પેસેન્જર ફેરી સર્વિસ શરૂ થાય તે પૂર્વે શિપ ગરૂડ ગ્રાઉન્ડ થઈ ગયું

ભાવનગર,તા.૧૬

ઘોઘા અને હજીરા વચ્ચે સફળતાપૂર્વક ચાલી રહેલી રો-પેક્સ ફેરી સર્વિસ બાદ સરકાર દ્વારા ઘોઘા અને દહેજ વચ્ચે પેસેન્જર ફેરી સર્વિસ શરૂ કરવાની યોજના ચાલુ છે. આ યોજના તળે લાગુ કરવામાં આવનાર જહાજ ઘોઘા નજીક ગ્રાઉન્ડ થઈ જતા દોડધામ મચી ગઇ હતી.દિનદયાલ પોર્ટ ટ્રસ્ટ કંડલા દ્વારા ઘોઘા અને દહેજ વચ્ચે પેસેન્જર ફેરી સર્વિસ શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. તેના અંતર્ગત ૧૩૭ મુસાફરોની ક્ષમતા વાળુ જહાજ ગરુડ ઘોઘા ખાતે આવી પહોંચ્યું હતું.

ઘોઘા અને દહેજ વચ્ચે પેસેન્જર ફેરી સર્વિસ શરૂ કરવા માટે ગરુડ જહાજ લાવવામાં આવ્યું છે. આ ગરુડ જહાજ ઘોઘાથી દહેજ વચ્ચેની ટ્રાયલ રન સોમવારે કરવાનું હતું અને તેના માટે ઘોઘા ફેરી સર્વિસ પોન્ટૂન ખાતેથી નીકળ્યું હતું. નીકળતાની સાથે થોડે દૂર ઘોઘાના ટર્નિંગ સર્કલ નજીક જહાજ ગરુડ ગ્રાઉન્ડ થઈ ગયું હતું. બાદમાં મોડી સાંજ સુધી આ જહાજની ટોઈંગ કરી અને પરત લાવવા માટેની કોશિશ થઈ રહી છે.

# રાજકોટ મનપાની ચૂંટણી માટે ભાજપનો સંકલ્પ પત્ર કરાયો જાહેર

રાજકોટ,તા.૧૬

સ્થાનિક સ્વરાજની ચૂંટણીના મતદાનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે આજે રાજકોટમાં ભાજપે ચૂંટણી ઢંઢરો જાહેર કર્યો છે. રાજકોટ મનપાની ચૂંટણી માટે ભાજપનો સંકલ્પ પત્ર આજે પ્રેસ કોન્ફરન્સ કરીને જાહેર કરવામાં આવ્યો છે. રંગીલા રાજકોટનો ક્લ્લિોસર કરવા માટે ભાજપે આજે સવારે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. જેમાં લોકોને આકર્ષવા માટે અલગ અલગ વાયદાઓ કરવામાં આવ્યા છે. ભાજપના સંકલ્પ પત્રમાં મહત્વપૂર્ણ કહી શકાય તેવા ૧૨ જેટલા મુદ્દાને આવરી લેવાયા છે. રાજકોટની હદમાં વધારો થયા પછી ૧૮ વોર્ડ યથાવત રાખવામાં આવ્યા છે. રાજકોટમાં મોટા મવા, મુંજકા, માધાપર, ઘંટેશ્વર અને મનહરપુર એમ પાંચ ગામનો રાજકોટ શહેરમાં સમાવેશ કરવામાં આવ્યો છે. કોર્પોરેશનની ચૂંટણીમાં ૭૨ કોર્પોરેટરો ચૂંટવાના રહેશે. જેમાં ૩૬ બેઠકો મહિલા અનામત છે.

કુલ ૭૨ બેઠકો પૈકી ૫ બેઠકો અનુસૂચિત જાતિ અનામત રહેશે. તે પાંચ પૈકી ૩ મહિલા અનુસૂચિત જાતિ માટે રહેશે. ૭ બેઠકો બક્ષીપંચ માટે અનામત રહેશે. આ ૭માં ૭ બેઠકો બક્ષીપંચ મહિલા માટે અનામત રહેશે. ૧ બેઠક આદિજાતિ મહિલાઓ માટે અનામત રહેશે. રાજકોટમાં પ્રથમ વખત આદિવાસી મહિલા માટે એક બેઠક અનામત રહેશે. ભાજપના સંકલ્પ પત્રમાં મહત્વપૂર્ણ કહી શકાય તેવા ૧૨ જેટલા મુદ્દામાં રાજકોટને સર્વોત્તમ, સુંદર બનાવવાનું સપનું છે. આ સિવાય આત્મનિર્ભર સ્ત્રી શક્તિ પર ભાર મુકાયો, ઈન્ટરનેટ, જ્ઞાન સાથે ગમ્મતની ભેટનો વાયદો, યુવાનો માટે યુથસ્પોટ, યુવા કોટ પર ભાર મુકાયો, વડીલ વંદના, સામાન્ય જનના મુદ્દા પર ભાર મુકાયો, નવા વિસ્તારોને નવી સુવિધાનો વાયદો, કળા, સંસ્કૃતિ, વેપાર – ઉદ્યોગોને પ્રોત્સાહનનો વાયદો, દરેક આરોગ્ય કેન્દ્રના આધુનિકીકરણનો વાયદો અને ઈન્ડોર સ્ટેડિયમ, જીમ, યોગખંડ, શહેરમાં અલગ-અલગ સ્થળે ૫ અંડરબ્રિજ બનશે.

## આણંદ જિલ્લા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી......

# ચૂંટણી નિરીક્ષક શ્રી વિણા પટેલ પેટલાદ બોરસદની મુલાકાત લીધી......



આણંદ જિલ્લામાં આગામી તા.૨૮ ફેબ્રુઆરી ના રોજ યોજાનારી નગરપાલિકા , તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ની ચૂંટણી ની જિલ્લા તંત્ર દ્વારા તૈયારી ઓ પૂર્ણ કરવા માં આવી છે

જિલ્લા માં યોજાનારી ચૂંટણી માટે ચૂંટણી નિરીક્ષક તરીકે વિણા પટેલ ની ચૂંટણી પંચ તરફ થી નિમણૂક કરવામાં આવી છે

તેઓ એ આજે પેટલાદ અને બોરસદ મતદાર મંડળ ની મુલાકાત લીધી હતી

ચૂંટણી સાથે જોડાયેલા અધિકારી શ્રી અને કર્મચારી ઓ સાથે સંવાદ કરી મતદાન માટે ની વ્યવસ્થા ની

સમિક્ષા કરી હતી તેઓએ નગરપાલિકા અને પંચાયત ના ઉમેદવારી પત્રો વિશે પણ જાણકારી મેળવી હતી.

બપોર બાદ તેઓએ પત્રકારો સમક્ષ જિલ્લા માં ચૂંટણી સંદર્ભે

કરાયેલ તૈયારીઓ અને વ્યવસ્થા થી સંતોષ વ્યક્ત કરતા કહ્યું કે

જિલ્લા માં ચૂંટણી ની તૈયારીઓ અને ચૂંટણી સાથે જોડાયેલ અધિકારીઓ કર્મચારીઓ અનુભવી જોવા મળ્યા અને સંમગ્રયતા ચૂંટણી અને મતદાન સુધી ની ગોઠવાયેલી વ્યવસ્થા બરોબર અને સંતોષકારક જોવા મળી છે

ચૂંટણી નિરીક્ષક શ્રી વિણા પટેલે આણંદ જિલ્લા માં ના તમામ મતદાર મંડળો ના મતદારો ને નાગરિકો ને કોઈપણ ને કોઈ પ્ર‘ હોય તો તેઓ મને સર્કિટ હાઉસ આણંદ ખાતે રૂબરૂ પણ રજુઆત કરી શકે છે

# સાબરકાંઠા જિલ્લામાં કોરોના રસીકરણનો બીજો ડોઝ અપવામાં આવ્યો

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લામાં કોરોના રસીકરણ અભિયાન અંતર્ગત ગત તા. ૧૬ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ વેક્સિનેશનનો પ્રથમ ડોઝ આપી જિલ્લામાં covid-19 વેક્સિનેશનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. પ્રથમ ડોઝ આપ્યા પછી ૨૮ દિવસ પૂર્ણ થતા ગાઇડલાઇન પ્રમાણે કોરોના રસીકરણના બીજા રાઉન્ડની શરૂઆત જિલ્લાના આરોગ્ય કેન્દ્રો પર કરવામાં આવી હતી. જેના ભાગરૂપે તા ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૧ ના રોજ જી.એમ.ઇ. આર. એસ મેડિકલ કોલેજ હિંમતનગર, સબ ડિસ્ટ્રિક હોસ્પિટલ ઇડર, ખેડબ્રહ્મા અને સામુહિક આરોગ્ય કેન્દ્ર વિજયનગર અને તલોદના નોંધાયેલા ૫૦૦ જેટલા લાભાર્થિઓ પૈકિ ૪૬૭ લાભાર્થીઓને કોરોના રસીનો બીજો ડોઝ લીધો હતો જેમાં ઈન્ડિયન મેડિકલ એસોસીએશનના પ્રમુખ, સેક્રેટરી અને પ્રાઈવેટ ડોક્ટરોએ પણ બીજો ડોઝ લીધો હતો. સાથે લોકોને કોરોના રસી વિના સંકોચ લેવા માટે અપિલ કરી હતી.

# સાબરકાંઠામાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં જિ.પં.ના ૯૭ ઉમેદવાર અને તા.પં.ના ૪૫૦ ઉમેદવાર મેદાને

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાની સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં તા. ૧૬ ફેબ્રુઆરીના રોજ ઉમેદવારી પત્રક પરત ખેંચવાનો અંતિમ દિવસ હોઇ જિલ્લા પંચાયતના ૩ ઉમેદવારો, તાલુકા પંચાયતના ૧૭ ઉમેદવારો તેમજ ત્રણ નગરપાલિકા હિંમતનગર, વડાલી અને તલોદ નગરપાલિકાના ૧૨ ઉમેદવારોએ અંતિમ દિવસે પોતાના ઉમેદવારી પત્રકો પરત ખેંચ્યા હતા. જ્યારે હિંમતનગર પાલિકામાં ૫ ઉમેદવારો બીન હરીફ જાહેર થયા હતા.

# સુરતના વરાછામાં બદમાશોએ યુવાને માર મારીને કાર લઈને ફરાર થયા

સુરત,તા.૧૬

સુરત શહેરમાં ગુનાખોરીનાં બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. હવે તો બદમાશોને જાણે કે પોલીસનો કોઈ ડર જ ન રહ્યો હોય તેવા બનાવો બની રહ્યા છે. ગતરોજ ગતરોજ મિત્રની ગાડી લઇને પરિવાર સાથે નીકળેતાં યુવાને રસ્તામાં આંતરીને બે ઈસમો ગાડી લઈને ફરાર થઈ ગયા હતા. આ દરમિયાન યુવાનને માર પણ મારવામાં આવ્યો હતો. આ બનાવ સુરતના વરાછા વિસ્તારમાં બન્યો છે.

મળતી માહિતી પ્રમાણે સુરતના વરાછા રોડ પર આવેલી માતાવાડી ઈશ્વરકૃપા સોસાયટીમાં રહેતા મુકેશ મોહન કલસરિયા કાપડના વ્યવસાય સાથે જોડાયેલા છે. પોતાના પરિવારને કામ અર્થે બહાર જવાનું હોવાથી તેઓએ પોતાના ખાસ મિત્ર એવા રાજકુમાર શ્રીવાસ્તવ પાસેથી કાર લીધી હતી. જે બાદમાં પિતા મોહનભાઈ, માતા કાશીબેન, બહેન સ્વાતી અને ભાઈઓ જીગ્નેશ તથા ભૌતિક સાથે ઓલપાડ જવા નીકળ્યા હતા.

આ દરમિયાન રસ્તામાં જ્વલંત ટાઉનશિપ પાસે બાઈક પર સવાર બે લોકોએ મુકેશભાઈની ગાડી આંતરી હતી અને તેમને કહ્યું હતું કે તેમની પાસે રહેલી ગાડી તેમની છે. આવું કહીને બંનેએ પોતાની ઓળખ નિર્લય ગોસ્વામી અને ઋત્વિક પાટીલ તરીકે આપી હતી. મુકેશભાઈએ ગાડી તેમના મિત્રની હોવાની વાત કરી હતી અને સાથે જ તેમના મિત્ર સાથે વાત કે મુલાકાત કરાવી દેવાનું પણ જણાવ્યું હતું.

## વલસાડમાં ભરબજારમાં

# ગાયોનો શ્વાન અને તેના માલિક પર હુમલો, ઘટના સીસીટીવીમાં કેદ

વલસાડ,તા.૧૬

વલસાડના શાકભાજી માર્કેટ સામે બે દિવસ અગાઉ પાલતું શ્વાન અને તેના માલિક પર ગાયોએ હુમલો કર્યો હતો. આ હુમલાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. જેમાં જોઈ શકાય છે કે પાલતું શ્વાન પર ભડકેલી ગાયોએ હુમલો કર્યો હતો. શ્વાનને બચાવવા ગયેલા તેના માલિક પર પણ ભડકેલી ગાયોએ હુમલો કર્યો હતો. વલસાડની ભરબજારમાં બનેલી આ ઘટનાને કારણે થોડા સમય સુધી માર્કેટમાં દોડધામ મચી ગઇ હતી. બનાવની વિગતે વાત કરીએ તો બે દિવસ પહેલા વલસાડની મધ્યમાં આવેલી શાકભાજી માર્કેટના જાહેર રસ્તા પર એક યુવક પોતાના પાલતું શ્વાન સાથે બજારમાં લટાર મારવા નીકળ્યો હતો.

આ વખતે કેટલિક ગાયો પણ બજારના રસ્તા પર ફરી રહી હતી. રસ્તા પર ફરી રહેલી ગાયોને જોતા જ પાલતું શ્વાને ગાયો સામે ભસવાનું શરું કરી દીધું હતું. જેથી ગાયો ભડકી હતી અને શ્વાનની પાછળ દોડી હતી. ગાયોને આવતી જોઈને શ્વાન માલિક પોતાના પાલતું શ્વાનને ઊંચકીને બજારમાં દોડ્યા હતા. જે બાદમાં ગાયોએ શ્વાન અને તેના માલિકનો પીછો કર્યો હતો. ગાયોનો મૂડ પારખી ગયેલા શ્વાન માલિકે ગાયોથી પીછો છોડાવવા માટે ખૂબ મથામણ કરી હતી.

શ્વાન માલિકે બજારના ફૂટપાથ પર અને આમતેમ દોટ મૂકી હતી પરંતુ ભડકેલી ગાયોએ શ્વાન અને માલિકનો પીછો છોડ્યો ન હતો. જે બાદમાં શ્વાન માલિકે પોતાના શ્વાનને છૂટો મૂકી દીધો હતો પરંતુ ગાયોએ તેનો પીછો છોડ્યો ન હતો. એક સમયે ગાયો અને શ્વાન માલિકનો ભેટો થઈ ગયો હતો. જે બાદમાં ગાયોએ શ્વાન માલિક પર હુમલો કરી દીધો હતો. જાહેર રસ્તા પર અને ભરબજારમાં બનેલી આ ઘટનાને કારણે આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઇ હતી.





ચેન્નાઈના એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના ચોથા દિવસે ભારતના ઈષભ પંતે ઇંગ્લેન્ડના મોઇન અલીને સ્ટમ્પ આઉટ આઉટ કર્યો હતો.ચેન્નાઈના એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના ચોથા દિવસ દરમિયાન ભારતીય ખેલાડીઓ ઉજવણી કરે છે. ભારતે આ મેચ ૧૩૭ રને જીતી લીધી હતી

### કોહલીએ સૌથી વધુ ટેસ્ટ જીતવાના મામલે ધોનીની બરાબરી કર

# ભારતનો ઈંગ્લેન્ડ સામે ચેન્નઈ ટેસ્ટમાં ઐતિહાસિક વિજય

## પ્રવાસી ઈંગ્લેન્ડની બીજી ઈનિંગ્સ ૧૬૪ રનમાં સમેટાઈ, અક્ષરની પાંચ વિકેટ, અશ્વિનની મેચમાં કુલ આઠ વિકેટ

(જી.એન.એસ.)

ચેન્નઈ,તા.૧૬

ભારત અને ઈંગ્લેન્ડની વચ્ચે રમાઈ રહેલી ટેસ્ટ સિરીઝની બીજી મેચનો આજે ચોથો દિવસ છે, ત્યારે ભારતીય ટીમે ચેન્નઈમાં પહેલી ટેસ્ટ મેચમાં મળેલી હારનો બદલો લીધો છે. ચેન્નઈના ચેપોક સ્ટેડિયમમાં રમાઈ રહેલી ટેસ્ટ સિરીઝની બીજી મેચમાં ભારતે ઈંગ્લેન્ડને ૩૧૭ રને હરાવી દીધું છે. આ સાથે ભારતીય ટીમે સિરીઝ ૧-૧ની બરાબરી કરી છે. ભારતીય ટીમના હીરો આર અશ્વિન રહ્યો હતો. તેણે મેચમાં કુલ આઠ વિકેટ લીધી હતી અને આ ટેસ્ટમાં તેણે સદી પણ ફટકારી હતી. અક્ષર પટેલે પણ આ ટેસ્ટમાં આઠ વિકેટ લીધી હતી. અશ્વિને પહેલી ઈનિંગ્સમાં પાંચ વિકેટ લીધી હતી. ભારતીય ટીમે ઈંગ્લેન્ડને ૪૮૨ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. એના જવાબમાં ઈંગ્લેન્ડની ટીમ ૧૬૪ રનમાં ઓલઆઉટ થઈ હતી.

ભારતે ટોસ જીતીને પહેલાં બેટિંગ કરતાં પહેલી ઈનિંગ્સમાં ૩૨૯ રન કર્યા હતા, જેમાં રોહિત શર્માએ ૧૬૧ રન કર્યા હતા. રોહિતની સાથે રહાણેએ ૬૭ અને પંતે ૫૮ રન કર્યા હતા. જ્યારે પહેલી ઈનિંગ્સમાં ભારતીય બોલરો રંગ રાખતાં ૧૩૪ રન સુધી સીમિત કર્યા હતા. અશ્વિને પહેલી ઈનિંગ્સમાં પાંચ વિકેટ લીધી હતી.

ત્યાર બાદ બીજી ઈનિંગ્સમાં ભારતે ૨૮૬ રન બનાવ્યા હતા, જેમાં અશ્વિનને સેન્ચુરી ફટકારી હતી. બીજી ઈનિંગ્સમાં ઈંગ્લેન્ડ ૧૬૪ રનમાં ખખડ્યું હતું. આ ટેસ્ટ મેચમાં અશ્વિન અને અક્ષર પટેલે આઠ-આઠ વિકેટ લીધી હતી, જ્યારે રોહિત શર્માએ પણ શાનદાર સદી ફટકારી હતી. આ ટેસ્ટ મેચમાં ભારત તરફથી અશ્વિન, અક્ષર પટેલ અને રોહિત શર્મા હીરો રહ્યા હતા. અક્ષર પટેલે આ મેચથી ટેસ્ટ સિરીઝમાં ડેબ્યુ કર્યું હતું.

ભારતની ટેસ્ટમાં રનના માર્જિનથી સૌથી મોટી જીત

૩૩૭ વિ. સાઉથ આફ્રિકા, દિલ્હી ૨૦૧૫/૧૬

૩૨૧ વિ. ન્યૂઝીલેન્ડ, ઇન્દોર ૨૦૧૬/૧૭

૩૨૦ વિ. ઓસ્ટ્રેલિયા, મોહાલી ૨૦૦૮/૦૯

૩૧૮ વિ. વેસ્ટ ઇન્ડિઝ, નોર્થ સાઉન્ડ ૨૦૧૯

૩૧૭ વિ. ઇંગ્લેન્ડ, ચેન્નઈ ૨૦૨૦/૨૧ ★

૩૦૪ વિ. શ્રીલંકા, ગોલ ૨૦૧૭

ભારત માટે ડેબ્યુ પર એક ઈનિંગ્સમાં ૫ વિકેટ લેનાર સ્પિનર્સ

૫/૬૪ વીવી કુમાર વિ. પાકિસ્તાન, દિલ્હી ૧૯૬૦/૬૧

૬/૧૦૩ દિલીપ દોશી વિ. ઓસ્ટ્રેલિયા, ચેન્નઈ ૧૯૭૯/૮૦

૮/૬૧ ૮/૭૫ નરેન્દ્ર હિરવાની વિ. વેસ્ટ ઇન્ડિઝ, ચેન્નઈ ૧૯૮૭/૮૮

૫/૭૧ અમિત મિશ્રા વિ. ઓસ્ટ્રેલિયા, મોહાલી ૨૦૦૮/૦૯

૬/૪૭ રવિચંદ્રન અશ્વિન વિ. વેસ્ટ ઇન્ડિઝ, દિલ્હી ૨૦૧૧/૧૨

૫/૪૧ અક્ષર પટેલ વિ. ઇંગ્લેન્ડ, ચેન્નઈ, ૨૦૨૦/૨૧★

**સ્કોરબોર્ડ**

**ભારત પ્રથમ દાવ : ૩૨૯**

**ઈંગ્લેન્ડ પ્રથમ દાવ : ૧૩૪**

**ભારત બીજો દાવ : ૨૮૬**

**ઈંગ્લેન્ડ બીજો દાવ :**

| | | |
|---|---|---|
| બર્ન્સ | કો. કોહલી બો. અશ્વિન | ૨૫ |
| સિબલે | એલબી બો. પટેલ | ૦૩ |
| લોરેન્સ | સ્ટ. પંત બો. અશ્વિન | ૨૬ |
| લીચ | કો. શર્મા બો. પટેલ | ૦૦ |
| રુટ | કો. રહાણે બો. પટેલ | ૩૩ |
| સ્ટોક્સ | કો. કોહલી બો. અશ્વિન | ૦૮ |
| પોપ | કો. ઈશાંત બો. પટેલ | ૧૨ |
| ફોએકેસ | કો. પટેલ બો. કુલદીપ | ૦૨ |
| મોઈલ અલી | સ્ટ. પંત બો. કુલદીપ | ૪૩ |
| સ્ટોન | એલબી બો. પટેલ | ૦૦ |
| બ્રોડ | અણનમ | ૦૫ |
| વધારાના | | ૦૭ |
| કુલ | (૫૪.૨ ઓવરમાં ઓલઆઉટ) | ૧૬૪ |

પતન : ૧-૧૭, ૨-૪૯, ૩-૫૦, ૪-૬૬, ૫-૯૦, ૬-૧૧૦, ૭-૧૧૬, ૮-૧૧૬, ૯-૧૨૬, ૧૦-૧૬૪.

બોલિંગ : ઈશાંત : ૬-૩-૧૩-૦, પટેલ : ૨૧-૫-૬૦-૫, અશ્વિન : ૧૮-૫-૫૩-૩, સિરાજ : ૩-૧-૬-૦, કુલદીપ : ૬.૨-૧-૨૫-૨

# ચેન્નાઈ ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો, શુભમ ગીલ થયો ઈજાગ્રસ્ત



(જી.એન.એસ.)

ચેન્નાઈ,તા.૧૬

ઈંગ્લેન્ડની સામે ચેન્નાઈમાં રમાતી બીજી ટેસ્ટ મેચ દરમિયાન ટિમ ઈન્ડિયાને મોટો ઝટકો લાગ્યો છે. ભારતીય ટીમના યુવા ઓપનિંગ બેટ્સમેન શુભમન ગિલ ઈજાગ્રસ્ત થયો છે. ચેન્નાઈમાં રમાતી બીજી ટેસ્ટ મેચના ચોથા દિવસે શુભમન ગિલ ફિલ્ડિંગ કરશે નહીં. તમને જણાવી દઈએ કે, ટેસ્ટ મેચના ત્રીજા દિવસે શુભમન ગિલને ફિલ્ડિંગ કરતા સમયે હાથનાં કાંડામાં ઈજા થઈ હતી. ત્યારબાદ હવે અમદાવાદમાં ૨૪ ફેબ્રુઆરીના યોજાનાર પિંક બોલ ટેસ્ટ મેચથી પહેલા ટીમ ઈન્ડિયાની મુશ્કેલી વધી શકે છે.

ભારતીય ક્રિકેટ બોર્ડે જણાવ્યું કે ૨૧ વર્ષીય ગિલને સાવચેતી તરીકે સ્કેન કરવામાં આવ્યો છે. ગિલ મેચની પ્રથમ ઈનિંગ્સમાં ખાતું ખોલાવી શક્યો ન હતો જ્યારે બીજી ઈનિંગમાં તેણે ૧૪ રન બનાવ્યા હતા. બીસીસીઆઈએ નિવેદનમાં કહ્યું, બીજી ટેસ્ટ મેચના ત્રીજા દિવસે ફિલ્ડિંગ કરતા સમયે ગિલના હાથ પર બોલ વાગ્યો હતો.

સાવચેતીના પગેલ સ્કેન કરાવવા માટે લઈ જવામાં આવ્યો. તેમાં કહેવામાં આવ્યું છે, બીસીસીઆઈની મેડિકલ ટીમ તેની ઈજાનું આંકલન કરી રહી છે. તે આજે ફિલ્ડિંગ નહીં કરે. તમને જણાવી દઈએ કે, ઓપનિંગ બેટ્સમેન શુભમન ગિલે ભારતની ઓસ્ટ્રેલિયામાં ઐતિહાસિક જીતમાં મહત્વની ભૂમિકા નિભાવી હતી. શુભમન ગિલે ઈંગ્લેન્ડ સામે પ્રથમ ટેસ્ટ મેચમાં ૨૯ અને ૫૦ રન બનાવ્યા હતા. આ ઉપરાંત આ મેદાન પર ગિલે બીજી ટેસ્ટ મેચમાં ૦ અને ૧૪ રનનો સ્કોર બનાવ્યો હતો. બીજી ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયા મજબૂત સ્થિતિમાં છે.

### પીચને લઈ ટીકા પર ઈંગ્લેન્ડના ખેલાડીઓને ગંભીરનો જવા કહ્યું-

# ચેન્નાઈની પીચ ગમે તે હોય, વિકેટ લેવા માટે પ્રતિભાની જરૂર રહેશે

(જી.એન.એસ.)

નવી દિલ્હી, તા. ૧૬

ચેપોકમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં ખેલાડીઓના પ્રદર્શન કરતા વધારે ગ્રાઉન્ડ પિચ ચર્ચાઈ રહી છે. ચેપોકની પિચ પ્રથમ દિવસ પછી ઘણી બદલાઈ ગઈ છે, ત્યારબાદ ઈંગ્લેન્ડના કેટલાક ભૂતપૂર્વ ખેલાડીઓએ પિચ પર સવાલ ઉઠાવ્યા હતા. માઈકલ વોને કહ્યું કે તેને આવી પિચ સેજ પણ પસંદ આવી નથી. મેચ ત્રણ દિવસ ચાલે તેવું નથી અને બેટિંગ લગભગ અશક્ય છે. ગૌતમ ગંભીરે આ ભૂતપૂર્વ ખેલાડીઓએ પિચની ટીકા કરતા યોગ્ય જવાબ આપ્યો છે. બીજી ટેસ્ટના ત્રીજા દિવસે કોમેન્ટ્રી દરમિયાન ગૌતમ ગંભીરે કહ્યું કે ચેન્નાઈની પીચ ગમે તે હોય, વિકેટ લેવા માટે પ્રતિભાની જરૂર રહેશે.

ગૌતમ ગંભીરે કહ્યું કે ચેન્નાઈની આ પિચ પર ભારતીય સ્પિનરો અને ઈંગ્લેન્ડના સ્પિનરો વચ્ચે ઘણો તફાવત હતો. આ જ કારણ છે કે ચેન્નઈની પીચ પર ઈંગ્લેન્ડનો બેટ્સમેને ઈનિંગમાં ફક્ત ૧૩૪ રન જ બનાવ્યા હતા અને ભારતીય બેટ્સમેનોએ પ્રથમ ઈનિંગમાં ૩૨૯ રન અને બીજી ઈનિંગમાં ૨૮૬ રન બનાવ્યા હતા. ચેન્નઈ ટેસ્ટના ત્રીજા દિવસે આર.અશ્વિને સદી ફટકારી ઈંગ્લેન્ડના પૂર્વ ખેલાડીઓની બોલતી બંધ કરી દીધી હતી.



અશ્વિને ૧૦૬ રન બનાવીને સાબિત કર્યું કે જો ટેકનીક સાચી હોય તો ચેન્નઈની પીચ પર પણ રન બનાવી શકાય છે. અશ્વિને ચેન્નઈની મુશ્કેલ પિચ પર ૧૪ ચોગ્ગા અને ૧ છગ્ગા ફટકાર્યા હતા. અશ્વિનની સ્ટ્રાઈક રેટ ૭૦ કરતા વધારે છે. એટલું જ નહીં અશ્વિને ૧૧ માં નંબર પર બેટિંગ કરવા આવેલા મોહમ્મદ સિરાજ સાથે ૪૯ રનની ભાગીદારી કરી હતી. અશ્વિન પહેલાં વિરાટ કોહલીએ શાનદાર અડધી સદીની ઈનિંગ પણ રમી હતી. વિરાટ કોહલીએ ૧૪૯ બોલમાં ૬૨ રન બનાવ્યા હતા.

### ગાઝિયાબાદના વૈશાલીના એક એપાર્ટમેન્ટની ઘટના

# પત્નીની હત્યા કરીને પતિનો આત્મહત્યા કરવાનો પ્રયાસ

## ઘાયલ પતિ બેભાન હાલતમાં ઘર પાસેના પ્લોટમાં મળતાં હોસ્પિટલમાં દાખલ, ઘટના પૂર્વે પુત્રને દિલ્હી મૂકી આવ્યો

ગાઝિયાબાદ, તા. ૧૬

વેલેન્ટાઇન ડેના દિવસે પત્નીની ગળું દબાવી હત્યા કર્યાના આશરે ૬ કલાક બાદ પતિએ પણ હાથની નસ કાપી નાખી હતી. આ ઘટના ગાઝિયાબાદના વૈશાલી સેક્ટર પાંચમાં આવેલા ઋષિ એપાર્ટમેન્ટમાં બની હતી. નસ કાપ્યા પછી પતિ ઘાયલ હાલતમાં ઘરની બહાર નીકળી ગયો હતો અને નજીકના ખાલી પ્લોટમાં બેભાન હાલતમાં મળી આવ્યો હતો. જ્યારે સ્થાનિકોએ તેને જોયો ત્યારે તેઓએ ફોન કરીને પોલીસને જાણ કરી હતી. કૌશમ્બી પોલીસ ઘટનાસ્થળે પહોંચીને ઈજાગ્રસ્તને પહેલા હોસ્પિટલમાં દાખલ કરાવ્યો અને ત્યારબાદ તેની પત્ની ઘરે મૃત હાલતમાં મળી આવતા મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. એએસપી સેકન્ડ જ્ઞાનેન્દ્રસિંહે જણાવ્યું કે, ઘાયલનું નામ દેવજીત દત્તા છે.

તે પત્ની પૂજા અને દસ વર્ષના પુત્ર સાથે એપાર્ટમેન્ટમાં રહેતો હતો. તેણે પહેલા તેની પત્નીનું ગળું દબાવીને હત્યા કરી અને ત્યારબાદ પોતાના જ હાથની નસ કાપીને આપઘાતનો પ્રયાસ કર્યો. તેણે વ્હાઇટ બોર્ડ ઉપર એક નોટ લખી છે. જેમાં તેણે આ માટે પોતાને જવાબદાર ઠેરવ્યો છે. એએસપીએ કહ્યું કે દેવજીતની હાલતમાં સુધારો થઈ રહ્યો છે. હોશમાં આવ્યા બાદ તેની પૂછપરછ કરવામાં આવશે.

પોલીસના જણાવ્યા અનુસાર રવિવારે દેવજીત તેના પુત્રને દિલ્હીમાં તેના સગાના ઘરે મૂકીને આવ્યો હતો. આ પછી તેણે રાત્રે સાડા અગિયાર વાગ્યે પત્નીનું ગળું દબાવીને હત્યા કરી અને ત્યારબાદ આખી રાત તેના મૃતદેહ સાથે રહ્યો. આ સમય દરમિયાન તેણે દિવાલ પર લટકાવેલા વ્હાઈટ બોર્ડ પર માર્કરથી એક નોટ લખી અને સવારે પાંચ વાગ્યે તેણે પોતાના હાથની નસ કાપી નાખી.

સવારે નસ કાપ્યા પછી તે ઘરની બહાર દોડી આવ્યો અને ખાલી પ્લોટમાં પહોંચ્યા બાદ બેભાન થઈ ગયો. તેણે વ્હાઈટ બોર્ડ પર તેની પત્ની અને તેના પોતાના બંનેના મોતનો સમય પણ લખ્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ આ ઘટના બાદ પરિવાર દ્વારા કોઈ ફરિયાદ આપવામાં આવી નથી. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. પોલીસનું કહેવું છે કે તેમને સવારે ૭ વાગ્યે આ ઘટના અંગે માહિતી મળી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર દેવજીતે બોર્ડ પર પોતાની અને તેની પત્નીની મોતની ટાઈમિંગ લખી હતી. અંગ્રેજીમાં લખેલી આ નોટમાં તેણે આ બધા માટે પોતાને જવાબદાર ઠેરવ્યો છે. તેણે લખ્યું છે કે આ કરવા પાછળનું મુખ્ય કારણ તેની અંદરનો અંધકાર છે. તે આ વિશે કોઈને કહી શકતો નથી. આ સિવાય તેણે લખ્યું છે કે છેલ્લા ૧૫ દિવસમાં જે બન્યું તે ખોટું હતું. આને કારણે તે આ પગલું ભરી રહ્યો છે. પત્નીની હત્યા કરવા અંગે તેણે લખ્યું છે કે પૂજાએ પોતાનો જીવ બચાવવા માટે ખૂબ જ સંઘર્ષ કર્યો, પરંતુ તે બચી શકી નથી. તેણે અંતમાં પુત્રની સંભાળ રાખવા પણ લખ્યું છે.

પ્રાથમિક તપાસ બાદ આ કેસ આર્થિક સંકડામણ સાથે જોડાયેલો હોવાનું પોલીસ માની રહી છે. જોકે આ અંગે વધુ સ્પષ્ટતા દેવજીતની પૂછપરછ પછી જ બહાર આવશે. એએસપીએ જણાવ્યું કે, દેવજીત કેટલાક ઓનલાઈન કામ કરતો હતો. તેની પત્ની એક ખાનગી શાળામાં નોકરી કરતી હતી, જે તેણે ૨ વર્ષ પહેલાં છોડી દીધી હતી. જ્યારે ઘરની ઈએમઆઈ પણ ન ભરાતા બેક્કે નોટિસ ફટકારી હતી. પુત્રની ફી સંબંધિત કેટલીક બાબતો પણ સામે આવી રહી છે. સ્પષ્ટ સ્થિતિ પૂછપરછ પછી જ જાણી શકાશે, આવી સ્થિતિમાં દેવજીતની તબિયત સુધરવાની રાહ જોવાઈ રહી છે.

# ફ્રાન્સના યુવકે વેલેન્ટાઈન ડે પર ગુજરાતી યુવતી સાથે લગ્ન કર્યા

બનારસ, તા. ૧૬

એક ગુજરાતી યુવતી ફ્રાંસના યુવકને એટલી તો પસંદ આવી ગઈ કે તેણે તરત જ યુવતી સાથે લગ્ન કરવાનો નિર્ણય કરી લીધો. મૂળ અમદાવાદની યુવતી ધરતી અને ફ્રાન્સના વતની રોમનના લગ્ન ભારતીય રિવાજ મુજબ માર્કંડેય મહાદેવ મંદિરમાં થયા હતા. રોમનએ વેલેન્ટાઇન ડે ના દિવસે સાત ફેરા લીધા હતા. મંદિરમાં હાજર દરેક વ્યક્તિએ બંનેને આશીર્વાદ આપ્યા હતા. ધરતી બનારસની એક રેસ્ટરન્ટમાં કામ કરે છે અને અહીં જ તે રોમનને પહેલીવાર મળી હતી.

ધરતી અને રોમન થોડા મહિના પહેલા જ મળ્યા હતા. જે બાદ બંનેએ વિલંબ કર્યા વિના વેલેન્ટાઇન ડે નિમિત્તે લગ્ન કરવાનું નક્કી કર્યું હતું. માહિતી અનુસાર, ધરતી અને રોમનની પહેલી મુલાકાત ડિસેમ્બરમાં થઈ હતી.

ધરતી ગુજરાતી છે પરંતુ તે બનારસમાં રહે છે અને અહીંની રેસ્ટરન્ટમાં નોકરી કરે છે. જ્યાં ડિસેમ્બર મહિનામાં બંને મળ્યા હતા. આ પછી, બંને વચ્ચેની મુલાકાત વધવા લાગી અને તેઓએ એકબીજાને ડેટ કરવાનું શરૂ કર્યું.

એક દિવસ, રોમને ધરતી સાથે લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી. જેને ધરતીએ સ્વીકારી હતી અને તેઓએ ૧૪ ફેબ્રુઆરીના રોજ ચૌબપુરના માર્કંડેય મહાદેવ મંદિરમાં ભારતીય રીતિ-રિવાજો સાથે લગ્ન કર્યા હતા.

જો કે, મંદિરમાં આ જોડીને જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. પરંતુ પાછળથી લોકોએ તેમને આશીર્વાદ પણ આપ્યા. મંદિરના પુજારીઓએ રિવાજો દ્વારા તેમના લગ્ન કરાવ્યા હતા. સૌ પ્રથમ, તેઓએ એકબીજાને વરમાળા પહેરાવી હતી. પછી ફ્રેન્ચ યુવક રોમનએ સિંદૂર ભરીને સાત ફેરા લીધા હતા. લગ્ન પછી, તેઓએ ઘણા બધા ફોટા પણ પાડ્યા હતા. આ લગ્નમાં ફક્ત રોમન અને ધરતીના મિત્રો જ હાજર હતા. અમદાવાદમાં રહેતી ધરતીએ જણાવ્યું હતું કે તેની કાશીમાં એક વર્ષ પહેલા રોમન સાથે મુલાકાત થઈ હતી. ધરતી ગુજરાતમાં ભણેલી છે અને તે નોકરી કરવા બનારસ આવી હતી. ધરતીએ વારાણસીમાં પોતાની રેસ્ટોરન્ટ શરૂ કરી હતી. રોમન જ્યારે પણ ભારત આવે ત્યારે તેઓ તેમની રેસ્ટોરાંમાં ધરતીને મળવા જતો.

બંને પ્રેમમાં પડ્યાં અને તેમનો પ્રેમ એટલો ગાઢ થઈ ગયો કે બંનેએ લગ્ન કરવાનો નિર્ણય કર્યો. જો કે, રોમન ફરીથી ફ્રાન્સ ગયો. પરંતુ તેમણે વચન આપ્યું હતું કે જ્યારે પણ તે ભારત આવશે ત્યારે ધરતી સાથે લગ્ન કરશે. આ વખતે જ્યારે રોમન ભારત આવ્યા ત્યારે તેમના લગ્ન ધરતી સાથે થયા.

બંનેએ મંદિરમાં આવીને વિધી વિધાન સાથે લગ્ન કર્યા, ત્યારબાદ બંનેએ કાશીની ગંગા આરતીમાં પણ હાજરી આપી. લગ્ન પછી ધરતીએ કહ્યું કે લગ્ન સમયે તેના પરિવારના સભ્યો હાજર ન હતા.બન્નેના મિત્રોએ પારિવારિક ધાર્મિક વિધિ કરી હતી.

# પટેલની પાસે ૨ મહત્વપૂર્ણ મેચ બાકી, પંતે ટર્નિંગ ટ્રેક પર શાનદાર વિકેટકીપિંગ કરી: કોહલી



(જી.એન.એસ.)

ચેન્નાઈ,તા.૧૬

ભારતે બીજી ટેસ્ટમાં ઈંગ્લેન્ડને હરાવીને ૪ ટેસ્ટ સિરીઝને ૧-૧થી બરાબર કરી લીધી. ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ જીત બાદ સ્પિનર અક્ષર પટેલના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું કે ડાબોડી બોલર માટે આ મહત્વની ક્ષણ છે. જો તેને ઈજા ન પહોંચી હોત, તો તે પહેલી ટેસ્ટમાં પણ રમત. કોહલીએ કહ્યું હતું કે અક્ષરને જો આ પ્રકારની પિચ મળે, તો તે કહેર વરસાવી શકે છે. તેમની પાસે હજી પણ ૨ મહત્વપૂર્ણ મેચ છે. કોહલીની સાથે ક ઋષભ પંતને પણ હાલની ટીમનો મહત્વનો ખેલાડી જણાવ્યો. તેમણે કહ્યું હતું કે પંતે પિચ પર ટર્ન ઉપરાંત શાનદાર વિકેટકીપિંગ કરી. કોહલીએ કહ્યું, 'પંતે ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન સખત મહેનત કરી હતી. જ્યારે તેઓ ગ્લોવ્સ સાથે મેદાનમાં ઉતરે છે, ત્યારે તેમનો અભિગમ જુદો જ હોય છે. તેમણે પોતાના પર સખત મહેનત કરી.

અમે ઇચ્છીએ છીએ કે તે વિકેટકીપર તરીકે પોતાને પોતાને ઈમ્પ્રૂવ કરતો રહે.

કોહલીએ કહ્યું કે, 'પ્રથમ ટેસ્ટમાં દર્શકોની સાથે રામણવું ખુબ જ ખરાબ હતું. પ્રથમ ટેસ્ટના પ્રથમ બે દિવસ અમારામાં બિલકુલ પણ ઉર્જા બચી જ ન હતી. આ ટેસ્ટની બીજી ઈનિંગ્સમાં અમે મોમેંટમ ગેમ કરવાનું શરૂ કર્યું. અમારા બોડી લેન્ગ્વેજમાં બદલાવ આવ્યો. દર્શકોના આવવાથી અમને આત્મ વિશ્વાસ વધ્યો. કોહલીએ દર્શકોના વખાણ કરતાં કહ્યું કે ચેન્નઈના દર્શકો ઘણાં જ સમજદાર છે. તેઓ પોતાની ભૂમિકા સનાજે છે. ટેસ્ટ દરમિયાન એક એવી ક્ષણ પણ આવે છે,જ્યારે બોલરને સપોર્ટની જરૂર પડે છે. મારો રોલ તે છે કે હું ફેન્સને મેચથી જોડીને રાખું. ખરેખર, કોહલી પ્રથમ ઈનિંગ્સ દરમિયાન મેદાન પર દર્શકોને મોતીવેટ કરતાં જોવા મળ્યા હતા. જેનો વીડિયો ખૂબ જ વાઈરલ થયો છે.

# ઝૂમ મિટિંગમાં જોડાનારાની માહિતી માગવામાં આવી

નવી દિલ્હી, તા. ૧૬

દિલ્હી પોલીસે વીડિયો કોન્ફરન્સિંગ પ્લેટફોર્મ ઝૂમ પાસેથી એ લોકોની માહિતી માગી છે, જેઓ ૧૧મી જાન્યુઆરીની બેઠકમાં ખાલિસ્તાની ગ્રુપ દ્વારા કથિત રીતે ખેડૂત આંદોલનને સમર્થન કરતાં ટૂલકિટ તૈયાર કરવા માટે એક મીટિંગ કરી હતી. પોલીસે આરોપ મૂક્યો છે કે, મુંબઈની વકીલ નિકિતા જેકબ અને પુણેના એન્જિનિયર શાંતનુ એ ૭૦ લોકોમાં સામેલ હતા, જે દિલ્હીમાં ગણતંત્ર દિવસે હિંસાના કેટલાક દિવસ પહેલાં ઝૂમ એપ દ્વારા બેઠકમાં સામેલ થયા હતા.

### મીરાએ બે જૂની તસવીરો શેર કરી

# વેલેન્ટાઈન ડે પર મીરાએ બેસ્ટીને શુભેચ્છા પાઠવી



મીરા રાજપુતે વેલેન્ટાઈન ડેની શુભેચ્છા પતિ શાહિદ કપૂરને નહીં પરંતુ પોતાની બેસ્ટ ફ્રેન્ડ સેજલને આપી હતી

મુંબઈ,તા.૧૬

૧૪ ફેબ્રુઆરીએ બોલિવુડના સેલેબ્સે તેમના જીવનસાથી સાથે વેલેન્ટાઈન ડે સેલિબ્રેટ કર્યો. વેલેન્ટાઈન ડેના સેલિબ્રેશનમાં શાહિદ કપૂરની પત્ની મીરા રાજપૂત પણ સામેલ થઈ હતી. પરંતુ તેણે આ દિવસ પતિ સાથે નહી પરંતુ કોઈ અન્યની સાથે સેલિબ્રેટ કર્યો હતો. વાત એમ છે કે, મીરા રાજપૂતે તેની બેસ્ટી સાથે ગેલેન્ટાઈન સેલિબ્રેટ કર્યો હતો. આ સાથે તેણે બંનેની બે તસવીર પણ શેર કરી હતી. મીરા રાજપૂતે જે બે દિવસ શેર કરી હતી તેમાંથી એક તેમના કોલેજના દિવસો દરમિયાનની હોય તેમ લાગે છે. જ્યારે બીજી તસવીર મીરા ઝૈન વખતે પ્રેગ્નેન્ટ હતી તે સમયે યોજાયેલા બેબી શાવરની છે. જેમાં તે સેજલ કુકરેજા સાથે જોવા મળી રહી છે. મીરા ગળે મળતા તેના ગાલ પર કિસ કરી રહી છે. બંનેની ફ્રેન્ડશિપ ઘણી જૂની છે. તસવીરો શેર કરીને શાહિદની પત્ની મીરાએ એક મેસેજ પણ લખ્યો હતો. મેસેજમાં મીરાએ જણાવ્યું કે, સેજલ તેની સૌથી સારી મિત્ર છે અને જ્યારે પણ તે વિચિત્ર પરિસ્થિતિમાં હોય છે, ત્યારે તેમાંથી નીકળવા માટે સેજલને જ કોલ કરે છે. મીરાએ લખ્યું હતું કે, 'મારા જીવનની લવર, મારી સૌથી સારી મિત્ર અને વિચિત્ર પરિસ્થિતિઓમાં મારી મદદ કરનારી ગેલેન્ટાઈન ડેની શુભકામનાઓ. મારી સૌથી મજબૂત લોન્ગ ડિસ્ટન્સ રિલેશનશિપ તું છે અને મને વિશ્વાસ નથી થઈ રહ્યો કે આપણે એક વર્ષ બાદ તારા લગ્નમાં મળવાના છીએ. આશા રાખું છું કે, આ મિત્રતા એકસાથે લાંબા સમય સુધી આગળ વધે કારણ કે, કેટલીક બાબતોમાં ક્યારેય ફેરફાર થતો નથી ?? જો કેટલો સમય પસાર થઈ ગયો, તસવીરની ક્વોલિટી તો જો. સ્ટાર વાઈફ મીરા રાજપૂતે એક્ટિંગ ઈન્ડસ્ટ્રીમાં કામ ન કર્યું હોય પરંતુ તેની પોપ્યુલારિટી બોલિવુડ એક્ટ્રેસિસ જેટલી જ છે. મીરા સોશિયલ મીડિયા પર એક્ટિવ રહે છે. જ્યાં તે હેલ્થ, ફિટનેસ અને હેરકેરને લગતી કેટલીક ટ્રિક્સ-ટિપ્સ આપીને ફેન્સને પ્રેરિત કરતી રહે છે. આ સિવાય તે ઘણીવાર શાહિદ કપૂર સાથેની તસવીરો શેર કરીને રિલેશનશિપ ગોલ્સ આપે છે. તેના સોશિયલ મીડિયા અકાઉન્ટ પર નજર કરશો તો તેના બંને ક્યૂટ બાળકોના ફોટો પણ જોવા મળશે.

# અભિનેત્રી શિલ્પા શેટ્ટીની પુત્રી સમિષા એક વર્ષની થઈ



મુંબઈ,તા.૧૬

૧૫ ફેબ્રુઆરી ૨૦૨૦ના દિવસે શિલ્પા શેટ્ટી અને રાજ કુંદ્રા બીજીવાર પેરેન્ટ્સ બન્યા હતા. શિલ્પા અને રાજ કુંદ્રાની દીકરી સમિષા શેટ્ટી કુંદ્રા આજે એક વર્ષની થઈ છે. દીકરીના પહેલા બર્થ ડે પર શિલ્પાએ દીકરીનો સુંદર વિડીયો શેર કર્યો છે. વિડીયોમાં શિલ્પા શેટ્ટીની દીકરી મમ્મા બોલતી સાંભળવા મળે છે. વિડીયોની શરૂઆતમાં સમિષા ભાંખોડિયા ભરતી જોવા મળે છે. ત્યારે શિલ્પા તેને મમ્મા બોલવાનું કહે છે. સમિષા પોતાની કાલીઘેલી ભાષામાં મમ્મી એવું કહે છે. આ સાંભળીને શિલ્પા ખુશ થઈ જાય છે. વિડીયોમાં સમિષાની અનેક ન જોયલી તસવીરો પણ જોવા મળે છે. વિડીયો શેર કરતાં શિલ્પાએ લખ્યું, મમ્મા- તારા પહેલા બર્થ ડે પર તને આ શબ્દ બોલતી સાંભળવી મારા માટે સૌથી શ્રેષ્ઠ ગિફ્ટ છે. તારા પહેલા દાંતથી તારા પહેલા શબ્દ, પહેલી સ્માઈલ અને પહેલા ભાંખોડિયા સુધી દરેક માઈલસ્ટોન ખાસ છે અને ઉજવવાનું કારણ છે. અમારી એન્જલને પહેલા બર્થ ડેની શુભકામના. ગયા વર્ષનો દરેક દિવસ ઢગલો ખુશીઓ, પ્રેમ અને પ્રકાશ અમારા જીવનમાં લાવ્યો છે. અમે સૌ તને ખૂબ પ્રેમ કરીએ છીએ. હું કામના કરીશ કે તને હંમેશા દરેક વસ્તુ વિપુલ પ્રમાણમાં મળે. શિલ્પા શેટ્ટીની આ પોસ્ટ પર મહિપ કપૂર, નીલમ કોઠારી, પૂજા ધિંગરા, અનિતા હસનંદાની, શમિષા શેટ્ટી, તાહિરા કશ્યપ, કનિકા કપૂર સહિતના સેલેબ્સે શુભેચ્છા પાઠવીને સમિષા પર પ્રેમ વરસાવ્યો છે. શિલ્પાના પતિ રાજ કુંદ્રાએ પણ લાડલી દીકરીના પહેલા બર્થ ડે પર ખાસ વિડીયો શેર કર્યો છે. વિડીયોમાં રાજ સમિષાને હીંચકા ખવડાવી રહ્યો છે. સાથે જ બલ્લે બલ્લે કહે છે. ત્યારે સમિષા ભ્રુરુરુરુઆઆઆઆ કરે છે, આ સાંભળીને રાજ હસવા લાગે છે. વિડીયો શેર કરતાં રાજે લખ્યું, તે મમ્માની દીકરી હશે પરંતુ તેનામાં મારા પંજાબી જીન્સ છે. સમિષાની માસી શમિતા શેટ્ટીએ પણ તેની સાથેની બે તસવીરો લખીને લાંબુ કેપ્શન લખ્યું છે. શમિતાએ ભાણીને શુભેચ્છા આપતા લખ્યું, હેપી બર્થ ડે મારી નાનકડી રાજકુમારી. વિશ્વાસ નથી થતો કે તું એક વર્ષની થઈ ગઈ છે.

# અભિનેત્રી શમિતા શેટ્ટી સિંગલ રહીને કંટાળી ગઈ



મુંબઈ,તા.૧૬

શમિતા શેટ્ટીના બર્થ ડે પર જીજાજી રાજ કુંદ્રાએ વિશ કરતાં તે જલ્દી લગ્ન કરી લે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. સાથે જ તેણે મજાક કરતાં કહ્યું હતું કે, જો શમિતા જલ્દી પોતાના માટે વર નહી શોધી લો તો પછી તે તેના માટે સ્વયંવરનું આયોજન કરશે. મને લાગે છે કે મારો પરિવાર મને સિંગલ જોઈને કંટાળી ગયો છે. તેઓ ખરેખર મને જલ્દી જ કોઈની સાથે ખુશ જોવા માગે છે. અને પ્રામાણિકતાથી કહું તો, હું પણ સિંગલ રહીને કંટાળી ગઈ છું, તેમ શમિતાએ સ્વીકાર્યું. જો કે, તેનો અર્થ જરાય એમ નથી કે, એક્ટ્રેસ આ વિશે બેજવાબદાર હશે. જ્યારે જીવનસાથીની વાત આવે છે ત્યારે, તમારે સાચા વ્યક્તિને પસંદ કરવો પડે છે, આખા જીવન દરમિયાન તેની સાથે રહી શકશો તે વિશે જાણવું પડે છે, એકબીજામાંથી શીખો છો અને આધ્યાત્મિક અને બૌદ્ધિક સહિત દરેક રીતે વિકસિત થાઓ છો, તેમ તેણે કહ્યું. સાથે જ ઉમેર્યું કે, જ્યારે તેના જીવનસાથીની વાત આવે છે ત્યારે તે ઉતાવળમાં કોઈ નિર્ણય લેશે નહી. હું તેવી વ્યક્તિઓમાંથી એક નથી જે ઉતાવળમાં નિર્ણય લે છે અને એકલતાને મારા માટે ખોટો જીવનસાથી નક્કી કરવા દે છે, તેમ શમિતાએ કહ્યું. તો તારા માટે મિ.રાઈટની પરિભાષા શું છે? જેના જવાબમાં શમિષાએ કહ્યું કે, હું દયાળુ, પ્રામાણિક, નિષ્ઠાવાન, સારી વેલ્યૂ અને ફન લવિંગ છોકરાને શોધું છું. અને હા મને લાગે છે કે તેવો વ્યક્તિ આ દુનિયામાં હશે જ. એક્ટ્રેસે ફિલ્મ મહોબ્બતેથી બોલિવુડમાં ડેબ્યૂ કર્યું હતું, આ એક આઈકોનિક રોમાન્ટિક ફિલ્મ હતી જે ૨૦૦૦માં રિલીઝ થઈ હતી. પ્રેમની વ્યાખ્યા વિશે વાત કરતાં શમિતાએ કહ્યું કે, 'મારે માટે પ્રેમ ઓક્સિજન છે. હું તેના વગર જીવન વિશે વિચારી શકતી નથી. અને હા હું, રોમાન્ટિક છું. જ્યારે પ્રેમની વાત આવે છે ત્યારે મને માઈન્ડ ગેમ રમવી ગમતી નથી. તે શુદ્ધ લાગણી છે અને મને તેની સાદગી ગમે છે. મને નથી લાગતું કે પ્રેમની પરિષાભા બદલાઈ હશે. આપણે માત્ર તેનું ચિત્રણ કરીએ છીએ. આપણે થોડા બોલ્ડ થઈ ગયા છીએ તેવું મને લાગે છે.

# ઈન્ડિયન પ્રો મ્યુઝિક લીગ પર સુરેશ રૈના વિરાટ કોહલી અને સચીન તેંડુલકરના રહસ્યો જણાવે છે

ઝી ટીવીએ છેલ્લા ત્રણ દાયકાથી ટેલિવિઝન કન્ટેન્ટના શેપિંગમાં એક પ્રણેતા અને એક ટ્રેન્ડ-સેટર બન્યા છે અને અત્યાધુનિક નોન-કાલ્પનિક રજૂઆત ઈન્ડિયન પ્રો મ્યુઝિક લીગ (આઈપીએમએલ)ની સાથે ફરી એક વખત, સંગીત રિયાલિટી શોનો ચહેરો બદલાવા માટે તૈયાર છે. જેમાં તે એક આધુનિક ક્લટર બ્રેકિંગ ફોર્મેટ રજૂ કરવાની સાથે ઝી ટીવી દર્શકોની સામે વિશ્વનો સર્વપ્રથમ સંગીત લીગ ચેમ્પિયનશીપને દર્શકોની સામે રજૂ કરવા માટે તૈયાર છે, ૨૬મી ફેબ્રુઆરીથી. જ્યારે સ્પોર્ટ્સની દુનિયામાં ઘણી લીગ કોમ્પિટિશન થાય છે, તેવી જ રીતે આ એક અલગ મ્યુઝિક લીગ છે, જેમાં ભારતના અલગ- અલગ પ્રાંતની ૬ ટીમને રજૂ કરશે, જે આ મ્યુઝિકલ ચેમ્પિયનશીપમમાં એકબીજાની સામે લડાઈ કરશે. આ ૬ ટીમમાં દરેકમાં બોલિવૂડના અને સ્પોર્ટ્સના સેલિબ્રિટી દ્વારા સપોર્ટ હશે તથા તેમના કેપ્ટન તરીકે ટોચના પ્લેબેક ગાયક તેમના કેપ્ટન તરીકે જોવા મળશે, તથા એક રિયાલિટી શો સિતારા હશે અને એક નવો અવાજ હશે. આ ગાયકમાં મિકા સિંઘ, કૈલાસ ખૈર, સાજિદ ખાન, શાન, અંકિત તિવારી, જાવેદ અલી, અસીસ કૌર, ભૂમિ ત્રિવેદી, આક્રિતિ કક્કર, પાયલ દેવ, નેહા ભસિન, શિલ્પા રાવને ૬ ઝોન ટીમના કેપ્ટન સાઈન કરવામાં આવ્યા છે. તાજેતરમાં જ, તેમને આ ભવ્ય સંગીત રિયાલિટી શોનું શૂટિંગ કર્યું છે, ત્યારે ક્રિકેટર સુરેશ રૈના પણ ઈન્ડિયન પ્રો મ્યુઝિક લીગ ટીમમાં જોડાયા છે, જ્યા તેમને ભારતીય ક્રિકેટ ટીમ અને ભારતના ચહિતા પ્લેયર્સના કેટલાક મસ્તીભર્યા તથ્યોને જણાવ્યા. જ્યારે હોસ્ટ કરણ વાહીએ તેમને પૂછ્યું કે, ભારતીય ક્રિકેટ ટીમમાં શ્રેષ્ઠ ગાયક કોણ છે, રૈના જણાવે છે, કેપ્ટન વિરાટ કોહલી અત્યંત પ્રતિભાશાળી છે અને તેનો અવાજ પણ અદ્દભુત છે અને તે ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટનની સાથે એક સારો ગાયક પણ છે. એટલું જ નહીં, સુરેશ રૈનાએ એ પણ જણાવ્યું કે, કઈ રીતે સચીન તેંડુલકરનું ચહિતું બપ્પી લહેરીનું પ્રસિદ્ધ ગીત 'યાદ આ રહા હૈ તેરા પ્યાર'ને ગાતા હતા.

આપણને ખરેખર ન'તી ખબર કે, આપણા રમતવીરો ગાયક પણ છે!

સુરેશ રૈનાની સાથે ઈન્ડિયન પ્રો મ્યુઝિક લીગના સેટ પર મસ્તી દરમિયાન સ્પર્ધકો તેમના ટીમ લીડર્સની સાથે સ્ટેજ પર આકર્ષક પર્ફોર્મન્સ પણ આપી રહ્યા હતા, તેઓ સ્ટેજ પર અપબીટ ટ્યુનની સાથે ગીત ગાતા હતા અને ડાન્સ પણ કરી રહ્યા છે અને આ એપિસોડને જોવા લાયક બનાવી રહ્યા છે!

# જ્યારે દબંગના હૂક-સ્ટેપને સલમાને એક લગ્નમાં શોધ્યો!

ઝી ટીવીએ છેલ્લા ત્રણ દાયકાથી ટેલિવિઝન કન્ટેન્ટના શેપિંગમાં એક -ણેતા અને એક ટ્રેન્ડ-સેટર બન્યા છે અને અત્યાધુનિક નોન-કાલ્પનિક રજૂઆત ઈન્ડિયન -ો મ્યુઝિક લીગ (આઈપીએમએલ)ની સાથે ફરી એક વખત, સંગીત રિયાલિટી શોનો ચહેરો બદલાવા માટે તૈયાર છે. જેમાં તે એક આધુનિક ક્લટર બ્રેકિંગ ફોર્મેટ રજૂ કરવાની સાથે ઝી ટીવી દર્શકોની સામે વિશ્વનો સર્વ-થમ સંગીત લીગ ચેમ્પિયનશીપને દર્શકોની સામે રજૂ કરવા માટે તૈયાર છે, ૨૬મી ફેબ્રુઆરીથી. જ્યારે સ્પોર્ટ્સની દુનિયામાં ઘણી લીગ કોમ્પિટિશન થાય છે, તેવી જ રીતે આ એક અલગ મ્યુઝિક લીગ છે, જેમાં ભારતના અલગ- અલગ -ાંતની ૬ ટીમને રજૂ કરશે,

જે આ મ્યુઝિકલ ચેમ્પિયનશીપમમાં એકબીજાની સામે લડાઈ કરશે. આ ૬ ટીમમાં દરેકમાં બોલિવૂડના અને સ્પોર્ટ્સના સેલિબ્રિટી દ્વારા સપોર્ટ હશે તથા તેમના કેપ્ટન તરીકે ટોચના પ્લેબેક ગાયક તેમના કેપ્ટન તરીકે જોવા મળશે, તથા એક રિયાલિટી શો સિતારા હશે અને એક નવો અવાજ હશે. આ ગાયકમાં મિકા સિંઘ, કૈલાસ ખૈર, સાજિદ ખાન, શાન, અંકિત તિવારી, જાવેદ અલી, અસીસ કૌર, ભૂમિ ત્રિવેદી, આક્રિતિ કક્કર, પાયલ દેવ, નેહા ભસિન, શિલ્પા રાવને ૬ ઝોન ટીમના કેપ્ટન સાઈન કરવામાં આવ્યા છે.

તાજેતરમાં જ શોના ગ્રાન્ડ -િમિયર એપિસોડનું શૂટિંગ દરમિયાન દરેક કલાકાર પોતાનું શ્રેષ્ઠ આપીને આકર્ષક પર્ફોર્મન્સ આપી અને દરેકને અવાક કરી રહ્યા હતા.

જો કે, લીગના એમ્બેસેડોર સલમાન ખાનને શોને જીતી લીધો. તેના મેડલી ગીતો પર આકર્ષક પર્ફોર્મન્સની સાથે તેમને સ્ટેજ પર આગ લગાડ્યા બાદ, સુપરસ્ટારે શોના ભાગ બનેલા તેમના મિત્રો વિશે કેટલાક ઘટસ્ફોટ પણ કર્યા. પરંતુ તેમના મિત્રો પણ આમાં પાછળ ન રહ્યા. મિકા સિંઘે જણાવ્યું કે, કઈ રીતે સલમાનએ સૌથી મોટા -ન્કસ્ટરમાંના એક છે, તે અંગે કેટલાક -સંગ કહ્યા બાદ, સાજિદ ખાને જણાવ્યું કે, સુપરસ્ટારએ કઈ રીતે દબંગનો હૂક સ્ટેપને તેના એક અંકલ પાસેથી એક સંબંધીના લગ્નમાંથી ચોર્યો છે. આ?ર્ય થયું?

દિલ્હી જામર્સના કેપ્ટન સાજિદ ખાનએ જણાવ્યું કે, સલમાન, હું અને થોડા મિત્રો એક સંબંધીને ત્યાં લગ્નમાં ગયા હતા અને આ -થમ વખત હતું કે, અમે બધા જ એક જાનૈયા તરીકે ગયા હતા, તો અમારે જાનમાં રોડ પર ડાન્સ કરવાનો હતો. મોટી ભીડ જમા થઈ, તો માથુર અંકલ તેમને દૂર ભગાડવાનો -યત્ન કરતા હતા. તેમના માટે તેમને એક સ્ટેપ કરવાનો શરૂ કર્યો, જ્યાં તેઓ તેમના કાંડાને ફેરવતા હતા. તેના બાદ અમે એક મામાજીનો જોયા અને તેમની પાસે એક સ્ટેપ હતો, જે હંમેશા તેના બેલ્ટની સાથે કરતા હતા. સલમાનભાઈએ તુરંત જ તેને કહ્યું કે, મામાજી આપકા સ્ટેપ તો ગયા. તેમને આ બંને વિચારને એક સાથે લીધા અને દબંગનો -સિદ્ધ હૂક સ્ટેપ તૈયાર થઈ ગયો અને મામાજી આજની તારીખે પણ કહે છે કે, સલમાને તેનો સ્ટેપ ચોરી લીધો.

તમે બોલિવૂડના -સિદ્ધ ચહેરાઓને ઈન્ડિયન -ો મ્યુઝિક લીગના સ્ટેજ પર જોવા માટે રાહ જૂઓ, કારણકે તેઓ ટ્યુન્સ પર ગાવાની સાથે ડાન્સ પણ કરશે. અમને ખાતરી છે કે, ઓપનિંગ સેરેમનીની રાત અદ્દભુત રીતે જોવા લાયક હશે!

## આજનો રાશિફળ

મેષ (અ,લ,ઈ) : સાથી પ્રત્યે નિકટતા અને ભાવુકતા રાખવી સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાના યોગ છે વ્યવસાયના ક્ષેત્રમાં લાભ થશે

વૃષભ (બ,વ,ઉ) : જ્ઞાન વૃધ્ધિનો યોગ બનશે વિદ્યાર્થીઓને સ્પર્ધાઓમાં સફળતા મળશે. ઘણા દિવસથી અટકેલા પૈસા આજે મળી શકશે

મીથુન (ક,છ,ઘ) : જમીન સંબંધી કાર્ય બનવાના યોગ છે નવી યોજનાઓ પ્રારંભ થશે પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરશો

કર્ક (ડ,હ) : અટકેલા નાણાં પ્રાપ્ત થશે ભૂમિ મકાન વગેરે ખરીદનો યોગ બનશે શિક્ષાર્થીઓએ નવીન ભાવુકતા ત્યાગવી નહીં તો હાનિ થઈ શકે છે.

સિંહ (મ,ટ) : ભુલ કરવાથી વિરોધી હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુધ્ધિમત્તાથી કરવો વ્યવસાયિક લાભ મળશે. કોઈથી ભેટ મળે તેવી શકયતા છે.

કન્યા (પ,ઠ,ણ) : સફળ યાત્રાનો યોગ છે વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે દેવાની ચિંતા ઓછી થશે. પરસ્પર સંબંધોને મહત્વ આપો

તુલા (ર,ત) : આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન વગેરેનો યોગ કુટુંબમાં માંગલિક કાર્ય થસે રોગ શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચનો યોગ

વૃશ્ચિક (ન,ય) : માનસિક ત્રાસદીથી બચવું આવકના સ્રોતોથી વિશેષ લાભનો યોગ ધાર્મિક યાત્રાનો યોગ જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા મળશે

ધન (ભ,ધ,ફ) : ગૃહ આર્થિક કાર્યોમાં વિશેષ ચિંતનનો યોગ ગૃહ શોધનો યોગ અવિવાહિતો માટે વિવાહ સંબંધી યોગ કુટુંબમાં શુભ કાર્ય થશે

મકર (ખ,જ) : રોગ ઋણ શત્રુ વાહન ભવન પ્રતિષ્ઠા સંબંધી વિવાદોથી બચવું ગૃહ આર્થિક બાબતોમાં વિશેષ આર્થિક લાભ પ્રાપ્તિનો યોગ

કુંભ (ગ,શ,સ) : નીતિગત કોર્ટ કચેરીની સમસ્યાઓમાં સમય વીતશે શિક્ષણ,જ્ઞાન ધર્મ સંબંધી કાર્યોમાં વિશેષ ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ

મીન (દ,ચ,ઝ,થ) : શિક્ષા,સંતાન પક્ષ સંબંધી કાર્ય થશે ઉપલબ્ધિઓ પ્રાપ્તનો યોગ પદ પ્રતિષ્ઠા પ્રાપ્તિનો યોગ સામાજિક કાર્યોમાં સફળતાનો યોગ

## પ્રભાત ટેલીવૂડ હંગામા

તા. ૧૭-૨-૨૦૨૧ બુધવાર

| સમય | ઝી ટીવી | સ્ટાર પ્લસ | સોની ટીવી | ઝી સિનેમા | કલર્સ | સેટ મેક્સ | સ્ટાર ગોલ્ડ | સ્ટાર મુવી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦૬.૦૦ | જીવન કી બાતે | યે રિશ્તા ક્યા કહેલાતા હૈ | બેસ્ટ ઓફ ક્રાઈમ પેટ્રોલ | ॥ | શક્તિ અસ્તિત્વ કે એહસાસ કી | મુવી | ॥ | ॥ |
| ૦૬.૩૦ | કાલવરી સ્વાર | કહાં હમ કહાં તુમ | ॥ | ટેલિશોપિંગ | ટેલિસ્લોટ | ॥ | ॥ | ॥ |
| ૦૭.૦૦ | તુઝસે હૈ રાબ્તા | કસોટી જિંદગી કી | મેરે સાંઈ | ॥ | ગઠબંધન | ॥ | મુવી | મુવી |
| ૦૭.૩૦ | ગુડ્ડન તુમસે ન હો પાયેગા | યે હૈ ચાહતે | વિઘ્નહર્તા ગણેશ | મુવી | બહુ બેગમ | ॥ | ॥ | ॥ |
| ૦૮.૦૦ | અંતર શક્તિ | યે રિશ્તે હૈં પ્યાર કે | ઈશારો ઈશારો મેં | ॥ | છોટી સરદારની | ॥ | ॥ | ॥ |
| ૦૮.૩૦ | કુમ કુમ ભાગ્ય | યે રિશ્તા ક્યા કહેલાતા હૈ | તારા ફોર્મ સિતારા | ॥ | ખતરા ખતરા ખતરા | ॥ | ॥ | ॥ |
| ૦૯.૦૦ | કુંડલી ભાગ્ય | નઝર | કૌન બનેગા કરોડપતિ | મુવી | ॥ | મુવી | ॥ | મુવી |
| ૦૯.૩૦ | તુઝસે હૈ રાબ્તા | યે જાદુ હૈ જીન કા | ॥ | ॥ | ॥ | ॥ | ॥ | ॥ |
| ૧૦.૦૦ | ગુડ્ડન તુમસે | કુલ્ફીકુમાર બાજેવાલા | ॥ | ॥ | ॥ | ॥ | મુવી | ॥ |
| ૧૦.૩૦ | કુમ કુમ ભાગ્ય | યે રિશ્તા ક્યા કહેલાતા હૈ | બેસ્ટ ઓફ દ કપિલ શર્મા શો | ॥ | બહુબેગમ | ॥ | ॥ | ॥ |
| ૧૧.૦૦ | કુંડલી ભાગ્ય | કસૌટી જિંદગી કી | ॥ | ॥ | છોટી સરદારની | ॥ | ॥ | ॥ |
| ૧૧.૩૦ | તુઝસે હૈ રાબ્તા | યે હૈ ચાહતે | ॥ | મુવી | રામશિયા કે લવકુશ | ॥ | ॥ | મુવી |
| ૧૨.૦૦ | તુમસે ન હો પાયેગા | યે રિશ્તે હૈં પ્યાર કે | ક્રાઈમ પેટ્રોલ | ॥ | બેપનાહ પ્યાર | મુવી | ॥ | ॥ |
| ૧૨.૩૦ | કુમ કુમ ભાગ્ય | યે રિશ્તા ક્યા | ॥ | ॥ | બહુ બેગમ | ॥ | ॥ | ॥ |
| ૦૧.૦૦ | કુંડલી ભાગ્ય | યે જાદુ હૈ જીન કા | ॥ | ॥ | છોટી સરદારની | ॥ | મુવી | ॥ |
| ૦૧.૩૦ | તુઝસે હૈ રાબ્તા | કસૌટી જિંદગી કી | ॥ | ॥ | રામશિયા કે લવકુશ | ॥ | ॥ | મુવી |
| ૦૨.૦૦ | દિલ યે જિદ્દી હૈ | કહાં હમ કહાં તુમ | ॥ | ॥ | ખતરા ખતરા ખતરા | ॥ | ॥ | ॥ |
| ૦૨.૩૦ | ઘર સા યમ્મી | નજર | ॥ | ॥ | ॥ | ॥ | ॥ | ॥ |
| ૦૩.૦૦ | છોટી બહુ | દિયા ઔર બાતી હમ | ॥ | મુવી | ॥ | મુવી | ॥ | ॥ |
| ૦૩.૩૦ | ॥ | યે રિશ્તે હૈં પ્યાર કે | ॥ | ॥ | ॥ | ॥ | ॥ | મુવી |
| ૦૪.૦૦ | પવિત્ર રિશ્તા | પ્યાર કા દર્દ હૈ ખટ્ટા મીઠ્ઠા | ॥ | ॥ | ॥ | ॥ | ॥ | ॥ |
| ૦૪.૩૦ | ॥ | ॥ | ॥ | ॥ | ॥ | ॥ | ॥ | ॥ |
| ૦૫.૦૦ | કુમ કુમ ભાગ્ય | સસુરાલ ગેંદા ફુલ | ॥ | ॥ | ॥ | ॥ | મુવી | મુવી |
| ૦૫.૩૦ | કુંડલી ભાગ્ય | ॥ | ॥ | ॥ | ॥ | ॥ | ॥ | ॥ |
| ૦૬.૦૦ | હૈવાન | યે રિશ્તા ક્યા કહેલાતા હૈ | ॥ | ॥ | ॥ | મુવી | ॥ | ॥ |
| ૦૬.૩૦ | તુઝસે હૈ રાબ્તા | યે હૈ ચાહતે | ॥ | મુવી | ॥ | ॥ | ॥ | ॥ |
| ૦૭.૦૦ | યે તેરી ગલિયા | કુલ્ફીકુમાર બાજેવાલા | મેરે સાંઈ | ॥ | ॥ | ॥ | ॥ | મુવી |
| ૦૭.૩૦ | દિલ યે જિદ્દી હૈ | સંજીવની | વિઘ્નહર્તા મોર્ય | ॥ | છોટી સરદારની | ॥ | ॥ | ॥ |
| ૦૮.૦૦ | ગુડ્ડન તુમસે ના હો પાયેગા | કસોટી જિંદગી કી | ઈશારો ઈશારો મેં | ॥ | શક્તિ | ॥ | મુવી | ॥ |
| ૦૮.૩૦ | તુજસે હૈ રાબ્તા | યે જાદુ હૈ જીન કા | પટિયાલા બેબ્સ | ॥ | રામશિયા કે લવકુશ | ॥ | ॥ | ॥ |
| ૦૯.૦૦ | કુમ કુમ ભાગ્ય | કહાં હમ કહાં તુમ | કૌન બનેગા કરોડ પતિ | મુવી | ગઠબંધન | મુવી | ॥ | ॥ |
| ૦૯.૩૦ | કુંડલી ભાગ્ય | યે રિશ્તા | ॥ | ॥ | બહુ બેગમ | ॥ | ॥ | મુવી |
| ૧૦.૦૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | યે રિશ્તે હૈં પ્યાર કે | ॥ | ॥ | બેપનાહ પ્યાર | ॥ | ॥ | ॥ |
| ૧૦.૩૦ | હમારી બહુ સિલ્ક | યે હૈ મોહબ્બતે | તારા ફોર્મ સિતારા | ॥ | વિષ યા અમૃત સિતારા | ॥ | ॥ | ॥ |
| ૧૧.૦૦ | દિલ્લી ડાર્લિંગ્સ | નઝર | ક્રાઈમ પેટ્રોલ સર્તક | ॥ | છોટી સરદારની | ॥ | ॥ | ॥ |
| ૧૧.૩૦ | અઘોરી | કસોડી જિંદકી કી | ॥ | ॥ | બહુ બેગમ | ॥ | ॥ | મુવી |
| ૧૨.૦૦ | ॥ | ॥ | ॥ | મુવી | ॥ | ॥ | મુવી | ॥ |



વસંત પંચમીએ લગ્નોના વણજોયા મુહૂર્ત હોય છે. જોકે, આ વખતે લગ્નના મુહૂર્ત ન હોવા છતાં સારી એવી સંખ્યામાં લગ્નો છે. લગ્નો માટે કારને શણગારતા કારીગરો.

### ૯ રાશિના નસીબ આડેથી પાંદડું હટશે

# ગુરુ ઉદિત થતા અનેક રાશિના જાતકોને ફાયદો થશે

અમદાવાદ,તા.૧૬

ગ્રહોની બદલાયેલી ચાલ આપણા જીવન પર પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રીતે કોઈને કોઈ પ્રભાવ અવશ્ય પડે છે. આજે અમે વાત કરી રહ્યા છીએ સૌથી મોટી ગ્રહ દેવગુરુ બૃહસ્પતિની દેવાનો ગુરુ એવા બૃહસ્પતિ જ્યોતિષમાં ખૂબ જ મહત્વ ધરાવે છે. દરેક શુભાશુભના નિર્ણયો ગુરુની સ્થિતિ જોઈને લેવાય છે. આ વર્ષે ૧૭ જાન્યુઆરી ૨૦૨૧એ બૃહસ્પિત પશ્ચિમ દિશામાં અસ્ત થયા હતા અને હવે ૧૪ ફેબ્રુઆરી રાતે ૧૧:૪૪ વાગ્યે ફરી એક વખત બૃહસ્પતિ ગ્રહનો ઉદય થયો છે. પરંતુ બૃહસ્પતિ હજી પણ મકર રાશિમાં છે. ગુરુ ગ્રહને માંગલિક કાર્યોના કારક માનવામાં આવે છે અને જ્યા સુધી ગુરુ ગ્રહ અસ્ત હતો ત્યાં સુધી લગ્ન સહિતના કાર્યો પર પ્રતિબંધ હતો. ગુરુના ઉદય થવાથી ૧૨ રાશિઓ પર શું અસર પડશે. ગુરુનો ઉદય મેષ રાશિ માટે શુભ સફળતા અપાવનારો રહેશે. નોકરી-ધંધામાં પ્રગતિ થશે, વાહન અને સંપત્તિમાં લાભ થવાના યોગ બની રહ્યા છે. ઘણા દિવસોથી અટકેલી કામગીરી પૂર્ણ કરવામાં આવશે. ગુરુના અસ્ત થવાને કારણે આજ સુધી વૃષભ રાશિઓને મળતું નુકસાન લાભમાં ફેરવાશે.

સામાજિક સ્થિતિ પ્રતિષ્ઠામાં વધારો કરશે, વેપારીઓ માટે સમય અનુકૂળ રહેશે અને પૈસાની સ્થિતિ પણ સંતુલિત રહેશે. પરંતુ તમારા સ્વાસ્થ્ય અને વિવાહિત જીવનનું વિશેષ ધ્યાન રાખો. ગુરુનો ઉદય મિથુન રાશિની સમસ્યાઓમાં વધારો કરી શકે છે અને તેમને ઉતાર-ચઢાવનો સામનો કરવો પડી શકે છે. વૈવાહિક જીવનમાં પડકારો આવી શકે છે, પરિવાર સાથેનો સંબંધ બગડી શકે છે, કાવતરાનો શિકાર ભોગ બની શકે છે. ગુરુના ઉદય સાથે કર્ક રાશિનું પણ ભાગ્ય વધી રહ્યું છે. દરેક કાર્યમાં સફળતા મળશે, કારકિર્દી સારી રહેશે, નોકરીમાં બઢતી મળશે, વેપારીઓ માટે પણ સમય અનુકૂળ રહેશે. નવી તક મળે અને ધન મેળવવાની સંભાવના છે. સિંહ રાશિ માટે ગુરુનો ઉદય મિશ્રિત સમય લાવ્યો છે. નોકરી હોય કે બિઝનેસની સફળતા પ્રાપ્ત કરવા માટે સખત મહેનત કરવાની જરૂર રહેશે. બાળકોને લગતી સમસ્યાઓ વધી શકે છે, તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. કન્યા રાશિ માટે આ સમય મિશ્રિત રહેશે. આવકનાં માધ્યમોમાં વધારો થશે, જે પૈસાથી સંબંધિત સમસ્યાઓ દૂર કરશે, દેવાથી મુક્તિ મળશે. પરંતુ પરિવારના સભ્યો સાથે મતભેદ ઉભા ન થવા દો, વૈવાહિક જીવનમાં મુશ્કેલીઓ આવી શકે છે. તુલા રાશિ માટે ગુરુનો ઉદય મિશ્રિત થવા જઇ રહ્યો છે. પારિવારિક ઝઘડા અને માનસિક અશાંતિનો સામનો કરવો પડી શકે છે, ગુપ્ત શત્રુઓ વધી શકે છે, માતાપિતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. જો કે કારકિર્દીમાં સારો બદલાવ આવી શકે છે અને સ્થાવર મિલકતના મામલામાં ફાયદો થઈ શકે છે. વૃશ્ચિક રાશિ માટે, ગુરુનો ઉદય મિશ્રિત થવા જઇ રહ્યો છે. તમારા કાર્યોની પ્રશંસા થશે, આદર અને પદનો લાભ મળશે. પરંતુ બાળકોને લગતી ચિંતાઓ વધી શકે છે અને નાના ભાઈ-બહેન સાથે મતભેદ હોઈ શકે છે. ધનુ રાશિના જાતકો માટે ગુરુનો ઉદભવ લાભકારી સાબિત થશે. કારકિર્દીની બાબતમાં લાભ થશે, દેવાથી મુક્તિ મળશે, ઉધાર આપેલા પૈસા પાછા મળશે. જો કે તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખો અને અકસ્માતથી બચો. મકર રાશિમાં ગુરુનો ઉદય થયો છે, તેથી આ સમય તમારા માટે પણ સારો રહેશે.

**અનુસંધાન પાન ૧નું ચાલુ**

## ચીન

આવ્યું છે તેને હટાવી દેવામાં આવશે. જે જવાનોએ પોતાના જીવ આ દરમિયાન ગુમાવ્યા છે તેમને દેશ હંમેશા સલામ કરશે. સમગ્ર ગૃહ દેશની સંપ્રભુતાના મુદ્દે એક સાથે ઊભું છે. રાજ્યસભામાં નિવેદન આપતા રાજનાથ સિંહે કહ્યું હતું કે, ભારતે સ્પષ્ટ કર્યું છે કે એલએસીમાં કોઈ ફેરફાર ન થાય અને બંને દેશોની સેનાઓ પોતપોતાના સ્થળે પહોંચી જાય. આપણે એક ઇંચ જમીન પણ કોઈને નહી લેવા દઈએ. રક્ષા મંત્રીએ કહ્યું કે પેન્ગોગ લેકના ઉત્તર અને દક્ષિણ કિનારાને લઈ બંને દેશો વચ્ચે સમજૂતી થઈ ગઈ છે અને સેનાઓ પાછળ હટશે. ચીન પેન્ગોગ ફિંગર ૮ બાદ જ પોતાની સેનાઓ તૈનાત કરશે. ૧૦ મહિનાથી ચાલી રહેલા ઘર્ષણને લઈ રાજ્યસભામાં રાજનાથ સિંહે કહ્યું કે અમે નિયંત્રણ રેખા પર શાંતિપૂર્ણ સ્થિતિ કાયમ રાખવા માટે પ્રતિબદ્ધ છીએ. ભારતે હંમેશા દ્વીપક્ષીય સંબંધોને મજબૂત રાખવા પર ભાર મૂક્યો છે. તેઓએ કહ્યું કે ભારતે ચીનને હંમેશા એવું કહ્યું છે કે બંને દેશોના પ્રયાસોથી જ દ્વીપક્ષીય સંબંધો સુધરી શકે છે.

## વર્કપ્લેસ

કરવાની રહેશે. કન્ટેન્મેન્ટ ઝોન સમાપ્ત ન થાય ત્યાં સુધી તેમણે ઓફિસ ન આવવું જોઈએ. આની જગ્યાએ આવા કર્મચારીઓને ઘરેથી કામ કરવાની મંજૂરી આપવી જોઈએ. આ ઉપરાંત વર્કપ્લેસમાં એન્ટ્રી વખતે હાથ સાફ કરવા અને થર્મલ સ્ક્રીનિંગ પણ જરૂરી હશે.

માત્ર એવા સ્ટાફ અને વિઝિટર્સને એન્ટ્રીની મંજૂરી મળશે, જેમાં કોરોનાનાં લક્ષણ નહીં હોય. મિનિસ્ટ્રીએ કહ્યું હતું કે તમામ કર્મચારીઓ અને વિઝિટર્સને કોરોનાને અટકાવવાના ઉપાય કરવા જોઈએ, જેમાં ૬ ફૂટનું અંતર જાળવી રાખવું, ફેસ કવર કે માસ્કનો ઉપયોગ કરવો અને સતત હાથ ધોવાની આદત સામેલ છે. લોકોના વારંવાર અડવાની જગ્યા પર ઓછામાં ઓછી ૨ વખત સાફસફાઈ થવી જોઈએ. ઓફિસ અને અન્ય વર્કપ્લેસ એકબીજા સાથે જોડાયેલાં હોય છે. એટલા માટે અહીં, લિફ્ટ, સીડી, પાર્કિંગ, કેન્ટીન, મીટિંગ રૂમ અને કોન્ફરન્સ હોલમાં કોરોના ઝડપથી ફેલાઈ શકે છે. સંક્રમણને ફેલાવાથી અટકાવવાની જરૂર છે. કોરોનાના શંકાસ્પદોની ઓળખ થાય ત્યારે જરૂરી ઉપાય કરવા જરૂરી છે, જેથી ફેલાવાને સીમિત કરી શકાય.

**ગાઈડલાઈન**

-એસઓપીમાં કહેવામાં આવ્યું છે કે લિફ્ટમાં લોકોની સંખ્યા નક્કી રહેશે, જેથી સોશિયલ ડિસટન્સિંગ જાળવી શકાય.

-એરકન્ડિશનિંગ અને વેન્ટિલેશન માટે સીપીડબલ્યુડીના આદેશનું પાલન કરવું જોઈએ.

-એરકન્ડિશનરનું ટેમ્પરેચર ૨૪થી ૩૦ ડીગ્રી સેલ્સિયસ સુધી હોવું જોઈએ. હ્યુમિડિટીની રેન્જ ૪૦થી ૭૦ રહેવી જોઈએ.

-વર્કપ્લેસ પર ક્રોસ વેન્ટિલેશનની પૂરતી વ્યવસ્થા હોવી જોઈએ.

-ઓફિસ કેમ્પસની બહાર અને અંદર કોઈપણ દુકાન, સ્ટોલ, કેફેટેરિયા અથવા કેન્ટીનમાં દર વખતે સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન નક્કી કરવું જોઈએ.

-સ્ટાફે પોતાનું તાપમાન સમયસર ચેક કરાવવું જોઈએ. જો તે બીમારી હોય અથવા ફ્લૂ જેવાં લક્ષણ જોવા મળે તો તાત્કાલિક ડોક્ટરને બતાવવું જોઈએ.

-સ્ટાફ અને વેઈટરોને માસ્ક અને ગ્લવ્સ પહેરવાં સહિત અન્ય જરૂરી ઉપાય કરવા જોઈએ.

બેસવાની વ્યવસ્થા એવી હોય કે સ્ટાફમાં ઓછામાં ઓછ ૬ ફુટનું અંતર હોય.

## ચીનના

કરવામાં આવશે. હું ચીફ ટેડ્રોસ ગેબ્રેસિયસે કહ્યું હતું કે, ચીનનાં વુહાન શહેરમાં કરાયેલી તપાસ મહત્વની છે. તમામ સંભાવનાઓ સાથે તપાસ કરાઈ રહી છે. શરૂઆતમાં પ્રારંભિક રિપોર્ટ રજૂ કરાશે અને તે પછી થોડા સમયમાં સંપૂર્ણ તપાસ રિપોર્ટ રજૂ કરાશે. તપાસ ટીમને જાણવા મળ્યું હતું કે ડિસેમ્બર ૨૦૧૯માં એકલા ચીનનાં વુહાનમાં જ કોરોનાનાં ૧૦૦૦ કેસ હતા. મિલાન કેન્સર ઈન્સ્ટીટયૂટે જણાવ્યું હતું કે, ઈટાલીમાં ઓક્ટોબર ૨૦૧૯માં જ કોરોના ફેલાવાનું શરૂ થઈ ગયું હતું.

વુહાનનાં આરોગ્ય અધિકારીઓએ હુંને તેની જાણ ૩૧ ડિસેમ્બર ૨૦૧૯નાં રોજ કરી હતી. દસ્તાવેજો મુજબ ચીનમાં કોરોનાનો પહેલો કેસ ૧૭ નવેમ્બર ૨૦૧૯નાં રોજ પ્રકાશમાં આવ્યો હતો.ચીનમાં ૩૧ ડિસેમ્બર ૨૦૧૯નાં રોજ કોરોનાનો પહેલો કેસ મળી આવ્યો તે પછી અમેરિકા સહિત આખા વિશ્વમાં તેને ફેલાવવાનાં કાવતરામાં ચીનની ભૂમિકા મહત્વની હતી.ચીનનાં એક વેઈબો યુઝર્સે તે જ દિવસે વોચ આઉટ ફોર અમેરિકન્સ એવો મેસેજ પોસ્ટ કર્યો હતો. બેઈજિંગથી વોશિંગ્ટન અને મોસ્કો તેમજ તહેરાન સુધી તેને ફેલાવવા માટે કાવતરૂં ઘડવામાં આવ્યું હતું. ચીનની સરકારે શરૂઆતમાં ખાસ્સો એવો ખોટો પ્રચાર કર્યો હતો.

## મધ્યપ્રદેશમાં

જઈ રહ્યા હતા. બસ ખોટા રૂટ પરથી જઈ રહી હતી. ટ્રાન્સપોર્ટ કમિશનરે આ મામલે તપાસના આદેશ આપ્યા છે. દોષિતો સામે સખત કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.

મુખ્યમંત્રી શિવારાજસિંહ ચૌહાણે બે મંત્રીઓને સીધી માટે રવાના કર્યા છે. જેમાં કેબિનેટ મંત્રી રામ સિલાવટ અને રામખેલાવન પટેલનો સમાવેશ થાય છે. બન્ને મંત્રી ત્યાં પહોંચીને મુખ્યમંત્રીને રિપોર્ટ કરશે. આ સાથે ઘટના અંગે વિસ્તૃત માહિતી મેળવવા માટે વાહનવ્યવહાર મંત્રી ગોવિંદસિંહ રાજપૂતને જણાવાયું છે.

સ્થાનિક લોકોના જણાવ્યા પ્રમાણે બસમાં ૫૫થી ૬૦ લોકો હતા. અત્યાર સુધીમાં ૭ જેટલા લોકોને જીવતા બહાર કાઢવામાં સફળતા મળી છે. મળતી વિગતો પ્રમાણે ૩૮ લોકોના મૃતદેહ બહાર કઢાયા છે. કહેવાય છે કે જામના કારણે બસને અન્ય રૂટ પર ડાઈવર્ટ કરવામાં આવી હતી. પુલ પાસે ખાડો હતો તે પછી બસ નહેરમાં પડી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે અને મૃતકોના પરિવારને ૨-૨ લાખ રૂપિયા પ્રધાનમંત્રી નેશનલ રીલિફ ફંડમાંથી આપવાની જાહેરાત કરી છે.

વધુ વિગતો અનુસાર આજે સવારે સીધીથી સતના જઇ રહેલી બસમાં ૫૪ મુસાફરો સવાર હતાં. જ્યારે અચાનક સંતુલન બગડતાં બસ નહેરમાં ખાબકી હતી. ઘટનાને પગલે રાહત કાર્ય ચાલુ છે. જ્યારે ગુમ યાત્રીઓની શોધખોળ ચાલુ છે. ઘટનાને પગલે મુખ્યમંત્રીએ નહેરનો પાણી રોકવાના આદેશ આપ્યા હતા. સાથે જ શિવરાજ સિંહે ચૌહાણે સીધીના કલેક્ટરને રેસ્ક્યૂ ઓપરેશન ઝડપ કરવા નિર્દેશ કર્યા છે.

સીએમના અનુસાર, બાળસાગર નહેર ઊંડી છે. અમે તત્કાલિક ડેમમાંથી પાણી બંધ કરાવ્યું. રાહત અને બચાવ ટીમને રવાના કરી અને કલેક્ટર, એસપી, એસડીઆરએફની ટીમ ટીમ ત્યાં છે. જ્યારે બસ કાઢવાના પ્રયાસ કરાઈ રહ્યાં છે. મળતી માહિતી પ્રમાણે, બસ નક્કી સમયે સવારે પાંચ વાગ્યે નીકળવાની હતી પરંતુ સવારે ત્રણ વાગ્યે જ રવાના થઇ ગઇ. જોકે, આનો માર્ગ પણ બીજો છે. પરંતુ આગળ ટ્રાફિક હોવાને લીધે ડ્રાઇવરે અચાનક રસ્તો બદલ્યો હતો અને સાત કિમી નવા રૂટ પર બસ લઇ ગયો હતો. આ દરમિયાન દુર્ઘટના બની હતી.

## કિશોરી

આવેલી વિગતો અનુસાર, પ્રિન્સિપાલને રેપ કરવામાં મદદ કરનારા શિક્ષકે છોકરીને સૌપ્રથમવાર પ્રિન્સિપાલ તારું પેપર ચેક કરી રહ્યા છે તેમ કહીને એક રુમમાં મોકલી હતી. તે રુમમાં બેડ પણ હતો, જ્યાં બે મહિનાના ગાળામાં છોકરી પર કમસે કમ છ વાર રેપ કરવામાં આવ્યો હતો. આરોપીઓની ધરપકડ થઈ ગઈ તે વખતે પિડિતા પ્રેગનેન્ટ હતી, અને કોર્ટની અનુમતિ બાદ તેનો ગર્ભપાત કરવામાં આવ્યો હતો.

એબોર્શન બાદ ભ્રૂણના ડીએનએ સેમ્પલ લઈને તેને ફોરેન્સિક લેબમાં મોકલવામાં આવ્યા હતા. ભ્રૂણના ડીએનએ આરોપી અરવિંદ સાથે મેચ થતાં તેણે જ દુષ્કર્મ કર્યો હોવાનું પુરવાર થઈ ગયું હતું. પિડિતાએ પણ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ કલમ ૧૬૪ હેઠળ પોતાનું નિવેદન નોંધાવ્યું હતું. પોતાના નિવેદનને તે ટ્રાયલ દરમિયાન પણ વળગી રહી હતી, અને ડીએનએ સેમ્પલ પણ સૌથી મજબૂત પુરાવો સાબિત થયું હતું. આ કેસમાં કોર્ટમાં કુલ છ સાક્ષી રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં પિડિતા ઉપરાંત તપાસ અધિકારી અને મહિલા પોલીસ સ્ટેશનના સ્ટેશન હાઉસ ઓફિસરનો પણ સમાવેશ થાય છે. જે સ્કૂલમાં પિડિતા ભણતી હતી તેમાં પાંચમા ધોરણ સુધીના વર્ગો હતા. જો કે, સ્કૂલમાં પ્રિન્સિપાલે જ છોકરી પર રેપ કર્યો હોવાની વાત જાહેર થતાં તે સ્કૂલને તાળાં લાગી ગયા હતા.

## મહારાષ્ટ્રમાં

દેશોને ભારતે વેક્સિન પહોંચાડી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણે જણાવ્યું કે અત્યાર સુધીમાં એક લાખ ૭૦ હજાર ૬૭૮ લોકોને બીજી વખત વેક્સિન આપવામાં આવી છે. દેશમાં કોરોનાના સક્રિય કેસ ૧.૪૦ લાખથી ઓછા દર્દી રહ્યા છે. ભૂષણે જણાવ્યું કે દેશના કુલ સક્રિય કેસોની બાબતમાં ૭૨ ટકા કેસ બે રાજ્યમાંથી છે. તેમા કેરળ અને મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. કેરળમાં કોરોના સંક્રમણના ૬૧,૫૫૦ સક્રિય કેસ છે, જ્યારે મહારાષ્ટ્રમાં તેની સંખ્યા ૩૭,૩૮૩ છે. ભૂષણે જણાવ્યું કે દેશમાં છેલ્લા સાત દિવસમાં પ્રતિ ૧૦ લાખની વસ્તી પર ૫૬ નવા કેસ સામે આવ્યા છે.

## મુંબઈ

હતી. પપૈયાથી ભરેલી ટ્રક ધૂલેથી રાવેલ તરફ જઈ રહી હતી. મળતી જાણકારી મુજબ, જલગાંવમાં સોમવારની સવારે પપૈયાથી ભરેલી એક ટ્રક રાવેલ તરફ જઈ રહી હતી. ટ્રક યાવલ પાસે જ પહોંચી હતી કે તે અનિયંત્રિત થઈને પલટી ગઈ હતી. ટ્રક પલટતાં જ જોરદાર અવાજ સાંભળીને આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓ મુજબ ટ્રકમાં કેટલાક શ્રમિકો પણ બેઠા હતા. દુર્ઘટના એટલી જોરદાર હતી કે ટ્રકમાં સવાર તમામ ૧૫ શ્રમિકોનાં ઘટનાસ્થળે જ મોત થયા હતા.

## દુનિયાભરના

એસ્ટ્રોજેનિકાની આ બંને કોરોના રસીઓની મંજૂરી આપ્યા બાદ, વિશ્વના ઘણા દેશોમાં કોવેક્સ પ્રોગ્રામ હેઠળ રસીકરણ ઝડપી બનાવવામાં આવશે. ત્યાર બાદ વિશ્વના જે દેશોમાં હજુ કોરોનાની રસી આપવામાં આવી નથી તે દેશોમાં રસીકરણ શરૂ કરવામાં આવશે. જણાવી દઈએ કે, કોવેક્સ પ્રોગ્રામની જેમ, ડબ્લ્યુએચઓ વિશ્વના ગરીબ દેશોમાં કોરોના રસી પહોંચાડવાનો પ્રયાસ કરે છે.

**અનુસંધાન પાન ૮નું ચાલુ**

## મુખ્યમંત્રીની

કરાવે. ત્યાર બાદ અનેક નેતાઓએ પોતાના કોરોના ટેસ્ટ કરાવ્યા હતા, જેમાં નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલનો પણ સમાવેશ થાય છે. તેમણે પોતાનો રિપોર્ટ કરાવ્યા બાદ આજે રિઝલ્ટ જાહેર કર્યું હતું. નીતિન પટેલે ટ્વીટર પર માહિતી શેર કરતા જણાવ્યું હતું કે, તેમનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. નીતિન પટેલે લખ્યું હતું કે, મારો કોરોનાનો આરટી-પીસીઆર ટેસ્ટ તા.૧૫/૨/૨૧ ને સોમવારના રોજ કરાવેલ છે. જેનો રિપોર્ટ ભગવાનના આશીર્વાદથી અને આપ સર્વેની શુભેચ્છાથી નેગેટીવ આવેલ છે.

બીજી બાજુ પંચમહાલના સાસંદ અને પૂર્વ કેન્દ્રિય પ્રધાન જશવંતસિંહ ભાભોરને આજે કોરોના પોઝિટીવ આવતા તેઓને ત્યાંની સ્થાનિક હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. તેમણે પણ તેમની સાથે જોડાયેલા સમર્થકોને કોરોનાનો ટેસ્ટ કરાવવાની અપીલ કરી છે.

## ગુજરાતની

મોરચના પ્રમુખ રહી ચૂક્યા છે. હાલમાં તેઓ ભાજપના બક્ષીપંચ મોરચનાના પ્રમુખ છે. બનાસકાંઠાના આગેવાન અને પ્રજાપતિ સમાજનું પ્રતિનિધિત્વ કરતા દિનેશ પ્રજાપતિજિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી પણ રહી ચૂક્યા છે.

હાલ રાજ્યસભાની ૧૧ પૈકી ૯ બેઠકો પર ગુજરાતમાંથી રાજ્યસભામાં પ્રતિનિધિત્વ કરી રહ્યા છે તેમાં કેન્દ્રિય પ્રધાન એસ.જયશંકર, પુરૂષોત્તમ રૂપાલા, મનસુખ માંડવીયા, નરહરી અમીન, રમીલાબેન બારા, જુગલજી ઠાકોર, નારાયણ ઠાકોર ઉપરાંત કોંગ્રેસમાંથી નારાયણ રાઠવા, અમીબેન યાજ્ઞીક અને શક્તિસિંહ ગોહિલ રાજ્યસભાના સાસંદ છે. લાંબા સમય બાદ હવે ગુજરાતમાંથી ૮ સાસંદો ભાજપના હશે જ્યારે કોંગ્રેસે માત્ર ૩ સાસંદોથી જ આત્મસંતોષ માનવો પડશે.

## ગુજરાતમાં

ગોંડલ તાલુકા પંચાયતની સુલતાનપુર, કંકારા તાલુકા પંચાયતની સાવડી, વંથલી તાલુકા પંચાયતની ધંધુસર, જૂનાગઢ તાલુકા પંચાયતની ભલગામ્ ને બિલખા-૨, બાબરા તાલુકા પંચાયતની કરિયાણા અને ખંભાણા, વલ્લભીપુર તાલુકા પંચાયતની બરેડ, મેલાણા અને નવાગામ, જેસર તાલુકા પંચાયતની કાંત્રોડી, ઉમરાળા તાલુકા પંચાયતની લંગાળા અને રંગોળા, બરવાડા તાલુકા પંચાયતની જુના નાવડા-૨ અને સારંગપુર-૨, ગઢડા તાલુકા પંચાયતની જલાલપુર, રાણપુર તાલુકા પંચાયતની ગુંદા, ધ્રાગધ્રા તાલુકા પંચાયતની કોઢ, માલવણ, મરાડી, નારીયાણા, રામપરા અને વાવડી, લીબડી તાલુકા પંચાયતની અંકેવાડિયા અને કટારિયા, મૂળી તાલુકા પંચાયતની ગઢાદ અને ઉમરળા, ચોટીલા તાલુકા પંચાયતની ખરેડી, વઢવાણ તાલુકા પંચાયતની નાના કેરાડા, થાનગઢ તાલુકા પંચાયતની જામવાડી, ખાખરાથળ, મોરથળા, નરખંભા અને સોનગઢનો સમાવેશ થાય છે.

આ સાથે ડાંગ જિલ્લાના સુધીર તાલુકા પંચાયતની દહેર, વલસાડ તાલુકા પંચાયતની લીલાપોર, વાપી તાલુકા પંચાયતની બલિઠા-૧, બલિઠા-૨, છીરી-૧, લવાછા અને રાતા, જલાલપોર તાલુકા પંચાયતની છીણમ, ઓલપાડ તાલુકા પંચાયતની અરિયાણા, દાંડી, કદરામા, ઓલપાડ-૧ અને પીંજરત, ચોર્યાસી તાલુકા પંચાયતની ભટલાઇ, હજીરા-૧ અને કવાસ, બારડોલી તાલુકા પંચાયતની ખોજ, નિઝર તાલુકા પંચાયતની હરડુલી દિગર, હાસોટ તાલુકા પંચાયતની ગમરાડ, વડોદરા તાલુકા પંચાયતની પોરનો પણ સમાવેશ થાય છે.

જ્યારે ૮૫ નગરપાલિકામાંથી ધ્રાગધ્રા નગરપાલિકામાં ૧૨ બેઠકો, દેવભૂમિ દ્વારકાની ઓખા નગરપાલિકાની ૧ બેઠક, ઉના નગરપાલિકાની ૨૧ બેઠક કેશોદ નગરપાલિકાની ૧ બેઠક, ગોંડલ નગરપાલિકાની ૨ બેઠક, ભૂજ નગરપાલિકાની ૪ બેઠક, અંજાર નગરપાલિકાની ૨ બેઠક, કડી નગરપાલિકાની ૨૬ બેઠ

ક, વિરમગામ નગરપાલિકાની ૨ બેઠક, આણંદ નગરપાલિકાની ૨ બેઠક, પાદરા નગરપાલિકાની ૪ બેઠક, ડભોઇ નગરપાલિકાની ૧ બેઠક બિનહરીફ ભાજપે મેળવી છે.

## ગોધરા કાંડ

પકડી તેના પાસેથી પોલીસે એક મોબાઈલ અને ચૂંટણીકાર્ડ સીઆરપીસીની કલમ ૧૦૨ મુજબ કબ્જે લઈ ગુનાના અંગે વધુ કાર્યવાહી માટે ગોધરા ટાઉન બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૨માં ગોધરા રેલવે સ્ટેશન પાસે સર્જાયેલા સાબરમતી ટ્રેન હત્યાકાંડના રેલવે પોલીસ મથકે નોંધાયેલા ગુનામાં રફીક હુસેન ભટુકનો પણ સમાવેશ થતો હતો. રફીક ધરપકડ ટાળવા ઘરેથી ભાગી છૂટ્યો હતો અને દિલ્હીમાં જઈ ફેકટરીમાં કે અન્ય સ્થળે છૂટક મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવતો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં જણાય આવ્યું છે. સાબરમતી ટ્રેન હત્યાકાંડના ગુનામાં હજી સાત આરોપીઓ વૉન્ટેડ છે. જે પૈકી ચાર આરોપીના ટૂંકા અને અડધા નામ છે. જ્યારે બે આરોપીઓ સામે તેઓ પાકિસ્તાન કે અન્ય સ્થળે ભાગી ગયા હોવાની શક્યતાઓ વચ્ચે રેડ કોર્નર નોટિસ જાહેર કરવામાં આવી છે. જેમાં ગોધરાના શોકત ચરખા અને સલીમ પાનવાલાનો સમાવેશ થાય છે.

## ૧૬ ફેબ્રુઆરીથી ૦૩ માર્ચ સુધી ભુજ - બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ હળવદ સ્ટેશન પર રોકાશે નહીં

અમદાવાદ, તા. ૧૬

અમદાવાદ ડિવિઝનના વિરમગામ - સામખિયાળી સેક્શનના સુખપુર - હળવદ - ધનાળા સ્ટેશનો વચ્ચે દોહરિકરણ કાર્યને કારણે ટ્રેન નંબર ૦૯૪૫૬/૦૯૪૫૫ ભુજ - બાંદ્રા ટર્મિનસ - ભુજ સ્પેશિયલ હળવદ સ્ટેશન પર રોકાશે નહીં. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છેં -

ટ્રેન નંબર ૦૯૪૫૬ ભુજ - બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૧ થી અને ટ્રેન નંબર ૦૯૪૫૫ બાંદ્રા ટર્મિનસ - ભુજ સ્પેશિયલ ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૧ થી ૦૩ માર્ચ ૨૦૨૧ સુધી હળવદ સ્ટેશન પર રોકાશે નહી.

## ૨૬ ફેબ્રુઆરીએ ગાંધીધામ-ભાગલપુર સ્પેશિયલ રદ રહેશે

અમદાવાદ, તા. ૧૬

પૂર્વ મધ્ય રેલ્વેના સોનપુર ડિવિઝનના બચવાડા સ્ટેશન પર યાર્ડ રિમોડેલિંગ કામ માટે ૨૬ ફેબ્રુઆરી,૨૦૨૧ના રોજ ગાંધીધામથી ચાલતી ટ્રેન નંબર ૦૯૪૫૧ ગાંધીધામ-ભાગલપુર એક્સપ્રેસ અને ૧ માર્ચ ૨૦૨૧ ના રોજ ભાગલપુરથી ચાલતી ટ્રેન નંબર ૦૯૪૫૨ ભાગલપુર - ગાંધીધામ એક્સપ્રેસ રદ રહેશે.

### દીક્ષા ગ્રહણ કરનારા ૧૬થી ૩૩ વર્ષના યુવક-યુવતી

# ૯ મુમુક્ષુઓએ સંસારનો ત્યાગ કરી જૈન ધર્મની દીક્ષા લીધી

સૌરાષ્ટ્ર,તા.૧૬

સૌરાષ્ટ્રમાં જૂનાગઢ ની પાવન ધરા ઉપર નવ મુમુક્ષો એ સંસાર નો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી હતી. જૂનાગઢ સ્થિત ભવનાથ ખાતે ગિરનાર જૈન દીક્ષા મહોત્સવ સમિતી દ્વારા આયોજિત દિક્ષા મહોત્સવ માં નમ્રમુનિ મહારાજની ઉપસ્થિતીમાં આઠ દિકરીઓ સહિત ૯ મુમુક્ષોએ દિક્ષા ગ્રહણ કરી હતી. દિક્ષા ગ્રહણ કરનારમાં ૧૬ વર્ષથી લઈને ૩૩ વર્ષની વયના યુવક, યુવતિનો સમાવેશ થયો છે. આ તકે મુક્તાનંદ બાપુ, શેરનાથ બાપુ, ઈન્દ્રભારતી બાપુ, મેયર ધીરભાઇ ગોહેલ, નટુભાઇ ચોકસી, શરદભાઇ આડતીયા સહિતના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા. દિક્ષા લેનારામાં રાજકોટના વતની ફેનીલકુમાર જીજ્ઞેશભાઇ અજમેરા આઇટી એન્જીનિયર, ડિપ્લોમાં થયેલા છે. કાંદીવલી (મુંબઇ)ના શ્રેયમબેન તરૂણભાઇ ખંધાર એમબીએ થયેલા છે, જ્યારે નિરાલીબેન તરૂણભાઇ ખંધાર કોમ્પ્યુટર એન્જીનિયર છે. ડોંબીવલી (મુંબઇ)ના એકતાબેન અશ્વિનભાઇ ગોસલીયા બીકોમ થયેલા છે. વસઇ (મુંબઇ)ના અલ્પાબેન મનોજભાઇ અજમેરા બીકોમ થયેલા છે. ઘાટકોપર (મુંબઇ)ના આયુષીબેન નિલેશભાઇ મહેતા બીએ થયેલા છે. રાજકોટના નિધીબેન કમલેશભાઇ મડિયા બીએ થયેલા છે. દાદર ગિરના મિશ્વાબેન નિતીનભાઇ ગોડા એચએસસી તેમજ ગોંડલના દિયાબેન કલ્પેશભાઇ કામદાર પણ એચએસસી થયેલા છે. ગરવા ગિરનારની ધરા પર ગિરનાર જૈન દીક્ષા મહોત્સવ સમિતિના ઉપક્રમે, આયોજિત કરવામાં આવેલાં ૯ મુમુક્ષુઓના ભગવતી જૈન દીક્ષા મહોત્સવના આ અવસરે ભારતના ૧૦૮થી વધુ જૈન સંઘોની સાથે અમેરિકા, લંડન, સુદાન, દુબાઈ, કોંગો, મલેશિયા, સિંગાપુર આદિ વિદેશના અનેક ક્ષેત્રોના સંઘો, વિવિધ ક્ષેત્રોમાં બિરાજિત પૂજ્ય સંત-સતીજીઓ તેમજ ૨૫ લાખથી પણ વધુ ભાવિકો લાઈવના માધ્યમે જોડાઈને ધન્યાતિધન્ય બન્યાં હતાં.

### કોરોના વાયરસનો અલગ સ્ટ્રેન કેડો છોડતો નથી

# ભારતમાં યુકે-દ.આફ્રિકા બાદ હવે બ્રાઝિલના સ્ટ્રેનની એન્ટ્રી

નવી દિલ્હી, તા. ૧૬

કોરોના વાયરસમાં યૂકે સ્ટ્રેન અને દક્ષિણ આફ્રિકી સ્ટ્રેન બાદ હવે બ્રાઝિલનો ડર સામે આવ્યો છે. આઈએમસીઆરના ડાયરેક્ટર બલરામ ભાર્ગવે કહ્યુ કે, ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં સાસ-કોવ-૨ના બ્રાઝિલ સ્ટ્રેનની જાણકારી મળી છે. વેક્સિનની અસરકારકતાની જાણકારી માટે પ્રયોગ ચાલી રહ્યાં છે. આફ્રિકી અને બ્રાઝિલ સ્ટ્રેન યૂકે સ્ટ્રેન કરતા અલગ છે.

કોરોના વિરુદ્ધ જંગ જારી છે અને તેના ખાત્મા માટે રસીકરણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે, આશરે ૮૭ લાખથી વધુ ડોઝ આપવામાં આવી ચુક્યા છે. ગોવા, ઉત્તર પ્રદેશ અને ગુજરાત સહિત ૮ રાજ્યોમાં પાત્ર સ્વાસ્થ્યકર્મીઓમાંથી ૬૦ ટકાથી વધુ લોકોને બીજો ડોઝ આપવામાં આવી ચુક્યો છે. જ્યારે દિલ્હી અને કર્ણાટક રસીકરણને લઇને પાછળ રહેલા રાજ્યોમાં સામેલ છે. ચીન અને બ્રિટન બાદ હવે સાઉથ આફ્રિકા અને બ્રાઝિલ વાળા કોરોનાની પણ ભારતમાં એન્ટ્રી થઈ ગઈ છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર) ના ડો. બલરામ ભાર્ગવે કહ્યુ કે, આફ્રિકાથી આવેલા ચાર લોકોમાં કોરોના વાયરસનો સાઉથ આફ્રિકી સ્ટ્રેન મળ્યો છે. જ્યારે બ્રાઝીલ સ્ટ્રેનની એન્ટ્રી ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં થઈ ચુકી છે. ભાર્ગવે મંગળવારે જણાવ્યુ કે, બધા યાત્રીકોને ક્વોરેન્ટીન કરવામાં આવ્યા છે. ભાર્ગવે તે પણ કહ્યુ કે, યૂકે વાળા સ્ટ્રેનના અત્યાર સુધી દેશમાં ૧૮૭ કેસ સામે આવ્યા છે. બધા કન્ફર્મ કેસોના સંક્રમિતોને ક્વોરેન્ટીન કરવામાં આવ્યા છે અને તેની સારવાર ચાલી રહી છે. તેના કોન્ટ્રાક્ટને આઈસોલેટ કરવામાં આવી ચુક્યા છે. પરંતુ પહેલાથી હાજર વેક્સિનમાં તેના બચાવની ક્ષમતા છે.

### આફ્રિકાથી આવેલા ૪ લોકોમાં કોરોનાનો સાઉથ આફ્રિકી સ્ટ્રેન મળ્યો અને બ્રાઝીલ સ્ટ્રેનની એન્ટ્રી ફેબ્રુઆરીમાં થઈ



# અમદાવાદને ટ્રાફિક અને રેલવે ક્રોસિંગ મુક્ત શહેર બનાવવા ભાજપનું શહેરીજનોને વચન

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ,તા.૧૬

સ્થાનિક સ્વરાજની ચૂંટણીના મતદાનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે આજે અમદાવાદ શહેર ભાજપ દ્વારા ચૂંટણી ઢંઢેરો જાહેર કરવામાં આવ્યો હતો. એએમસીની ચૂંટણીમાં ભાજપે આજે વિઝન ડૉક્યુમેન્ટના નામે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો. જેમા અમદાવાદ મહાનગરપાલિકામાં ભાજપે ૫ વર્ષમાં કરેલા કામોનો હિસાબ અને આગામી ૫ વર્ષની વિકાસની કામગીરી અંગેની જાહેરાત કરી હતી. અમદાવાદ મનપાની ચૂંટણી માટે ભાજપનો સંકલ્પ પત્રમાં શહેરના ટ્રાફિક પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે, જેમાં ટ્રાફિકની સમસ્યા તેમજ રેલવે ક્રોસિંગ મુક્ત શહેરની જાહેરાતોની સાથે સાથે ૧૬ મુદ્દા સાથે શહેરના વિકાસના વચનો આપ્યા હતા. સાથે સાથે અમદાવાદને પ્રદૂષણ મુક્ત કરવાની જાહેરાત કરી હતી.

ભારતીય જનતા પાર્ટીના પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ અને અમદાવાદના પ્રભારી આઈ કે જાડેજાએ વિઝન ડોક્યુમેન્ટ રજૂ કરતા કહ્યું કે, નવા ફ્લાય ઓવરબ્રિજ અને અંડરપાસ બનાવવા, પે એન્ડ પાર્કિંગની નવી પોલીસી લાવવાની જાહેરાત કરી છે. મલ્ટિલેવલ પાર્કિંગની સુવિધાઓ વધારાશે. અમદાવાદના પ્રસિદ્ધ રિવરફ્રન્ટ ઉપર થીમ બેઇઝ ગાર્ડન સહિત ટ્રેડિશનલ માર્કેટ ઉભું કરવામાં આવશે. દેશભરમાં સર્વપ્રથમ રિવરફ્રન્ટના વોક-વે ફૂટ ઓવર બ્રિજની કામગીરી પૂર્ણ કરી શહેરને ભેટ અપાશે. તબીબી સેવા માટે સીનીયર સીટીઝનોનુ નિયમિત સ્વાસ્થ્ય ચેકિંગ થશે. શ્રમજીવીની પણ હેલ્થ ચકાસણીની કામગીરી થશે. મહાનગરમા વિવિધ હોસ્પિટલોમાં બિલ્ડિંગનો વિકાસ કરી ૫૦૦ બેડ વધારાશે. પંડિત દિનદયાળ મેડિકલ હેલ્થ યોજના શરૂ કરાશે. પ્રદૂષણ મુક્ત અમદાવાદ બનાવવા માટે ગ્રીન બિલ્ડીંગના કન્સેપ્ટનો ઉપયોગ થશે, સાયકલનો વપરાશ વધે તે માટે અલાયદા ટ્રેક બનાવીશુ. એએમટીએસ-બીઆરટીએસ બસમાં ઈલેક્ટ્રીક બસનો ઉપયોગ કરીશુ. અમદાવાદના પૂર્વ વિસ્તારમાં ડ્રેનેજ લાઈનનુ અપગ્રેડેશન કરાશે.

## અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની ચૂંટણી માટે ભાજપન સંકલ્પ પત્ર જાહેર

તેમણે જણાવ્યું હતું કે, કચરાના નિકાલને વૈજ્ઞાનિકઢબે નિકાલ કરવા, શહેરના નવા વિસ્તારોનો નળ સે જલ યોજનામાં સમાવેશ કરાશે. વિધવા બહેનો વિનામૂલ્યે બસમા મુસાફરી કરી શકે તે માટે યોજના લવાશે, મહિલા માટે વધુ બસો દોડાવાશે. શહેરના ચાલી વિસ્તારના વિકાસનો એક્શન પ્લાન બનશે. અમદાવાદને ઝીરો સ્લમ સીટી બનાવાશે. ડસ્ટ ફ્રિ સીટી બનાવીશુ. અમદાવાદને મોડલ શહેર બનાવાશે. સ્માર્ટ સીટી બનશે. ઈડબલ્યુએસના આવાસનુ મેન્ટેનન્સની યોજના શરૂ કરાશે નવા કોમ્યુનિટી હોલ બનાવવામાં આવશે. સોસાયટી હાઉસિંગ વસાહતની મિટીંગો માટે રાહત દરે કોમ્યુનિટી હોલ આપવામાં આવશે. અમદાવાદને હરિયાળુ બનાવાશે. નવા બગીચા બનાવાશે. મ્યુ બગીચામાં સિનીયર સિટીઝન માટે ખાસ વ્યવસ્થા ઊભી કરાશે. પ્રત્યેક બગીચામાં યોગા સેન્ટરનું આયોજન કરવામાં આવશે. પૂર્વ વિસ્તારમાં નવુ ક્રિકેટ કોચિંગ સેન્ટર બનશે. નવા ફાયર સ્ટેશન બનશે. આમ, આગામી ૨૦૩૦ સુધીનું આયોજન કરાયુ છે. સોસાયટીના વેસ્ટ કચરાના નિકાલ માટે કોમ્પેક્ટ મશીન મુકાશે તો હેરિટેજ મકાનોને ટેક્ષમાં રાહત મળશે.

## અરબી સમુદ્રમાં ભેજવાળા પવનો ફૂંકાતાં રાજ્યમાં માવઠું થવાની આગાહી

ગાંધીનગર,તા.૧૬

રાજ્યમાં ઠંડીની વિદાય થઈ રહી છે ત્યારે ફરીવાર ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. હવામાન વિભાગે માવઠું થવાની આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે 'અરબી સમુદ્ર તરફ ભેજવાળા પવન ફૂંકાતાં વિશેષ કરીને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ૧૯ ફેબ્રુઆરીના હળવો વરસાદ પડી શકે છે. રાજ્યમાં આ સિવાયના મોટા ભાગના હિસ્સામાં સૂકું વાતાવરણ રહેશે. આગામી બે દિવસ લઘુતમ તાપમાનમાં ફેરફાર થવાની સંભાવના નહિવત્ છે. આ પછીના ૩ દિવસ દરમિયાન લઘુતમ તાપમાનમાં ૨-૩ ડીગ્રીનો વધારો થઇ શકે છે. 'વરસાદની શક્યતાને પગલે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ગત રાત્રિએ ૯ ડીગ્રી સાથે નલિયા ઠંડુંગાર રહ્યું હતું.

ગુજરાતમાં ધીરે ધીરે ઠંડીનું પ્રમાણ ઘટી રહ્યું છે. અમદાવાદમાં ૩૩.૫ ડીગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૩.૧ ડીગ્રીનો, જ્યારે ૧૫.૬ ડીગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૦.૯ ડીગ્રીનો વધારો થયો હતો. રાજયમાંથી અન્યત્ર ગાંધીનગરમાં ૧૪, દીવમાં ૧૬.૪, વડોદરા-સુરેન્દ્રનગરમાં ૧૬.૮, ભુજમાં ૧૭, ભાવનગરમાં ૧૯.૫, સુરતમાં ૧૯.૬ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. ગુજરાતમાં ધીરે ધીરે ઠંડીનું પ્રમાણ ઘટી રહ્યું છે અને ગરમીમાં વધારો અનુભવાઈ રહ્યો છે.

# ગુજરાતની રાજ્યસભાની બે બેઠકો માટે ભાજપના ઉમેદવારો જાહેર

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ,તા.૧૬

ગુજરાતમાં રાજ્યસભાની ખાલી પડેલી બે બેઠકો માટે ભાજપે આજે ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. જેમાં ભાજપે બે નવા ચહેરા રામ મોકરિયા અને દિનેશ પ્રજાપતિને ટિકિટ આપી છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા અહેમદભાઇ પટેલ અને ભાજપના સિનિયર નેતા અભયભાઇ ભારદ્વાજના નિધનથી ખાલી પડેલી રાજ્યસભાની બે બેઠકો માટે આગામી ૧લી માર્ચના રોજ મતદાન યોજાવાનું છે. જેમાં બન્ને બેઠકો માટે અલગ અલગ બેલેટ પર મતદાન થવાનું હોવાથી ભાજપની જીત નિશ્ચિત છે તો બીજી બાજુ રાજ્યસભાની બે બેઠકો પર કોંગ્રેસે તેના ઉમેદવાર નહીં ઉતારવાનો નિર્ણય લીધો છે. જેથી રાજ્યસભાની આ બન્ને બેઠકો બિન હરીફ ભાજપને ફાળે જાય તેમ છે.




મહત્વનું છે કે, ગુજરાતમાં રાજ્યસભાની ૧૧ બેઠકો પૈકી ૨ બેઠકો ખાલી પડતા ગત ૧૧મી ફેબ્રુઆરીએ રાજ્યસભાની આ બે બેઠકો માટેની પેટાચૂંટણી માટે જાહેરનામું પ્રસિદ્ધ થતાની સાથે જ ઉમેદવારી ફોર્મ ભરવાનો પ્રારંભ થઇ ચૂક્યો છે અને આગામી ૧૮ ફેબ્રુઆરી ઉમેદવારી ફોર્મ ભરવાની આખરી તારીખ છે. આ સંજોગોમાં ભાજપે આજરોજ રાજ્યસભાની બે બેઠકો માટેના ઉમેદવારના નામ જાહેર કર્યા છે. જો બન્ને બેઠકો માટે એક સાથે મતદાન યોજાત તો વિધાનસભામાં સભ્યસંખ્યા બળના આધારે ભાજપને એક અને કોંગ્રેસને એક બેઠક પ્રાપ્ત થાત પરંતુ ચૂંટણી પંચ દ્વારા બન્ને બેઠકો માટે અલગ અલગ બેલેટ પેપર પર મતદાન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો જેના પગલે ભાજપની જીત નિશ્ચિત થવા પામી છે.

## કોંગ્રેસ ઉમેદવાર નહીં ઊભા રાખે

ભાજપ દ્વારા જાહેર કરાયેલા રાજ્યસભાના ઉમેદવારોમાં રામભાઇ મોકરિયા સૌરાષ્ટ્રના રાજકોટના અને બીજા દિનેશભાઇ પ્રજાપતિ ઉત્તર ગુજરાતના ડીસાના છે. મૂળ પોરબંદરના રામભાઇ મારૂતિ કુરિયરના માલિક છે. તા.૧-૬-૧૯૫૭માં જન્મેલા ખેડૂત પુત્ર અને વેપારી એવા રામભાઇ સૌરાષ્ટ્ર-કચ્છમાં ઉદ્યોગ-વ્યાપાર સાથે જોડાયેલા છે. રામભાઇનું નામ જાહેર થતાં જ રામભાઇના ઘરે શુભેચ્છા આપવા લોકોનો ધસારો જોવા મળ્યો હતો. રામભાઇ ૧૯૭૬માં વિદ્યાર્થી પરિષદ બાદ ૧૯૭૮માં જનસંઘ અને પછી ભાજપમાં જોડાયા હતા. ૧૯૮૯માં નગરપાલિકામાં કાઉન્સિલર બનવાની સાથે ભાજપના પ્રદેશ કારોબારી સભ્ય પણ તેઓ રહી ચૂક્યા છે. પોરબંદર ભાજપમાં અનેક હોદ્દાઓ પર રહી ચૂકેલા રામભાઇએ પ્રથમ ટ્રાવેલ્સના વ્યવસાય સાથે ૧૯૮૫માં મારૂતિ કુરિયરની શરૂઆત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રિય ગૃહપ્રધાન અમિત શાહ સાથે સારા સંબંધો ધરાવતા રામભાઇ મુખ્યપ્રધાન વિજયભાઇ રૂપાણી સાથે પણ અંગત સંબંધો ધરાવે છે.

જ્યારે રાજ્યસભાના બીજા ઉમેદવાર દિનેશ પ્રજાપતિ ઓબીસી ચહેરો છે, તેઓ બનાસકાંઠામાંથી આવે છે. તેઓ જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી, જિલ્લા ભાજપ પૂર્વ યુવા

(અનુસંધાન સાતમા પાને)

# મુખ્યમંત્રીની તબિયતમાં સુધારો નોંધાયો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ,તા.૧૬

ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણીનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતાં તેમને સારવાર માટે યુએન મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આજે મુખ્યપ્રધાન વિજય રૂપાણીને રેમડીસીવર ઈન્જેક્શન આપવામાં આવ્યું હતું. સીટી સ્કેન બાદ વાયરસનો લોડ વધવાના કારણે ઈન્જેક્શન અપાયું છે.

મુખ્યપ્રધાન વિજય રૂપાણીની તબિયતમાં સુધાર થઈ રહ્યો હોવાનો સુત્રોનો દાવો છે. ઝડપથી રિકવરી આવે તે માટે રેમડીસીવર ઈન્જેક્શનનો કોર્સ કરવા નિર્ણય લેવાયો છે. ૧૦ સિનિયર તબીબોની ટીમ દ્વારા સીએમની સારવાર કરાઈ રહી છે.



મહત્વનું છે કે, ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણીનો કોરોનાનો આરટી-પીસીઆર ટેસ્ટ રવિવારે પોઝિટિવ આવ્યો હતો. મુખ્યપ્રધાન વિજય રૂપાણીની સાથે પાર્લામેન્ટ્રીમાં પણ કોરોના વિસ્ફોટ થયો હતો. ભાજપના બે દિગ્ગજ નેતાઓ કોરોના સંક્રમિત થયા હતા. ભાજપના સંગઠન મહામંત્રી ભીખુ દલસાણીયા અને કચ્છના સાસંદ વિનોદ ચાવડા પણ કોરોના સંક્રમિત હોવાનું સામે આવ્યું છે. વિજય રૂપાણીએ પોઝિટિવ આવ્યા બાદ તેમના સંપર્કમાં આવેલા લોકોને કોરોના ટેસ્ટ કરાવવા માટે સલાહ આપી હતી. વિજય રૂપાણીએ ટ્વીટ કરીને સોમવારે કહ્યું હતું કે, મારો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવેલ છે. તબિયત સારી છે ઝડપથી સારવાર થઈ રહી છે. છેલ્લા થોડા દિવસોમાં મારા સંપર્કમાં આવેલા લોકોને અપીલ કરું છું કે તેઓ પણ સ્વેચ્છાએ સાવચેતીના ભાગ રૂપે કોવિડ ટેસ્ટ

(અનુસંધાન સાતમા પાને)

## રેમડીસીવર ઈન્જેક્શન આપવામાં આવ્યું: પૂર્વ કેન્દ્રીય મંત્રી ભાભોર કોરોના પોઝિટિવઃ નાયબ મુખ્યમંત્રીનો રિપોર્ટ નેગેટિવ

## કોંગ્રેસના ત્રણ ઉમેદવારોના ફોર્મ રદ થતાં હાઈકોર્ટની અરજી ફગાવાઈ

અમદાવાદ,તા.૧૬

અમદાવાદ અને ભાવનગરમાં કોંગ્રેસના ત્રણ ઉમેદવારોના ફોર્મ રદ થતાં હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. આ ત્રણેય ઉમેદવારોની અરજી હાઈકોર્ટે ફગાવી દીધી હતી.

આ અરજીઓને લઈને એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે હાલમાં ચૂંટણી પ્રક્રિયા ચાલુ હોવાથી અરજીઓ ટકી શકે નહીં, અરજદાર ઈચ્છે તો ચૂંટણી બાદ ઈલેક્શન પીટીશન કરી શકશે. કોંગ્રેસના દિનેશ પરમાર, દેવલબેન ચાવડા અને શિલ્પાબેન રાણાની અરજીઓ હાઈકોર્ટે ફગાવી દીધી છે.

બીજા કિસ્સામાં ઉમેદવારના ટેકેદારોને પ્રવેશ નહીં મળતાં ટેકેદારની સહી બાકી હોવાથી ઉમેદવારી ફોર્મ રદ થયું હતું. જ્યારે ત્રીજા કિસ્સામાં સોગંદનામું નિર્દિષ્ટ ફોર્મેટમાં નહીં હોવાના કારણે ઉમેદવારનું ફોર્મ રદ થયું હતું.

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે કુલ ૨૧૯ બેઠકો બિનહરિફ મેળવી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ,તા.૧૬

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને આડે હવે ગણતરીના દિવસો બાકી છે. આ સ્થિતિ વચ્ચે ભાજપ સહિતના પક્ષોએ તોડજોડની રાજનીતિ અપનાવી છે જેને લઇને કોંગ્રેસના અનેક ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે જ્યારે ભાજપ ચૂંટણી પહેલા જ ભગવો લહેરાવવામાં સફળ રહ્યું છે. આમ ગુજરાતમાં ભાજપ ૨૧૯ બેઠકો બિનહરીફ મેળવવામાં સફળ રહ્યું છે. આ બેઠકોમાં ૨૪ જિલ્લા પંચાયતની બેઠક, ૧૧૦ તાલુકા પંચાયતની બેઠક, ૮૫ નગરપાલિકાની બેઠક બિનહરીફ મેળવી છે. જેમાં નાયબ મુખ્યપ્રધાન નીતિનભાઈ પટેલની કર્મભૂમિ એવા કડીમાં નગરપાલિકાની ૩૬ બેઠક માંથી ૨૬ બેઠક બિનહરીફ મેળવી નગરપાલિકા પર ભાજપનું શાસન પ્રાપ્ત કર્યું છે. એ જ રીતે કોંગ્રેસના બોલકા ધારાસભ્ય પૂંજાભાઇ વંશના હોમટાઉન ઉના નગરપાલિકાની ૩૬ બેઠકોમાંથી ૨૧ બેઠકો બિનહરીફ મેળવીને ઉના નગરપાલિકા પર ભાજપનો ભગવો લહેરાયો છે. આમ ૮૧ નગરપાલિકાની ૨૮ ફેબ્રુઆરીના રોજ યોજાનારી ચૂંટણી પહેલા ભાજપે ૨ નગરપાલિકા પર સત્તા મેળવી લીધી છે. હવે ૭૯ નગરપાલિકા પર ભાજપ, કોંગ્રેસ અને અન્ય પાર્ટીઓ વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે.

નોંધનીય બાબત એ છે કે, સ્થાનિક ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગીમાં કોંગ્રેસ પાર્ટીમાં ધમાસાણ ચાલી રહ્યું હતું. વિવિધ જિલ્લા અને તાલુકામાં કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓ પાર્ટીમાંથી રાજીનામું આપ્યા હતા. કેટલીક પાલિકા અને પંચાયતમાં કોંગ્રેસ પાસે પુરતા ઉમેદવારો પણ ન હતા. પાર્ટીએ નવા પસંદ કરેલા ઉમેદવારો પાસે સમયનો અભાવ હોવાથી તેમને તાલીમ આપ્યાં પહેલાં ફોર્મ ભર્યા છે અને ધીમે ધીમે રદ્દ થઇ રહ્યાં છે. છેલ્લા દિવસે ફોર્મ ભરવાથી પાર્ટીના ઉમેદવારો ચૂંટણી લડ્યા વિના ઘરે ગયા છે. કોંગ્રેસ પાર્ટીના એક સિનિયર નેતાએ કહ્યું હતું કે કોંગ્રેસમાં ઉમેદવારોને પાર્ટીના સિનિયર નેતાઓ તેમજ નિષ્ણાંતોનું માર્ગદર્શન મળતું નથી તેથી છેલ્લી ઘડીએ ઉમેદવારોના ફોર્મ રદ્દ થઇ રહ્યાં છે. પાર્ટીમાં ઉમેદવાર તાલીમનો અભાવ છે.

ભાજપ દ્વારા જિલ્લા પંચાયતની જે ૨૪ બેઠકો બિનહરીફ જીતી છે તેમાં વલસાડ જિલ્લા પંચાયતની છરવાડા, સુરત જિલ્લા પંચાયતની કામરેજ અને પિંજરત, ભરૂચ જિલ્લા પંચાયતની હાસોટ, પંચમહાલ જિલ્લા પંચાયતની અણિયાદ, દલવાડા, કણજરી, કાનપુર અને નાદરવા, અમદાવાદ જિલ્લા પંચાયતની ભૂવાલડી, કાસીન્દ્રા અને સીંગરવા, મહેસાણા જિલ્લા પંચાયતની નંદાસણ, દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની બરડિયા, જૂનાગઢ જિલ્લા પંચાયતની બિલખા, બોટાદ જિલ્લા પંચાયતની ઢસા, ગુદાળા, લાખેણી, લાઠીદડ, નાગનેશ, રાણપુર અને તુરખા જ્યારે સુરેન્દ્ર જિલ્લા પંચાયતની કોઢ અને ઉમરડાનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપે જે ૧૧૦ તાલુકા પંચાયત બેઠકની ચૂંટણી બિનહરીફ પ્રાપ્ત કરી છે તેમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં ભૂજ તાલુકા પંચાયતની ડગાળા, માનકૂવા-૨ અને સરાડા, ગાંધીધામ તાલુકા પંચાયતની અંતરજાળ-૧, જામજોધપુર તાલુકા પંચાયતની વાસજાળીયા, દ્વારકા તાલુકા પંચાયતની ઘાસણવેલ, મીઠાપુર-૨, પોશીત્રા અને ટુંપણી, જામકંડોરણા તાલુકા પંચાયતની બરડિયા, ચાવડી અને જસાપર,

(અનુસંધાન સાતમા પાને)

# રાજ્યના ૧૧ જિલ્લામાં કોરોનાના એક પણ કેસ નહીંઃ ૨૬૩ નવા દર્દી

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતમાં કોરોના હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો છે. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતિ ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ની નીચે આવ્યો છે. તો કોરોના સિટી તરીકે ઓળખાતા અમદાવાદમાં ૧૦૦થી નીચે કેસ આવ્યા છે. આજે રાજ્યમાં નવા ૨૬૩ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૨૭૧ નવા દર્દીઓ સાજા થઇને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૫૯,૬૫૫ દર્દીઓ સાજા થઇ ચુક્યા છે. આજે એક દિવસમાં ૩૫૫ કેન્દ્રો પર ૫,૨૯૩ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું. આ પ્રકારે કુલ ૮,૦૧,૯૧૨ વ્યક્તિઓનું રસીકરણ પુર્ણ થયું છે. જો કે હજી સુધી એક પણ વ્યક્તિને રસીની આડઅસર જોવા નથી મળી.



રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૭.૭૦ ટકા થઇ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. જો કે આશ્ચર્યજનક રીતે કેટલા ટેસ્ટ કરવામાં આવ્યા તે અગાઉ આંકડો દર્શાવાતો હતો. જે હવે બંધ કરી દેવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર પર ટેસ્ટિંગ ઘટાડીને કેસ ઘટાડવામાં આવી રહ્યા હોવાનાં આરોપો લાગતા રહ્યા છે. તેવામાં ટેસ્ટિંગની સંખ્યા દેખાડવાનું બંધ કરી દેવાતા અનેક તર્ક વિતર્કો થઇ રહ્યા છે. તો બીજી તરફ કેટલા લોકોને ક્વોરન્ટાઇન કર્યા તે અંગેની માહિતી પણ આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે. બીજી તરફ રાજયમાં આજે અરવલ્લી, બનાસકાંઠા, ભાવનગર, બોટાદ, દાહોદ, ડાંગ, નર્મદા, નવસારી, પોરબંદર, સુરેન્દ્રનગર અને વલસાડ એમ કુલ ૧૧ જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧,૬૯૯ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૩૦ છે. જ્યારે ૧,૬૬૯ લોકો સ્ટેબલ છે. ૨,૫૯,૬૫૫ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૪૦૨ લોકોનાં મોત નિપજ્યા છે. આજે કોરોનાના કારણે અમદાવાદ કોર્પોરેશનમાં ૦૧ વ્યક્તિનું મોત થયું છે.

## અમદાવાદના પૂર્વ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

# સાસરિયાએ દહેજની માગણી કરતા મહિલાએ ફરિયાદ કરી

અમદાવાદ,તા.૧૬

આજે પણ આપણા સમાજમાં કેટલાક દહેજના ભૂખ્યા માણસો હોય તેવા અનેક કિસ્સાઓ સામે આવી રહ્યા છે. કારણકે, છેલ્લા કેટલાક સમયથી દહેજ મેળવવાની લાલસામાં સાસરિયાઓ શારીરિક અને માનસિક ત્રાસની હદ વટાવતી અનેક ફરિયાદો જોવા મળી છે. ત્યારે અમદાવાદના પૂર્વ મહિલા પોલીસ સ્ટેશનમાં આવી વધુ એક ફરિયાદ દાખલ થઇ છે. દીકરાની ઘેલછા અને દહેજ ભૂખ્યા સાસરિયાઓએ પરિણીતા પર ત્રાસ ગુજારતા પરિણીતાએ પોલીસ ફરિયાદ દાખલ કરાવી છે. પરિણીતાનો આરોપ છે કે, લગ્નના ત્રણ મહિના સુધી તેને તેના સાસરિયાઓએ સારી રીતે રાખેલ હતી. બાદમાં દહેજના નામે ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. લગ્ન વખતે તેના પિતાએ તેને બધી વસ્તુઓ સાથે લાખનું સોનું આપ્યું હતું અને તેના પતિને ધંધો કરવા માટે રૂપિયા ૧૫ લાખ રૂપિયા પણ આપ્યા હતા. જ્યારે લગ્ન બાદ પરિણીતાએ નોકરી કરવાની ના કહી હોવા છતાં તેને નોકરી કરાવતા હતા અને તેનો પગાર લેવા માટે તેનો પતિ તેની સાથે મારઝૂડ કરતો હતો. લગ્ન બાદ પ્રથમ રક્ષાબંધને જયારે પરિણીતા તેના પિયરમાં આવી ત્યારે તેના સાસુ અને નણંદએ તેને કહ્યું હતું કે, તારા પિતાએ એક દસ બાર લાખની કાર આપવાનું કહ્યું હતું જે લઈને આવજે. જે અંગેની જાણ પરિણીતાએ તેના પતિને કરતા તેના પતિએ કહ્યું હતું કે જો તારા પિતા ફોર્ચ્યુનર કારમાં ફરે છે તો મને કેમ લઈ નહિ આપે. તેમ કહીને તેની સાથે ઝઘડો કરી મારઝૂડ કરી હતી. આ વખતે પણ મહિલા તેના પિતા પાસે થી રૂપિયા ૫૦ હજાર લઈ જઈને તેના સાસુ અને નણંદને આપ્યા હતાં. એટલું જ નહી પરિણીતા જયારે ઘરમાં એકલી હોય ત્યારે તેના નણંદોઈ તેની સાથે શારીરિક અડપલા કરતા અને અશ્લીલ વાતો કરતા હતા. જો કે તેની આ હરકતો વધી જતા પરિણીતાએ સમગ્ર બાબતની જાણ તેના પતિને કરી હતી. જોકે તેના પતિએ તેને કહ્યું હતું કે, આ બાબતની જાણ કોઈને કરીશ નહિ, નહિ તો તને ઘરમાં નહી રહેવા દે. જયારે મહિલા ગર્ભવતી થતાં તેના સાસુ એ કહ્યું કે, જો દીકરાનો જન્મ થાય તો જ આ ઘરમાં આવજે, નહિ તો અમારા ઘરમાં આવીશ નહિ. પરિણીતાએ દીકરીને જન્મ આપતા તેના પતિ તેની ખબર પૂછવા માટે આવ્યા હતા અને આ વખતે તેમને પરિણીતાની માતાને કહેલ કે તમારી દીકરીને કરાવવું હોય તો રૂપિયા ૨૦ લાખ મોકલી આપજો. ત્યારબાદ પરિણીતાએ તેના પતિનો એક બે વાર સંપર્ક કર્યો હતો. પરંતુ કોઈ જવાબ મળ્યો નહિ. જેથી પરિણીતાએ પોલીસને જાણ કરતા પોલીસે તેના પતિ, સાસુ, નણંદ અને નણંદોઈ વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

# ગોધરા કાંડ : ૧૯ વર્ષથી નાસતો ફરતો મુખ્ય આરોપી ઝડપાયો

પંચમહાલ,તા.૧૬

ગોધરા સાબરમતી રેલવે હત્યાંકાડના ગુનામાં ૧૯ વર્ષથી નાસતા ફરતા મુખ્ય આરોપીને ગોધરા એસઓજી બ્રાન્ચે તેના ગોધરા સ્થિત ઘરેથી ઝડપી પાડ્યો છે. ગોધરા સાબરમતી રેલવે હત્યાકાંડના ગુનાનો નાસતો ફરતો મુખ્ય આરોપી રફીક હુસેન ભટુક થોડા દિવસ અગાઉ તેના ઘરે આવીને છૂપાઈ રહ્યો હોવાની બાતમી મળી હતી. જેના આધારે એસઓજી શાખાના તથા ગોધરા ટાઉન બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ટીમે તેના ઘરે જઈ તપાસ કરતા આરોપી મળી આવ્યો હતો. ગોધરા રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક દ્વારા હાલ વિવિધ ગુનામાં નાસતા ફરતા આરોપી પકડી કાર્યવાહી કરવા ખાસ ડ્રાઇવ યોજવામાં આવી છે. સુચના અન્વયે પંચમહાલ જિલ્લાના પોલીસ અધિક્ષક ડૉ. લીના પાટીલે નાસતા ફરતા આરોપીઓને પકડી લેવા સંલગ્ન પોલીસ મથકો અને શાખાને ખાસ સૂચના આપી છે. જે અન્વયે ગોધરા એસઓજી પીઆઇ એમપી પંડયા અને ટીમે પણ કાર્યવાહી શરૂ કરી છે. દરમિયાન એસઓજી પીઆઇને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે સાબરમતી રેલવેકાંડના ગોધરા રેલવે પોલીસ મથકે નોંધાયેલા ગુનામાં ૧૯ વર્ષથી નાસતો ફરતો આરોપી રફીક ભટુક તેના ઘરે આવ્યો છે. જે બાદમાં એસઓજી અને ગોધરા બી ડીવીઝન પોલીસ ટીમ દ્વારા ગોધરા સાબરમતી રેલવે હત્યાકાંડના ગુનામાં નાસતો ફરતો મુખ્ય આરોપી રફીક હુસેન ભટુક (રહે. મોહમદી મહોલ્લા, સુલતાન ફળીયા)ની બાતમીના સ્થળે તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન રફીક હુસેન ભટુક તેના ઘરેથી મળી આવ્યો હતો. પોલીસે તેને

(અનુસંધાન સાતમા પાને)

પ્રાર્થનાસભા



સ્વ. મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલ ની
૨૭મી પુણ્યતિથિ નિમિત્તે

તારીખ : ૧૭-૦૨-૨૦૨૧ સમય : સવારે ૮.૩૦ થી ૯.૩૦
સ્થળ : નર્મદા ઘાટ સરીતા ઉદ્યાન પાસે, ગાંધીનગર

* સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ
* સરદાર વલ્લભભાઈ સહકારી બેંક

આપને ઉપસ્થિત રહેવા નિમંત્રણ

| | | |
|---|---|---|
| સિદ્ધાર્થ પટેલ | સુહૃદ પટેલ | સુજાતા શાહ |
| ડૉ. વિરાજ પટેલ | પ્રિતી પટેલ | વિવેક શાહ |

Printed and Published by Ashish Kothari on behalf of Prabhat News Papers Pvt. Ltd., Printed at Kothari Printers, 1, R. K. Kothari Estate, Ranipur Bus Stop, Narol, Ahmedabad, Publieshed from, 704, Aditya, Mithakhali Six Roads, Ahmedabad. Editor : Ashish Kothari, Phone : 079-26404988, 26404989, Fax : 079-26408631 email : news@theprabhat.com